(ઈન્ટરવલ પૂર્તિ)
203 વર્ષ
# દૈનિક મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957
બુધવાર, ૩૦ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 101 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ વૈશાખ સુદ-૩ ■ મુંબઈ
■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com
■ 30 April 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે સેન્સેક્સ-નિફ્ટીમાં સાધારણ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રવર્તમાન રાજકીય-ભૌગોલિક તણાવ વચ્ચે આજે રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાથી આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે સાધારણે ૭૦.૦૧ પૉઈન્ટ અને ૭.૪૫ પૉઈન્ટના સુધારા સાથે બંધ રહ્યો હતો. આમ એકંદરે આજે સતત બીજા સત્રમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હતું. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી જળવાઈ રહી હોવાના નિર્દેશ ઉપરાંત રિલાયન્સ, ઈન્ફોસિસ અને ટીસીએસ જેવી બ્લ્યુચીપ કંપનીઓમાં રોકાણકારોની લેવાલીનો પણ બજારના સુધારાને ટેકો મળ્યો હતો.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૦,૨૧૮.૩૭ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૦,૩૯૬.૯૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૦,૧૨૨.૦૨ અને ઉપરમાં ૮૦,૬૬૧.૩૧ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૭૦.૦૧ પૉઈન્ટ અથવા તો ૦.૦૯ ટકા વધીને ૮૦,૨૮૮.૩૮ની સપાટીએ બંધ રહ્યો હતો. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ ખાતે કુલ ૪૦૫૪ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૮૩૦ શૅરના ભાવ વધીને, ૨૦૯૫ શૅરના ભાવ ઘટીને અને ૧૨૯ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. વધુમાં આજે ૬૪ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૩૩ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. તેમ જ આજે ૧૦ શૅરના ભાવમાં ઉપરની સર્કિટ અને સાત શૅરના ભાવમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૩૨૮.૫૦ના બંધ સામે ૨૪,૩૭૦.૭૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૨૯૦.૭૫ અને ઉપરમાં ૨૪,૪૫૭.૬૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાધારણ ૭.૪૫ પૉઈન્ટ અથવા તો ૦.૦૩ ટકાના સુધારા સાથે ૨૪,૩૩૫.૯૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

ગઈકાલે એકંદરે બજારમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યા બાદ આજે સેન્સેક્સ અને નિફ્ટી કોન્સોલિડેટ થઈને બેતરફી વધઘટે અથડાઈને સાધારણ સુધારા સાથે બંધ રહ્યા હતા. આજે સત્રના આરંભે બજાર સુધારાના અન્ડરટોને ખૂલ્યા બાદ સુધારો જળવાઈ નહોતો રહ્યો અને ત્યાર બાદ બજાર રેન્જ બાઉન્ડ જ રહી હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝનાં ટેક્નિકલ રિસર્ચ એનાલિસ્ટ નાગરાજ શેટ્ટીએ જણાવ્યું હતું.

તાજેતરમાં ભારત-પાક વચ્ચેની તણાવની સ્થિતિને ધ્યાનમાં લેતા આજે રોકાણકારોએ સાવચેતીનું વલણ અપનાવ્યું હોવાથી તેમ જ તાજેતરમાં જાહેર થઈ રહેલા ગત નાણાકીય વર્ષ ૨૦૨૫નાં ચોથા ત્રિમાસિકગાળાના પરિણામો મિશ્ર આવી રહ્યા હોવાથી બજાર રેન્જ બાઉન્ડ રહી હતી. જોકે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોના જળવાઈ રહેલા આંતરપ્રવાહનો બજારને ટેકો મળતાં સુધારો જોવા મળ્યો હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

વધુમાં રેલિગેર બ્રોકિંગ લિ.નાં રિસર્ચ વિભાગના પ્રમુખ અજિત મિશ્રાએ જણાવ્યું હતું કે સ્થાનિક તેમ જ વૈશ્વિક સ્તરના નક્કર પરિબળોના અભાવે આજે બજારમાં નિરસતા રહી હતી અને સાંકડી વધઘટે અથડાઈ ગઈ હતી. તેમ જ ભારત-પાક વચ્ચેના તણાવને કારણે પણ રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે પાકિસ્તાની સેનાએ ગઈકાલે જમ્મુ અને કાશ્મીરમાં જમ્મુના અખનૂર જિલ્લામાં સરહદે સતત પાંચમાં સત્રમાં શાંતિનો ભંગ કર્યો હોવાના અહેવાલને કારણે બજારમાં રાજકીય-ભૌગોલિક તણાવની ચિંતા સપાટી પર રહી હતી.

દરમિયાન આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૪ શૅરના ભાવ વધીને અને ૧૬ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં સૌથી વધુ ૨.૩૨ ટકાનો ઉછાળો રિલાયન્સમાં નોંધાયો હતો. ત્યાર બાદ અનુક્રમે ટેક મહિન્દ્રામાં ૨.૧૪ ટકાનો, ઈટર્નલમાં ૧.૭૨ ટકાનો, એચસીએલ ટેક્નોલૉજિસમાં ૧.૪૨ ટકાનો, ઈન્ફોસિસમાં ૧.૦૩ ટકાનો અને ઈન્ડ્સઈન્ડ બૅન્કમાં ૦.૮૨ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં સનફાર્મામાં ૨.૦૧ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૧.૯૯ ટકાનો, પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૧.૭૫ ટકાનો, એનટીપીસીમાં ૧.૦૯ ટકાનો, કોટક મહિન્દ્રા બૅન્કમાં ૦.૯૩ ટકાનો અને સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૦.૭૨ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૨૩ ટકાનો અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૦૯ ટકાનો સાધારણ સુધારો નોંધાયો હતો.

આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૧.૨૩ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૧.૧૩ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૦.૯૪ ટકાનો, ટેક્નોલૉજી ઈન્ડેક્સમાં ૦.૭૬ ટકાનો, ઈન્ડસ્ટ્રીયલ ઈન્ડેક્સમાં ૦.૭૦ ટકાનો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૬૦ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મેટલ, યુટિલિટી, કૉમોડિટીઝ, ટેલિકોમ્યુનિકેશન્સ, સર્વિસીસ, બૅન્કેક્સ અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ઈન્ડેક્સમાં પીછેહઠ જોવા મળી હતી. આજે એશિયાના બજારોમાં દક્ષિણ કોરિયા અને હૉંગકોંગની બજારમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, યારે શંઘાઈની બજાર સાધારણ નરમાઈ સાથે બંધ રહી હતી. તેમ જ આજે મધ્યસત્ર દરમિયાન યુરોપના બજારોમાં પણ સુધારો જોવા મળ્યો હતો. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૫૯ ટકા ઘટીને બેરલદીઠ ૬૪.૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

# મલયેશિયા પાછળ દેશી - આયાતી તેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૬૪ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૫ રિંગિટનો ઘટાડો આવ્યાના નિર્દેશ ઉપરાંત હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર નિરસ રહ્યા હોવાથી દેશી-આયાતી તેલના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. ૧૫નો, કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો અને આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો અને માત્ર સિંગતેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે ગોંડલ મથકે મગફળીની ૬૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૬૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે આજે ૫૦૦૦ ગૂણીની આવક ઉપરાંત ગઈકાલની શેષ ૪૦૦૦ ગૂણીની આવક સહિત કુલ ૯૦૦૦ ગૂણીની ઉપલબ્ધિ સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૫૦માં થયા હતા.

વધુમાં આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦ના મથાળે ક્વૉટ થઈ રહ્યા હતા. આ સિવાય આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં અલાનાના રૂ. ૧૨૩૫, ગોલ્ડન એગ્રીના રૂ. ૧૨૩૦થી ૧૨૪૦, રૂચીના જૂન ડિલિવરી શરતે રૂ. ૧૨૨૦, એએનએના રૂ. ૧૨૪૫ અને ઈમામીના રૂ. ૧૨૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૫, સિંગતેલના રૂ. ૧૩૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સરસવના રૂ. ૧૩૪૫ના મથાળે રહ્યા હતા.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૦ના સુધારા સાથે રૂ. ૩૮૦૦થી ૩૮૫૦ના મથાળે થયા હોવાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫નો સુધારો નોંધાયો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો તેમ જ રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ મર્યાદિત રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૬થી ૩૯૭૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તથા અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૦૦૨થી ૪૦૬૨માં થયા હતા.

# વિશ્વ બજારથી વિપરીત સોનું ₹ ૯૦૩ ઝળક્યું, ચાંદીમાં ₹ ૯૬૪નો સુધારો

## અમેરિકાની પહેલી ટ્રેડ ડીલ ભારત સાથે થવાની શક્યતાઃ અમેરિકી ટ્રેઝરી સચિવ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ ખાતે ગઈકાલે સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી જોવા મળેલો સુધારો આજે લંડન ખાતે જોવા નહોતો મળ્યો. ખાસ કરીને વેપારને લગતા તણાવમાં ઘટાડો થવાથી સલામતી માટેની માગ ઓસરી જતા સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે અમેરિકી ટ્રેઝરી સચિવ સ્કોટ બૅસન્ટે અમેરિકાની પહેલી ટ્રેડ ડીલ ભારત સાથે થવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. એકંદરે આજે વિશ્વ બજારમાં સોના-ચાંદીમાં નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૦૦થી ૯૦૩નો ઉછાળો આવ્યો હતો, જેમાં શુદ્ધ સોનાએ ફરીથી રૂ. ૯૬,૦૦૦ની સપાટી કુદાવી હતી, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૯૬૪નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, પરંતુ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૯૬૪ના સુધારા સાથે રૂ.૯૭,૩૯૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં વિશ્વ બજારથી વિપરીત ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૦૦ વધીને રૂ. ૯૫,૬૨૭ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૯૦૩ વધીને રૂ. ૯૬,૦૧૧ના મથાળે રહ્યા હતા. જોકે, વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો તેમ જ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ રહી હતી, પરંતુ આવતીકાલે અક્ષયતૃતીયાનાં સપરમાં દહાડે માગ ખુલવાનો આશાવાદ સેવાઈ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવમાં ઘટચાં મથાળેથી જોવા મળેલો સુધારો ક્ષણભંગુર નિવડતા આજે લંડન ખાતે સત્રના આરંભે મુખ્યત્વે વેપારને લગતાં પરિબળોનાં તણાવ હળવા થવાના સંકેતો મળ્યા હોવાથી નરમાઈનું વલણ જોવા મળ્યું હોવાનું આઈજી માર્કેટનાં સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવતા ઉમેર્યું હતું કે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૧૪.૫૨ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા ઘટીને ૩૩૨૪.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ૩૩.૨૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. દરમિયાન ગઈકાલે અમેરિકી ટ્રેઝરી સચિવ સ્કોટ બૅસેન્ટે જણાવ્યું હતું કે અમેરિકી ઊંચા ટૅરિફ ટાળવા માટે ઘણાં વેપાર ભાગીદાર દેશો સાથે વાટાઘાટો ચાલી રહી છે અને તેમાં પ્રગતિ પણ જોવા મળી રહી છે. તેમણે ભારત સાથે પહેલી ડીલ થવાની શક્યતા વ્યક્ત કરી હતી. ચીને અમુક અમેરિકી ઉત્પાદનોને ટૅરિફમાંથી મુક્તિ આપવા લીધેલું પગલું વેપારી તણાવ હળવો થવાના સંકેતો આપે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર પણ સ્થાનિકમાં ઉત્પાદિત થતી કાર માટે થતી આયાત સામેની ટૅરિફમાં ઘટાડો કરશે, જોકે, રૉઈટર્સનાં સર્વેક્ષણ અનુસાર ટ્રમ્પની ટૅરિફને કારણે વેપારોનું સેન્ટિમેન્ટ ડહોળાયું હોવાથી ઘણાં અર્થશાસ્ત્રીઓએ વૈશ્વિક અર્થતંત્રો મંદીની ગર્તામાં સરી જાય તેવી ભીતિ વ્યક્ત કરી રહ્યા છે.

સામાન્યપણે રાજકીય અને નાણાકીય અસ્થિરતાના સંજોગોમાં સોનામાં સલામતી માટેની માગ રહેતી હોય છે. આથી જ ગત સપ્તાહે અનિશ્ચિતતામાં વધારો થવાથી હાજરમાં એક તબક્કે સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૫૦૦.૦૫ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા હતા. જોકે, હાલના તબક્કે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાનાં જોબ ઓપનિંગ ડેટા ઉપરાંત આવતીકાલે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિર થઈ છે.

દૈનિક મુંબઈ સમાચાર (ઈન્ટરવલ પૂર્તિ) ★

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957

બુધવાર, ૩૦ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦

મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તકઃ ૨૦૪ ▪ Volume 68 ▪ Issue 101 ▪ વિક્રમ સંવત ૨૦૮૧ ▪ વૈશાખ સુદ-૩ ▪ મુંબઈ

▪ MUMBAI SAMACHAR ▪ www.bombaysamachar.com ▪ 30 April 2025, Wednesday ▪ REGD.No. MCS/058/2024-26

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



WE DELIVER WHAT IS PROMISE ! | WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES ! | ammpalholidays@gmail.com

Ammpal HOLIDAYS Dream. Explore. Discover.

MAGNIFICENT ICELAND!

10 DAYS OF MIND-BLOWING EXPERIENCE WITH AMIT SHAH.

REYKJAVIK | AKUREYRI | VIK
REYKHOLT | BORGANES | KEFLAVIK

TOUR DATES
OCT - 12TH | 24TH

BOOK BY 31ST MAY 2025
GET ₹20,000* OFF PER PERSON &
FREE 1 NIGHT RESORT STAY PER COUPLE!
Book Fast Ltd. Seats Available






• Flyover Iceland • Aurora Museum • Blue Lagoon Thermal Bath • Forest Lagoon • Whale Watching Tour • Glacier Cave Tour by Monster Truck • Plane Wreck • Jokulsarlon Glacier Lagoon Boat Ride • FREE Tomato Ice Cream & Tomato Cheese Cake During Farm Visit • Seljalandsfoss • Skogafoss • Black Sand Beach • Skaftafell National Park • Godafoss Waterfalls



*T&C APPLY.

Delic-ious Cuisines Veg & Jain meals | Tour Inclusive of Air Fare* | Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager | Sightseeing in Super Deluxe A/c Luxury Coaches | Stay at Luxury Hotels

AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages

For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820 | 8291099100



Suru Kirlian

Bio-Well

ધ્વનિ, સંગીત અને મંત્ર તમારી ઊર્જાની જગ્યા કેવી રીતે રૂપાંતરિત કરે છે?

jmshah.com

બાયો-કોર તમારી ઊર્જાની જગ્યાને વૈવિધ્યપૂર્ણ સ્પંદનાત્મક ઑડિયો રૂપે રૂપાંતરિત કરે છે, જે આંતરિક શાંતિ, ધ્યાન કેન્દ્રિત કરવું અને સારા સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે છે.



બાયો-કોરની મુખ્ય વિશેષતાઓ:

- તમારા બાયો-વેલ સ્કેનની માહિતીનો ઉપયોગ કરીને વ્યક્તિગત ફ્રીક્વન્સી ઑફ ધ્વનિ તૈયાર કરે છે.
- ચિંતાને ઘટાડે છે, ધ્યાનમાં સહારો આપે છે, અને ભાવનાત્મક સંતુલન સુધારે છે.
- પાણીને ઊર્જાવાન કરે છે.

ધ્વનિ, સંગીત અને મંત્રો એ શક્તિશાળી સાધનો છે જે કોઈપણ વાતાવરણની ઉર્જાને પરિવર્તિત કરી શકે છે, વધુ શાંતિપૂર્ણ, સંતુલિત અને ઉત્થાનકારી જગ્યા બનાવી શકે છે. કંપનશીલ આવર્તનો, ઉપચારાત્મક ધ્વનિઓ અને મંત્રો જેવા પવિત્ર મંત્રોચ્ચારની મદદથી આપણે નકારાત્મક ઉર્જાને દૂર કરી શકીએ છીએ, તણાવ ઘટાડી શકીએ છીએ અને ભાવનાત્મક અને આધ્યાત્મિક સુખાકારીમાં વધારો કરી શકીએ છીએ. મધુર સંગીત, ઘંટડીઓ વગાડવી, અથવા પુનરાવર્તિત મંત્રોચ્ચારના ધ્વનિ જગ્યાને શુદ્ધ અને ઉર્જાવાન બનાવી શકે છે, જેનાથી તે હળવી, શાંત અને વધુ સુમેળભરી લાગે છે. આ સરળ પ્રથાઓને રોજિંદા જીવનમાં એકીકૃત કરવાથી ફક્ત આપણી આસપાસના વાતાવરણમાં સુધારો થતો નથી પરંતુ આપણા એકંદર સ્વાસ્થ્ય અને આંતરિક સુમેળને પણ ટેકો મળે છે.

વધુ માહિતી માટે સ્કેન કરો

સંશોધકો, સુખાકારી કેન્દ્રો અને સર્વાંગી પ્રેક્ટિશનરો માટે યોગ્ય

સંપર્ક કરોઃ ફક્ત વોટ્સએપ દ્વારા +૯૧ ૯૮૨૧૦૫૫૨૧૬

SPC

# ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવથી ઈન્ટરનેશનલ ફ્લાઈટની ટિકિટના ભાવ આસમાને પહોંચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકી હુમલામાં ૨૬ લોકોનાં મોત બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ જોવા મળી રહ્યો છે. આ આતંકી હુમલા બાદ ફ્લાઈટની ટિકિટના ભાવ આસમાને પહોંચ્યા છે. અમદાવાદથી ઓપરેટ થતી ઇન્ટરનેશનલ ફ્લાઇટ જેમાં અમદાવાદથી સિંગાપોર જતી ફ્લાઇટનો ભાવ ૯૦૦૦, બેંગકોક ૧૪૮૦૦, કુઆલાલુમ્પુર ૧૩૪૦૦ છે. એ સિવાય પશ્ચિમ તરફ જતી ફ્લાઇટો, એટલે કે અમદાવાદથી લંડન જતી ફ્લાઇટની ટિકિટનો ભાવ ૬૪૦૦૦ અને દુબઇની ફ્લાઇટનો ભાવ ૧૬૩૦૦ થયો છે, જેમાં લગભગ ૨૦૦૦ આસપાસનો વધારો નોંધાયો છે.

પહલગામના હુમલા બાદ પાકિસ્તાને ભારતીય વિમાન કંપનીઓ માટે પોતાની એરસ્પેસ બંધ કરવાનો નિર્ણય લીધો છે, જેના કારણે એર ઇન્ડિયા, ઈન્ડિગો સિવાયની ઘણી એરલાઈન્સને મોટો ફટકો પડ્યો છે. પાકિસ્તાનના આ નિર્ણયથી ઉત્તર ભારતનાં અન્ય ક્ષેત્રો, જેવાં કે ઉત્તર અમેરિકા, બ્રિટન, યુરોપ અને મધ્યપૂર્વ તરફ જતી ફ્લાઇટ હવે અરબ સાગર પરથી લાંબો રૂટ લેશે. એના કારણે ફ્લાઇટનો સમય બેથી અઢી કલાક લંબાશે. ભારતીય હવાઈ માટે પાકિસ્તાની એરસ્પેસ બંધ થવાથી ખર્ચો પણ વધશે અને ફ્યૂઅલ પણ વધુ વપરાશે, સાથે ક્રૂના કામના કલાકો પણ વધશે, જેની સીધી અસર મુસાફરો પર પડશે. આ સિવાય પશ્ચિમ તરફ જતી લગભગ ૪૦૦થી ૫૦૦ ફ્લાઇટ પણ પ્રભાવિત થવાની સંભાવના છે. ડોમેસ્ટિક શ્રેણીમાં શ્રીનગરથી અમદાવાદ આવતી ફ્લાઈટના ભાવમાં વધારો થયો છે. ટિકિટના ભાવ રૂ. ૧૫ હજાર પાર પહોંચ્યા છે. અગાઉ ૨થી ૩ હજારમાં ટિકિટ મળતી હતી, જેની અત્યારે કિંમત ૧૫ હજાર પહોંચી છે. હવાઈ મુસાફરીના ભાવમાં ધરખમ વધારો થયો છે. એક તરફ જ્યાં પહલગામ આતંકી હુમલા બાદ લોકોમાં ભય છે. જમ્મુ-કાશ્મીર ફરવા ગયેલા લોકો પરત પોતાના વતન પહોંચવાના પ્રયાસ કરી રહ્યા છે, તેવામાં ફ્લાઈટના ભાવ આસમાને પહોંચી જતા લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે.

# સમગ્ર ગુજરાતમાં પરશુરામ જયંતીની સાદગીપૂર્ણ ઉજવણીઃ આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનાર લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભગવાન વિષ્ણુના દશાવતારો પૈકીના છઠ્ઠા અવતાર એવા ભગવાન પરશુરામના જન્મોત્સવની સમગ્ર ગુજરાતમાં સાદગીથી ઉજવણી કરવામાં આવી હતી. પહલગામ આતંકી હુમલાના કારણે કેટલાંક શહેરોમાં ભગવાન પરશુરામ જયંતી નિમિત્તે પરંપરાગત રીતે યોજાતી શોભાયાત્રા, મહાપ્રસાદ, આરતી વગેરેનાં આયોજનો મોકૂફ રખાયા હતા. રાજ્યના અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત, જામનગર, ભાવનગર સહિતના શહેરોમાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ જયંતીની સાદાઇથી ઉજવણી કરવામાં આવી હતી.

ભગવાન પરશુરામના જન્મોત્સવ નિમિત્તે સુરત શહેરમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રાહ્મણ સમાજ સુરત દ્વારા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરવામાં આવી હતી.

તે જ પ્રકારે રાજકોટ, ભાવનગર અને જામનગરમાં પણ બ્રહ્મ સમાજના લોકોએ સાદગીથી શોભાયાત્રા યોજી હતી, બાદમાં ભગવાન પરશુરામની આરતી અને મહાપ્રસાદ વહેંચ્યો હતો. બ્રાહ્મણોએ પહલગામમાં આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા લોકોના માનમાં મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પી હતી. તે ઉપરાંત સૌરાષ્ટ્રના ખંભાળીયા, જામજોધપુર અને કાલાવડમાં પણ ભગવાન પરશુરામના જન્મોત્સવની સાદગીભેર ઉજવણી કરવામાં આવી હતી. ધ્રોલ, જોડીયા, ભાણવડ, કલ્યાણપુર, લાલપુર સહિતના વિસ્તારોમાં પણ પૂજન વિધિ કરવામાં આવી હતી.

ઉત્તર ગુજરાતના વિસનગરના સેવાલિયા રોડ સ્થિત પિંડારીયા તળાવ ખાતે ભગવાન પરશુરામની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. પરશુરામદાદાની મૂર્તિને વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. ભૂદેવો દ્વારા વિષ્ણુસહસ્ત્ર સમૂહ પાઠનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં સમસ્ત બ્રહ્મ સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમૂહ આરતી સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું.

પાટણમાં પણ ભગવાન શ્રી પરશુરામજીની જન્મ જયંતી નિમિત્તે ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાનની પૂજા-અર્ચના અને મહા આરતી બાદ, સવારે ૮:૩૦ કલાકે મંદિર પરિસરથી ૫૪મી રથયાત્રા યોજાઈ હતી. શ્રી જગન્નાથજી મંદિર ટ્રસ્ટ, શ્રી પરશુરામ રથયાત્રા સમિતિ અને શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ પાટણ જિલ્લાના સંયુક્ત ઉપક્રમે ત્રિ-દિવસીય કાર્યક્રમો યોજાશે.

# પહલગામ હુમલાના કારણે ગુજરાતીઓએ ચારધામ યાત્રાનું ૫૦ ટકા બુકિંગ રદ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પહલગામ હુમલા બાદ લોકોએ કાશ્મીરનો પ્રવાસ રદ્દ કરી દીધો છે. ગુજરાતમાં પણ તેની અસર જોવા મળી છે. આ આતંકવાદી હુમલા બાદ જે લોકોએ ચારધામની યાત્રાએ જવાનું નક્કી કર્યું હતું તેવા ૫૦ ટકા ગુજરાતીએ બુકિંગ રદ કરાવી દીધું છે. જેથી કાશ્મીરમાં થયેલા આતંકી હુમલાની ચારધામ યાત્રાને પર મોટી અસર થાય તેવું લાગી રહ્યું છે. ૫૦ ટકા બુકિંગ રદ થતા ટુર ઓપરેટરોને ઉનાળુ વેકેશનની સિઝન માથે પડશે તેવું લાગે છે. કાશ્મીરમાં આતંકી હુમલા બાદ ગુજરાતીઓ કાશ્મીરની યાત્રા રદ કરી અને હવે કેરાલા, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, અરુણાચલમાં ફરવા જવાનો પ્લાન બનાવ્યો છે. દર વર્ષે ગુજરાતમાંથી ૨૫ હજાર યાત્રાળુઓ ચારધામ યાત્રાએ જતા હોય છે. પરંતુ આ વખતે ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ યાત્રામાં દિલ્હીથી ચારધામ યાત્રાના ૧૨ દિવસના ટૂર પેકેજનો ભાવ ૪૫ હજાર રૂપિયાથી માંડીને ૫૦ હજાર સુધીનો હોય છે. હવે કિંમતો ઘટાડવા છતાં પણ લોકો કાશ્મીર જવા માટે તૈયાર નથી. ગુજરાતના ટૂર એજન્ટો સાથે કાશ્મીરના પ્રવાસન ઉદ્યોગને પણ કરોડો રૂપિયાનું નુકસાન થશે.

# રાજ્યભરના રેલવે સ્ટેશન પર હાઈ અલર્ટઃ આતંકવાદી હુમલા બાદ વધારે સુરક્ષા સ્ટાફ તહેનાત કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કાશ્મીરના પહલગામ ખાતે થયેલા આતંકવાદી હુમલાબાદ પશ્ચિમ રેલવેના વિવિધ રેલવે સ્ટેશન પર હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પશ્ચિમ રેલવે દ્વારા વિવિધ ટ્રેનો તેમજ રેલવે સ્ટેશન પર વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બીજી તરફ ઉનાળુ વેકેશન શાળાઓમાં શરૂ થતા જ રેલવે યાત્રીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે જેને પગલે કેટલીક ટ્રેનો ઉનાળા વેકેશનમાં ફૂલ થઈ ગઈ છે ત્યારે પશ્ચિમ રેલવેમાં ગુજરાતમાંથી પસાર થતી વિવિધ રેલવે સ્ટેશન પર પોલીસ બંદોબસ્ત ઇન્ચાર્જ આઈ જી સરોજ કુમારી દ્વારા મહત્ત્વના રેલવે સ્ટેશન પર વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વિવિધ ટ્રેનોમાં યાત્રીઓનો માલ સામાનને ચોરી કે લૂટ નહીં થાય તે માટે ટ્રેનોમાં અને રેલવે સ્ટેશન પર વધારે પોલીસ બંદોબસ્ત સાથે વધારાના પાંચ ડોગ ફાળવવામાં આવ્યા છે.

આ પોલીસ બંદોબસ્તમાં બે ડીવાયએસપી સાત પીઆઈ ૧૦૪ પીએસઆઇ તેમજ એલસીબી અને એસઓજીની ટીમને પણ સાથે રાખવામાં આવ્યા છે સુરત અને ઉધના ખાતે યાત્રીઓની વધુ પડતી અવરજવરને લઈને બે ડોગ ટીમ પણ મૂકવામાં આવી છે. આરપીએફ સાથે ટ્રેનોની અંદર પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે સાથે સાથે રેલવે સ્ટેશન પર લોકોના લગેજ તેમજ સીસીટીવીના માધ્યમથી વિશેષ નજર રાખવામાં આવી રહી છે.

રાજકોટ ડિવિઝન, અમદાવાદ ડિવિઝન અને બરોડા ડિવિઝનમાં પણ પોલીસ દ્વારા વિશેષ પેટ્રોલિંગ સાથે કોમ્બિન હાથ ધરવા આવ્યું છે સાથે શંકાસ્પદ ચીજ વસ્તુઓની પણ ચેકિંગ મેટલ ડિરેક્ટર અને ડોગ ટીમની મદદથી કરવામાં આવી રહ્યું છે.ખાસ કરીને યુ.પી.બાંગ્લાદેશ તરફ જતી ટ્રેનોમાં વિશેષ ચેકિંગ હાથ ધરાયું છે.

# ગુજરાતમાં વિઝિટર વિઝા પર આવેલા સાત પાકિસ્તાનીઓને પરત મોકલી દેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગેરકાયદે રીતે રહેતા પાકિસ્તાનીઓ અને બાંગ્લાદેશી ઘૂસણખોરો સામે પોલીસ દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં લગભગ ૬૫૦૦ લોકોને ડિટેન કરાયા છે.

અમદાવાદમાંથી કુલ ૮૯૦ બાંગ્લાદેશી લોકો અને સુરતમાં ૧૪૫ લોકોને ડિટેન કરાયા જેમાં કુલ ૪૫૦ લોકો બાંગ્લાદેશી હોવાનો ખુલાસો થયો હતો.

ગુજરાતના પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાયે ખેડા ખાતે જણાવ્યું હતું કે, અમદાવાદમાંથી કુલ ૮૯૦ બાંગ્લાદેશી લોકો ડિટેન કરવામાં આવ્યા હતા. સુરતમાં ૧૪૫ લોકોને ડિટેન કરવામાં આવ્યા હતા. જેમાં કુલ ૪૫૦ લોકો બાંગ્લાદેશી હોવાનું પુરવાર થયું છે. જેને લઇ કેન્દ્રીય સંસ્થા સાથે સંકલન કરીને આવા લોકોને પરત બાંગ્લાદેશ મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં કુલ ૭ પાકિસ્તાની નાગરિકો વિઝિટર વિઝા પર આવ્યા હતા તેઓને પરત મોકલી દેવામાં આવ્યા છે.

# કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર અને રાજકોટમાં હીટવેવની આગાહીઃ તાપમાનનો પારો ૪૦થી ૪૫ ડિગ્રી રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં સતત વધી રહેલા તાપમાનથી લોકોની હાલત કફોડી બની છે. અંગ દઝાડતી ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે, ત્યારે હવામાન વિભાગે ફરી એક વખત હિટવેવની આગાહી કરી હતી. હવામાન વિભાગે કચ્છ, મોરબી અને સુરેન્દ્રનગરમાં યલો એલર્ટ તેમજ રાજકોટમાં ઓરેન્જ એલર્ટ સાથે હિટવેવની આગાહી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી ૪ દિવસ મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. ત્યાર બાદ રાજ્યના કેટલાક ભાગમાં બેથી ૪ ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે.

સૌરાષ્ટ્ર કચ્છના અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારમાં ગરમ હવાના કારણે અસહજ સ્થિતિ બની રહેશે. ૧ મે સુધી રાજ્યમાં તાપમાનનો પારો ૪૦ થી ૪૫ ડિગ્રી વચ્ચે રહેવાનું પૂર્વાનુમાન છે.

રાજ્યમાં પશ્ચિમથી ઉત્તર પશ્ચિમ તરફ પવન ફૂંકાતા હોવાના કારણે ગરમી વધી છે. આગઝરતી ગરમીમાં લોકોને બપોરના સમયે કામ વગર બહાર ન નીકળવા અને નીકળવું પડે તો માથાને ઢાંકીને નીકળવા માટે અપીલ કરવામાં આવી છે.

# મોરબી ઝૂલતા પુલ દુર્ઘટનાઃ જયસુખ પટેલ સહિત ૧૦ આરોપીની અરજી મોરબી સેશન્સ કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના કેસમાં મોરબીની સેશન્સ કોર્ટે ઓરેવા ગ્રુપના જયસુખ પટેલ સહિત ૧૦ આરોપીની ડિસ્ચાર્જ અરજી રદ કરી હતી. આરોપીઓએ તેમની સામે નોંધાયેલી આઈપીસી કલમો હેઠળ ગુનો બનતો નથી એવી દલીલ સાથે ડિસ્ચાર્જ અરજી દાખલ કરી હતી. ગત બુધવારે અરજીની સુનાવણી દરમિયાન સરકારી વકીલ વિજય જાનીએ કરેલી દલીલો અને રજૂ કરેલા વિવિધ કોર્ટના ચુકાદાઓને ધ્યાનમાં લઈને કોર્ટે આ નિર્ણય લીધો હતો. વધુમાં ટ્રેજેડી વિક્ટિમ એસોસિયેશને નગરપાલિકા અને કલેક્ટરને પણ આરોપી તરીકે જોડવા માટે અરજી કરી છે.

સરકારી વકીલ વિજય જાનીએ પત્રકારોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, મોરબી ઝૂલતા પુલ કેસમાં જયસુખ પટેલ સહિત તમામ આરોપીઓ સામે આઈપીસીની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમાં આરોપીઓએ કોર્ટમાં અરજી કરી હતી કે કલમ ૩૦૪ અને ૩૦૮ માંથી અમને ડિસ્ચાર્જ કરી આપો. કલમ ૩૦૪ હેઠળ જનમટીપની સજાની જોગવાઇ છે અને કલમ ૩૦૮માં ૧૦ વર્ષની સજાની જોગવાઇ છે. બાકીની કલમો છે તેનો અરજીમાં કોઇ ઉલ્લેખ નથી કર્યો. પરંતુ આ બાકીની કલમો હેઠળ તો માત્ર ૩થી ૬ મહિનાની સજાની જોગવાઇ છે અને આટલી સજા તો આરોપીઓ અગાઉ ભોગવી ચુક્યા છે. જેથી આ અંગે સરકારી વકીલ તરીકે અમે કોર્ટમાં રજૂઆત કરી હતી કે આ ઘટનામાં ૧૩૫ જેટલા લોકોનાં મોત થયાં છે અને સીટનો રિપોર્ટ પણ રેકોર્ડ પર છે ત્યારે બધા જ તો શું પણ એક પણ આરોપી આ કેસમાં ડિસ્ચાર્જ ન થઇ શકે. આ દલીલને કોર્ટે ગ્રાહ્ય રાખી છે. ઓરેવા ગ્રૂપ આ જવાબદારીમાંથી છટકી શકે નહીં. કારણ કે ઓરેવા ગ્રૂપ દ્વારા જે બ્રિજનું સમારકામ જે દેવપ્રકાશ સોલ્યુશનને આપ્યું હતું તે કોઇ માન્ય સંસ્થા નથી અને તેને આવા કામનો અનુભવ પણ ન હતો. જેથી કોર્ટે આરોપીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી પાંચેય અરજીઓને રદ કરી છે. જેથી હવે આરોપીઓ સામે ચાર્જફ્રેમ થશે અને કેસ ચલાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૩૦ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ મોરબીમાં ઝૂલતો પુલ તૂટી પડવાની દુર્ઘટનામાં ૧૩૫ લોકોનાં મોત થયાં હતાં. દુર્ઘટનાના દિવસે ૩,૧૬૫ લોકોને ટિકિટ આપવામાં આવી હતી. જોકે પુલ પર એકસાથે કેટલા લોકોને પ્રવેશ આપવો કે કેટલી ટિકિટો આપવી એ અંગે કોઈ સ્પષ્ટ નિયમો ન હતા.

# આયુષમાન ભારત હેલ્થ અકાઉન્ટ હેઠળ રાજ્યના ૭૦ ટકા નાગરિકોનું રજિસ્ટ્રેશન થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન (એબીડીએમ) અંતર્ગત ગુજરાતે ૪.૭૭ કરોડથી વધુ એટલે કે ૭૦ ટકા નાગરિકોની આયુષ્યમાન ભારત હેલ્થ અકાઉન્ટ (આભા) હેઠળ નોંધણી કરાવીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

ગુજરાત આયુષ્યમાન ભારત ડિજિટલ મિશનમાં હેલ્થ રેકોર્ડ્સના ડિજિટલાઇઝેશનમાં અગ્રેસર રાજ્ય બન્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૩૦ એપ્રિલે આયુષ્યમાન ભારત દિવસ ઉજવવામાં આવે છે. ત્યારે રાજ્ય સરકારની આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ નાગરિકો માટે સુલભ તબીબી સેવાઓ સુનિશ્ચિત કરવાની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આયુષ્યમાન ભારત હેલ્થ અકાઉન્ટ (આભા) એ એક ડિજિટલ આરોગ્ય ઓળખ છે, જેનો ઉદ્દેશ નાગરિકોના સ્વાસ્થ્ય રેકોર્ડને એકીકૃત કરીને તેને સુરક્ષિત રીતે સંગ્રહિત કરવાનો છે.

આ અંતર્ગત, નાગરિકોને ડિજિટલ હેલ્થ આઈડી આપવામાં આવે છે, જેથી તેમનો સ્વાસ્થ્ય રેકોર્ડ ઓનલાઈન સુરક્ષિત રહે. આ સિસ્ટમ ડેટા સુરક્ષા અને ગોપનીયતા સુનિશ્ચિત કરે છે, અને માહિતી ફક્ત નાગરિકની પરવાનગીથી જ શેર કરી શકાય છે.

આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન (એબીડીએમ) હેઠળ અત્યાર સુધીમાં ૨.૨૬ કરોડથી વધુ આરોગ્ય રેકોર્ડને સફળતાપૂર્વક ડિજિટલી લિંક કરવામાં આવ્યા છે. આ સાથે, આ મિશન હેઠળ ૧૭,૮૦૦થી વધુ આરોગ્ય સુવિધાઓની નોંધણી પણ પૂર્ણ થઈ ગઈ છે, જેનાથી આરોગ્ય સેવાઓની પહોંચ અને ગુણવત્તામાં સુધારો થયો છે.

આ ઉપરાંત, ૪૨,૦૦૦થી વધુ હેલ્થકેર પ્રોફેશનલ્સ પણ સફળતાપૂર્વક નોંધણી કરાવીને ડિજિટલ હેલ્થ સિસ્ટમ સાથે જોડાઈ ગયા છે.

## દેશ વિદેશ

# જસ્ટિસ ગવઇ દેશના મુખ્ય ન્યાયાધીશનો હોદ્દો ૨૪મી મેએ સંભાળશે

નવી દિલ્હીઃ જસ્ટિસ ભૂષણ રામકૃષ્ણ ગવઇની મંગળવારે દેશના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂક કરાઇ હતી.

દેશના હાલના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સંજીવ ખન્નાની નિવૃત્તિ બાદ ૧૪ મેએ ગવઇ હોદ્દો સંભાળી લેશે.

કાયદા મંત્રાલયે ગવઇની દેશના બાવનમા ન્યાયાધીશ તરીકેની નિમણૂકને લગતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું.

ગવઇ સર્વોચ્ચ અદાલતમાં ખન્ના પછીના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ હોવાથી તેમની દેશના આગામી મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂક કરાઇ હતી. (એજન્સી)

# ન્યૂ ઝીલૅન્ડમાં ૬.૨ની તીવ્રતાનો ધરતીકંપ

વૅલિંગ્ટનઃ ન્યૂ ઝીલૅન્ડના પશ્ચિમ કિનારા વિસ્તારમાં મંગળવારે ૬.૨ની તીવ્રતાનો ધરતીકંપ આવ્યો હતો. જોકે ધરતીકંપને પગલે સુનામીની ચેતવણી આપવામાં આવી નહોતી.

સ્થાનિક સમય પ્રમાણે રાત્રે એક વાગ્યે ધરતીકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ ન્યૂ ઝીલૅન્ડના ઈન્વરકાર્ગીલની વાયવ્ય દિશામાં ૩૦૦ કિ.મી.ને અંતરે જમીનની સપાટીથી ૧૦ કિ.મી. ઊંડે આવેલું હતું.

નિષ્ણાતોએ આ ભૂકંપને સાધારણ લેખાવ્યો હતો. જાનમાલની હાનિ થઈ હોવાનાં કોઈ અહેવાલ નથી.

માર્કારી આઈલૅન્ડ વિસ્તારમાં પણ ૬.૮ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો.

ન્યૂ ઝીલૅન્ડની વસતી પચાસ લાખની છે. (એજન્સી)

# સંજીવ ભટ્ટની જામીન અરજી કાઢી નાખતી સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ૧૯૯૦માં કસ્ટડીમાં થયેલા મૃત્યુના કેસમાં જનમટીપની સજા ભોગવતા ભૂતપૂર્વ આઇપીએસ અધિકારી સંજીવ ભટ્ટની જામીન અરજી મંગળવારે કાઢી નાખી હતી.

ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાની બનેલી બૅન્ચે જણાવ્યું હતું કે આ કેસમાં સજા રદ કરવાનો કે જામીન આપવાનો હાલમાં કોઇ સવાલ જ ઊભો નથી થતો. અમે સંજીવ ભટ્ટને જામીન આપવા નથી માગતા અને તેમની જામીન અરજી રદ કરીએ છીએ.

સંજીવ ભટ્ટની જનમટીપ અને અન્ય સજા રદ કરવાની દાદ ચાહતી અરજી સર્વોચ્ચ અદાલતમાં નિકાલ થયા વિના પડેલી છે.

અગાઉ, ગુજરાતની વડી અદાલતે ૨૦૨૪ની નવ જાન્યુઆરીએ સંજીવ ભટ્ટની અરજી નામંજૂર કરતા આપેલા આદેશને તેમણે ૨૦૨૪માં જ સર્વોચ્ચ અદાલતમાં પડકાર્યો હતો.

ગુજરાત વડી અદાલતે સંજીવ ભટ્ટ અને સહ-આરોપી પ્રવીણસિંહ ઝાલાને ભારતીય દંડસંહિતાની કલમ ૩૦૨ (હત્યા), ૩૨૩ (ઇરાદાપૂર્વક ઇજા પહોંચાડવી) અને ૫૦૬ (ડરાવવું - ધમકાવવું) થયેલી સજાને બહાલી આપી હતી.

રાજ્ય સરકારે હત્યાના આરોપમાંથી છૂટી ગયેલા, પણ કલમ ૩૨૩ અને ૫૦૬ હેઠળ જે અન્ય પાંચ આરોપીને સજા થઇ છે, તેઓની સજા વધારવાની દાદ ચાહતી કરેલી અરજીને વડી અદાલતે કાઢી નાખી હતી. (એજન્સી)

# અમેરિકાના મિનેપૉલિસમાં વીજળી અને વાવાઝોડાં સાથે ભારે વરસાદ

મિનેપૉલિસઃ અમેરિકાના મિનેપૉલિસમાં સોમવારે વીજળી અને વાવાઝોડાં સાથે ભારે વરસાદ થયો હતો.

અપર મિડવૅસ્ટથી વિનાશક ટૉર્નેડો આગળ વધી રહ્યું હોવાને કારણે મિનેપૉલિસ સહિત, દક્ષિણ મિનેસોટા, નૉર્ધન આઈઓવા અને વૅસ્ટર્ન વિસ્કોન્સિનમાં સર્વોચ્ચ જોખમ માટેનું ચાર નંબરનું એલર્ટ જારી કરવામાં આવ્યું હોવાનું નેશનલ વૅધર સર્વિસે કહ્યું હતું.

ખરાબ હવામાનને કારણે બપોર તેમ જ સાંજનો સમયગાળો સૌથી જોખમી હશે અને એ દરમિયાન ટૉર્નેડોની સૌથી ખરાબ અસર જોવા મળે એવી શક્યતા છે.

છૂટાછવાયાથી અતિભારે વરસાદ પડવાની અને વિનાશક પવન ફુંકાવાની પણ ધારણા છે.

ટૉર્નેડો કેવું સ્વરૂપ ધારણ કરે છે તેનાં પર બધો આધાર હોવાનું હવામાન ખાતાએ કહ્યું હતું. (એજન્સી)

# વક્ફ સંશોધન કાયદા પર નવી અરજીઓની સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટનો ઇનકાર

## ‘અમે હવે અરજીઓની સંખ્યા વધારવાના નથી. તે વધતી જ જશે અને તેને સંભાળવી મુશ્કેલ બનશે’

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ફરી એકવાર વક્ફ (સંશોધન) અધિનિયમ ૨૦૨૫ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર પોતાનો ચુકાદો આપ્યો હતો. કોર્ટે વધુ ૧૩ અરજીઓ પર વિચાર કરવાનો ઇનકાર કર્યો હતો. કોર્ટે કહ્યું કે તે વધુ અરજીઓને ઉમેરી શકશે નહીં કારણ કે તેને સાંભળવી મુશ્કેલ થઇ જશે.

અનેક અરજદારોના વકીલોએ જ્યારે આગ્રહ કર્યો કે આ અરજીઓને અન્ય અરજદારો સાથે સાંભળવામાં આવે મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમારની બેન્ચે કહ્યું હતું કે, ‘‘અમે હવે અરજીઓની સંખ્યા વધારવાના નથી. તે વધતી જ જશે અને તેને સંભાળવી મુશ્કેલ બનશે.’’

જોકે, બેન્ચે ફિરોઝ ઇકબાલ ખાન, ઇમરાન પ્રતાપગઢી, શેખ મુનીર અહેમદ અને મુસ્લિમ એડવોકેટ્સ એસોસિએશન સહિતના અરજદારોને કહ્યું હતું કે જો તેમની પાસે વક્ફ કાયદાને પડકારવા માટે આપવામાં આવેલા વધારાના આધાર હોય તો મુખ્ય અરજીઓમાં હસ્તક્ષેપ કરે.

આ મામલાની વધુ સુનાવણી કરતી વખતે ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયાએ કહ્યું હતું કે, ‘અમે બધાને સાંભળીશું. પાંચ કેસ નોંધાયા છે. જો તમે વધારાના મુદ્દાઓ પર દલીલ કરવા માંગતા હોવ તો અમલીકરણ અરજી દાખલ કરો. બેન્ચે અગાઉ સોમવારે પણ આવો જ આદેશ આપ્યો હતો અને અરજદાર સૈયદ અલી અકબરના વકીલને પાંચ પેન્ડિંગ કેસોમાં હસ્તક્ષેપ અરજીઓ દાખલ કરવા કહ્યું હતું, જેની સુનાવણી ૫ મેના રોજ વચગાળાના આદેશો પસાર કરવા માટે કરવામાં આવશે.’

૧૭ એપ્રિલના રોજ બેન્ચે તેની સમક્ષ કુલ અરજીઓમાંથી ફક્ત પાંચ અરજીઓ પર સુનાવણી કરવાનો નિર્ણય લીધો અને કેસનું ટાઇટલ રાખ્યું હતું ‘વક્ફ (સંશોધન) અધિનિયમ, ૨૦૨૫ના સંબંધમાં’. કાયદા વિરુદ્ધ લગભગ ૭૨ અરજીઓ દાખલ કરવામાં આવી હતી, જેમાં એઆઇએમઆઇએમ નેતા અસદુદ્દીન ઓવૈસી, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, જમિયત ઉલેમા-એ-હિંદ, દ્રવિડ મુનેત્ર કળગમ (ડીએમકે), કર્ણાટક રાજ્ય એયુક્યૂએએફ બોર્ડના ભૂતપૂર્વ અધ્યક્ષ અનવર બાશા, એડવોકેટ તારિક અહેમદ, કૉંગ્રેસના સાંસદ ઇમરાન પ્રતાપગઢી અને મોહમ્મદ જાવેદનો સમાવેશ થાય છે.

ત્રણ વકીલોને નોડલ વકીલ તરીકે નિયુક્ત કરીને બેન્ચે વકીલોને કહ્યું કે તેઓ પરસ્પર નક્કી કરશે કે કોણ દલીલ કરવા જઇ રહ્યું છે. સરકારનો જવાબ મળ્યાના પાંચ દિવસની અંદર અરજદારોને કેન્દ્રના જવાબ પર તેમના જવાબો દાખલ કરવાની છૂટ આપવામાં આવી હતી.

(ઈન્ટરવલ પૂર્તિ)

૨૦૩ વર્ષ

દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

બુધવાર, ૩૦ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 101 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ વૈશાખ સુદ-૩ ■ મુંબઈ

■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com
■ 30 April 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લશ્કરને ‘છૂટો દોર’ આપતા મોદી

SCAN FOR TODAY'S GOLD RATE

Shubh Akshaya Tritiya

ANTARA GOLD & DIAMONDS

DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## ‘દેશવિરોધીઓ પરના હુમલાનો પ્રકાર, લક્ષ્ય, સમય સૈન્ય નક્કી કરશે’



નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવિરોધી તત્ત્વો સામેની લડતમાં સશસ્ત્ર દળોને ‘છૂટો દોર’ આપ્યો હતો અને તેઓ સામેની કાર્યવાહી - હુમલાનો પ્રકાર, લક્ષ્ય અને સમય નક્કી કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા પણ આપી હતી.

મોદીની અધ્યક્ષતામાં મંગળવારે અહીં સંરક્ષણને લગતી ઉચ્ચ સ્તરની સમિતિની બેઠક યોજાઇ હતી. તેમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજિત ડોભાલ, લશ્કરની ત્રણેય પાંખના વડા અને અન્ય ઉચ્ચ અધિકારી હાજર રહ્યા હતા.

મોદીએ જણાવ્યું હતું કે દેશ ત્રાસવાદને ‘જડબાતોડ જવાબ’ આપશે અને તેનો નાશ કરવા કટિબદ્ધ છે.

વડા પ્રધાને દેશના સશસ્ત્ર દળોની ક્ષમતામાં પૂરો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે દેશવિરોધી તત્ત્વો સામેની લડતનો પ્રકાર, લક્ષ્ય અને સમય નક્કી કરવાનો છૂટો દોર સૈન્યને અપાયો છે.

ડિફેન્સ સ્ટાફના વડા જનરલ અનિલ ચૌહાણ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં પર્યટકો સહિત ૨૮ જણની ત્રાસવાદીઓએ હત્યા કરી, તે પછીની કાર્યવાહી અંગે ચર્ચા કરવા સંરક્ષણ ક્ષેત્રની ઉચ્ચ સ્તરની બેઠક મંગળવારે યોજાઇ હતી.

મોદીએ જણાવ્યું હતું કે હુમલાખોર ત્રાસવાદીઓ, તેઓને સહાય કરનારા, આશ્રય આપનારા અને ટેકો દેનારા લોકોને પૃથ્વીના કોઇ પણ ખૂણેથી શોધીને મારવામાં આવશે અને તેઓની કલ્પનામાં પણ નહિ હોય એવી સજા કરાશે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે દેશવિરોધી તત્ત્વોની સામે દેશના નાગરિકોનું લોહી ઊકળી રહ્યું છે અને તેઓની સામે કડક પગલાં લેવાની માગણી થઇ રહી છે. અમે દેશની સલામતીને પ્રાધાન્ય આપી રહ્યા છીએ.

ભૂતકાળમાં પુલવામામાં કેન્દ્રીય અનામત પોલીસ દળના જવાનોની હત્યા બાદ પાકિસ્તાન પર સર્જિકલ સ્ટ્રાઇક

(જુઓ પાનું ૨) ▸▸

## અમદાવાદના ‘મિનિ બાંગ્લાદેશ’ પર બુલડૉઝર ફેરવાયું





**‘મિનિ બાંગ્લાદેશ’ સાફઃ** અમદાવાદના ‘મિનિ બાંગ્લાદેશ’ ગણાતા ચંડોળા તળાવ વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફેરવતા અમદાવાદ મહાનગરપાલિકાના કર્મચારીઓ અને આ કાર્યવાહીમાં તોડાયેલી ઈમારતોનો કાટમાળ. (પીટીઆઇ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ચંડોળા તળાવ પાસે બુલડૉઝર દ્વારા મેગા ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી હતી. ડિમોલિશનની કાર્યવાહી સામે ૧૮ સ્થાનિકોએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જો કે, હાઇ કોર્ટે આ મામલે સ્ટેની અરજી ફગાવવામાં આવી હતી. મહત્ત્વની વાત એ છે કે, રજા હોવા છતાં પણ આ કેસની ગંભીરતાને જોતા સુનાવણી કરવામાં આવી હતી.

૨૯ એપ્રિલની સવારે ૧૮ લોકોએ ડિમોલિશન પર સ્ટે મૂકવા માટે અરજી કરી હતી. આ અંગે હાઇ કોર્ટે ૧૧.૧૫ વાગ્યાથી લઈ ૧૨.૪૫ વાગ્યા સુધી એમ દોઢ કલાક સુનાવણી કરી હતી. હાઇ કોર્ટમાં

(જુઓ પાનું ૨) ▸▸

## કાશ્મીરમાં અનેક સ્થળે પર્યટકોના પ્રવેશ પર પ્રતિબંધ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ આ આવનારાં તોફાનનાં સંકેત છે કે પછી ભયાનક જોખમનો ભય. જમ્મુ-કાશ્મીર સરકારે પહલગામ નરસંહારની ઘટનામાં સુરક્ષામાં રહેલી ખામી પર પડદો પાડવા કાશ્મીરમાં અનેક પર્યટક સ્થળ, ઝરણા, બગીચા, રેસ્ટોરાં અને હૉટલોમાં પર્યટકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકી દીધો છે.

જોકે આ મામલે સત્તાવાર રીતે કોઈ સરકારી આદેશ બહાર પાડવામાં નથી આવ્યો, પરંતુ આ તમામ સ્થળના દરવાજા હાલપૂરતા તો પર્યટકો માટે બંધ કરી દેવામાં આવ્યા છે.

સૂત્રોના જણાવ્યાનુસાર રાજ્ય સરકારે કોઈપણ ઔપચારિક આદેશ વિના મંગળવારથી જ કાશ્મીરના ૮૭ પર્યટક સ્થળમાંથી પચાસ બંધ કરી દીધા છે.

શ્રીનગર એરપોર્ટ પર ઊતરતા પર્યટકોની સંખ્યામાં

(જુઓ પાનું ૨) ▸▸

## બિહારનો ટાબરિયો સૂર્યવંશી...ફ્લાવર નહીં, ફાયર

### માસૂમ ગણાતો ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી આતશબાજીમાં એક્કો નીકળ્યો



(અજય મોતીવાલા)

જયપુરઃ ‘આઈપીએલ બચ્ચોં કા ખેલ નહીં હૈં...’ એવું વર્ષોથી કહેવાતું હતું, પણ રાજસ્થાન રોયલ્સના ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશી (૧૦૧ રન, ૩૮ બૉલ, ૧૧ સિક્સર, ૭ ફોર)એ સોમવારે રાત્રે ઉંમરમાં તેનાથી અનેકગણા સિનિયર ખેલાડીઓને શરમાવે એવું જબરદસ્ત પર્ફોર્મ કર્યું. મૂછનો દોરો માંડ ફૂટ્યો છે એવા આ છોકરડાએ ઈશાન્ત શર્મા, રાશીદ ખાન, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, વૉશિંગ્ટન સુંદર સહિતના દિગ્ગજ બોલર્સની બોલિંગમાં છગ્ગા-ચોક્કાની રમઝટ બોલાવીને માત્ર જયપુરના સ્ટેડિયમને કે આઈપીએલને જ નહીં, સમગ્ર ક્રિકેટજગત ગજવી નાખ્યું. અફઘાનિસ્તાનના નવા પેસ બોલર કરીમ જનતની એક જ ઓવરમાં લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન વૈભવે ૩૦ રન (૬,૪,૬,૪,૪,૬) ફટકારીને

(જુઓ પાનું ૨) ▸▸



શાશ્વત સોનું

આ અક્ષય તૃતીયાએ, સોનું પસંદ કરતી વખતે પસંદ કરો - પારદર્શકતા કરો એવુ રોકાણ, જે પેઢી દર પેઢી વધે...
કારણ કે અનિશ્ચિત સમયમાં, એજ સાચો ભરોશો છે.

પ્રાચીન મંદિરોથી આજના લૉકર્સ સુધી — સોનું ટકે છે, વધે છે, રક્ષે છે.
આ પવિત્ર દિવસે, આપો ભવિષ્યને એવી ભેટ — જે ભાવથી નહીં, પણ મૂલ્યથી જોવાય.

**કારણ કે આજે સોનાના ભાવ ઊંચા છે, પણ તેનું મહત્વ હજુ પણ ઊંડું છે...**

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI

જ્યાં છે પારદર્શકતા અને સાચું મૂલ્ય

DADAR: D.S.P. Road, Opp. Ranjit Studio, Dadar East +91 79770 76832 | BORIVALI: Gulmohar Terrace, Factory Lane, Borivali West +91 91377 17973
www.antarajewellery.com | antarajewellery

Happy Akshaya Tritiya!

Compare Gold Rate + Making Charge per gram and then buy

Gold & Diamonds at Wholesale Prices



0% Making Charges on Selected 22kt Antique Jewellery | LOWEST Gold Rates Guaranteed* | 14% Making charges on Antique Jewellery | 15% OFF on Diamonds | 50% OFF on Making Charges of Diamond Jewellery

IGI Certified Diamonds

SHUBHAM MOTIWALA JEWELLERS
Govt Recognised Star Export House

Unity Heights, Shop No. 5, Chincholi Junction, S. V. Road, Malad (W). Tel: 022 49632752/64, 9833089109.

www.shubhammotiwala.com

OFFER VALID TILL 30TH APRIL

**એકસ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# આતંકવાદ સામે લડવા હિંદુઓએ યહૂદીઓની જેમ લડાયક બનવું પડે

**જમ્મુ** અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાએ ભારતની આતંકવાદ સામે લડવાની વ્યૂહરચના સામે એક તરફ સવાલ પેદા કરી દીધો છે ત્યારે બીજી તરફ હિંદુ સમાજ માટે પણ એક પડકાર ઊભો કરી દીધો છે. આતંકવાદને ધર્મ નથી હોતો એવી સુફિયાણી વાતો આપણે સાંભળીએ છીએ.

આ વાત સાચી છે પણ હુમલા ધર્મ નથી કરતો પણ ધર્મ સાથે સંકળાયેલાં લોકો કરે છે ને આતંકવાદીઓને ધર્મ હોય છે. તેમના માનસમાં ઝેર પણ ધર્મના નામે ભરાય છે તેથી આતંકવાદી હુમલા ધર્મને આધારે જ થાય છે. મોટા ભાગના આતંકવાદી હુમલા એક ચોક્કસ ધર્મનાં લોકો બીજાં ધર્મનાં લોકોને ટાર્ગેટ કરીને કરે છે એ ઈતિહાસ છે. પહલગામમાં આતંકવાદીઓ એક ડગલું આગળ વધ્યા અને લોકોનો ધર્મ પૂછી પૂછીને માર્યાં અને મરનારા બધા હિંદુ છે.

આ હત્યાઓ ટ્રેન્ડ બની જાય એ પહેલાં હિંદુઓએ જાગવાની જરૂર છે અને આતંકવાદ સામે લડવા શું કરવું એ વિચારવાની જરૂર છે. એ માટે હિંદુઓએ ઈઝરાયલ પાસેથી બોધપાઠ લેવાની જરૂર છે અને ઈઝરાયલ મોડલ અપનાવવાની જરૂર છે કેમ કે ભારત અને ઈઝરાયલના સંજોગો સરખા છે. ઈઝરાયલને સીધા યુદ્ધમાં હરાવવામાં આરબો સફળ ના થયા એટલે આતંકવાદનો આશરો લઈને પ્રોક્સી વોર લડે છે. ભારત સામે પણ પાકિસ્તાન સીધા યુદ્ધમાં ચાર વાર હાર્યું એટલે હવે સીધા આક્રમણની હિંમત નથી કરતું પણ આતંકવાદનો સહારો લઈને લડે છે. અલબત્ત ઈઝરાયલ સામેના જંગમાં આતંકવાદીઓ નુકસાનમાં છે જ્યારે ભારતમાં આપણે નુકસાનમાં છીએ. તેનું કારણ ઈઝરાયલના શાસકો અને આપણા શાસકો તથા યહૂદી પ્રજા અને હિંદુઓનો મિજાજ છે.

જર્મનીમાં હિટલરે યહૂદીઓ પર કરેલા અત્યાચારો અને તેમનું નિકંદન કાઢી નાખવા ચલાવેલા નરસંહારના પગલે બીજું વિશ્વયુદ્ધ થયું. બીજા વિશ્વયુદ્ધના અંતે અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, રશિયા સહિતના વિજેતા દેશોએ યુદ્ધમાં સૌથી વધારે તારાજી ભોગવનારા અને સૌથી વધારે ભોગ બનેલા યહૂદીઓ માટે અલગ રાષ્ટ્ર સ્થાપવાનું નક્કી કર્યું. યહૂદીઓ મૂળ પેલેસ્ટાઈનના હતા તેથી ૧૯૪૮માં પેલેસ્ટાઈનમાંથી યહૂદીઓ માટે અલગ રાષ્ટ્ર બનાવાયું. આરબ રાષ્ટ્રોને તેની સામે વાંધો હતો તેથી આરબ રાષ્ટ્રવાદનો નારો બુલંદ થયો ને ૧૯૪૮માં જોર્ડન સહિતનાં આરબ રાષ્ટ્રોએ પેલેસ્ટાઈન પર આક્રમણ કરેલું.

અમેરિકા સહિતના દેશોએ ઈઝરાયલને મદદ કરેલી તેથી એ યુદ્ધમાં ઈઝરાયલે આરબોને નાની યાદ કરાવીને ધૂળ ચાટતા કરી દીધા હતા. આરબોએ ઈઝરાયલને નમાવવાના બહુ પ્રયત્નો કર્યા પણ એ પ્રયત્નો સફળ ના થયા. આ રીતે ૧૯૪૮માં ઈઝરાયલ અસ્તિત્વમાં આવ્યું ત્યારથી સતત યુદ્ધો લડ્યા જ કરે છે. અત્યારે હમાસ સામેનું ઈઝરાયલનું યુદ્ધ નાનું છે પણ એ પહેલાં ઈઝરાયલે મોટાં યુદ્ધો લડ્યાં છે. આરબ રાષ્ટ્રોએ ૧૯૬૭માં ઈઝરાયલને પછાડવા પૂરી તાકાત સાથે ફરી હુમલો કર્યો હતો. છ દિવસ ચાલેલા આ યુદ્ધમાં આરબોની કારમી હાર થઈ ને ઈઝરાયલે પૂર્વ જેરૂસલેમ પાછું લઈને આખા જેરૂસલેમ પર કબજો કરી લીધો હતો. આરબોએ પછી ઈઝરાયલ પર સીધા આક્રમણની હિંમત ના કરી પણ આતંકવાદના કદી ખતમ નહીં થનારા જંગનો પ્રારંભ થયો.

ઈઝરાયલે આ યુદ્ધમાં અલગ જ સ્ટ્રેટેજી અપનાવી છે. ઈઝરાયલ યહૂદીઓનો દેશ છે તેથી આખી દુનિયાના યહૂદીઓ માટે તેના દ્વાર ખુલ્લા છે. દુનિયાના કોઈ પણ ખૂણામાં રહેતો યહૂદી ઈઝરાયલમાં આવીને રહે તો સરકાર તેને રહેવા માટે ઘર આપે છે અને નોકરી પણ આપે છે. બહારથી આવીને રહેતા યહૂદી પરિવારની સંપૂર્ણ જવાબદારી સરકાર ઉઠાવે છે. આ કારણે દુનિયાભરના યહૂદી ઈઝરાયલ આવી રહ્યા છે અને ઈઝરાયલની તાકાત સતત વધતી જ જાય છે.

ઈઝરાયલમાં દરેક વ્યક્તિ માટે આર્મી ટ્રેઈનિંગ પણ ફરજિયાત છે તેથી અચાનક આતંકવાદી હુમલો કરે તો પણ યહૂદીઓ ભાગતા નથી પણ મુકાબલો કરે છે. ઈઝરાયલ આ રીતે તાલીમબદ્ધ યહૂદીઓને ગાઝા પટ્ટી, વેસ્ટ બેંક સહિતના મુસ્લિમોની બહુમતીવાળા વિસ્તારોમાં વસાવે છે કે જેથી આતંકવાદીઓને પનાહ આપનારાંમાં ડર રહે.

ભારત સરકાર આ જ વ્યૂહરચના જમ્મુ અને કાશ્મીરમાં અને ખાસ તો કાશ્મીર ખીણમાં અપનાવી શકે. કાશ્મીર ખીણમાં આતંકવાદ વકરવાનું એક કારણ સ્થાનિક લોકોનો સપોર્ટ છે. કાશ્મીર ખીણમાં ૯૯ ટકા વસતી મુસ્લિમોની છે તેથી આતંકવાદીઓના આકા મુસ્લિમ નેતાઓ, મુસ્લિમ ધર્મગુરુઓ વગેરેને સાધીને સમર્થન મેળવે છે. કાશ્મીર ખીણની ૧૦૦ ટકા પ્રજા આતંકવાદના સમર્થનમાં નથી પણ આ પાવરફુલ લોકો સામે પડવાની કોઈની હિંમત નથી તેથી સૌ ચૂપ રહે છે. તેના કારણે આતંકવાદીઓને મોકળું મેદાન મળે છે.

આ સ્થિતિ બદલવી હોય તો કાશ્મીર ખીણની ડેમોગ્રાફી બદલવી પડે અને હિંદુઓને બહારથી લાવીને વસાવવા પડે. શરૂઆત દસેક હજાર પરિવારોથી કરીને ધીરે ધીરે એકાદ લાખ હિંદુ પરિવારો કાશ્મીર ખીણમાં વસાવી દેવાય તો હિંદુ-મુસ્લિમ વસતીનું સંતુલન થઈ જાય. આતંકવાદ વિરોધી વસતી મોટા પ્રમાણમાં હોય તેથી મુસ્લિમોમાં પણ આતંકવાદને પસંદ નહીં કરનારાં લોકો હિંદુઓ સાથે જોડાય અને આતંકવાદને સ્થાનિક સ્તરેથી સપોર્ટ મળતો બંધ થાય. આર્મીને આતંકવાદીઓ વિશે ચોક્કસ બાતમીઓ મળે તો તેમનો સફાયો પણ સરળ બને.

આ સ્કીમ કાગળ પર સારી લાગે પણ વાસ્તવિક રીતે તેનો અમલ જોખમી છે કેમ કે કાશ્મીર ખીણમાં જઈને વસવાનો મતલબ યુદ્ધના મોરચે જવાનો જ થાય છે. કાશ્મીર ખીણમાં જવું તેનો મતલબ અમેરિકા કે યુકે જઈને રહેવું એવો નથી પણ મોતના મોંમાં જવું એવો છે. યહૂદીઓ મર્દાના મિજાજ ધરાવતી પ્રજા છે એટલે મરવાનું છે તેની ખબર હોવા છતાં ૧૯૫૦ના દાયકામાં ઈઝરાયલ જઈને રહ્યા અને વરસોથી આતંકવાદ સામે લડે છે. તેમાં ખુવારી પણ ભારે થઈ પણ એક મહાન રાષ્ટ્રનું નિર્માણ પણ થયું. યહૂદીઓએ બહુ ઓછી વસતી હોવા છતાં એવા રાષ્ટ્રનું નિર્માણ કર્યું કે જેના મર્દાના મિજાજનાં ઉદાહરણ આખી દુનિયા આપે છે. યહૂદીઓના મર્દાના મિજાજના કારણે તેમના શાસકો પણ એવા આપ્યા કે જે ઈંટનો જવાબ પથ્થરથી આપવામાં માને છે.

હિંદુઓમાં એવો મર્દાના મિજાજ છે ખરો ?

અત્યાર સુધી કદી દેખાયો નથી પણ આ સ્થિતિ બદલવી પડે. સોશિયલ મીડિયા પર નહીં પણ મેદાનમાં મર્દાનગી બતાવવી પડે. આતંકવાદીઓ હુમલો કરે ત્યારે ભાગવાના બદલે યહૂદીઓની જેમ મુકાબલો કરવાની સજ્જતા કેળવવી પડે. આ માટે હિંદુ સંગઠનો અને ધર્મસ્થાનોએ મેદાનમાં આવવું પડે, સરકાર બધું ના કરે. કાશ્મીરમાં હિંદુઓને વસાવવાથી માંડીને આર્મી ટ્રેઈનિંગ સુધીનો ખર્ચ કરવો પડે. મંદિરોમાં આવતો રૂપિયો બેંકોની એફડીમાં જાય ને વ્યાજ ખવાય તેના બદલે હિંદુઓ માટે વપરાવો જોઈએ કેમ કે હિંદુઓ હશે તો હિંદુ ધર્મ ટકશે, બેંકોમાં કરેલી એફડીઓથી હિંદુત્વ ટકવાનું નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, બુધવાર, તા. ૩૦-૪-૨૦૨૫, અક્ષયતૃતીયા, શ્રી બક્ષેશ્વર જયંતી, બદ્રીકેદાર યાત્રા

- ભારતીય દિનાંક ૧૦, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ -૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૩જો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર રોહિણી સાંજે ક. ૧૮-૧૭ સુધી, પછી મૃગશીર્ષ
- ચંદ્ર વૃષભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૪ (તા. ૧), પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૯, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૩-૫૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૪૦ (તા. ૧લી)
- ઓટઃ સવારે ક. ૦૭-૧૧, રાત્રે ક. ૨૦-૦૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ – તૃતીયા. અક્ષયતૃતીયા, શ્રી બક્ષેશ્વર જયંતી, બદ્રીકેદાર યાત્રા, કલ્પાદિ, ત્રેતાયુગાદિ, વિનાયક ચતુર્થી, મુસ્લિમ ૧૧મો જિલ્કાદ માસ પ્રારંભ, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રે ૨૪-૪૫.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુકળશ ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન, શ્રી વિનાયક ગણેશપૂજા, તર્પણ શ્રાદ્ધ, બ્રહ્માજીનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, ધ્રુવ દર્શન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મુંડન કરાવવું નહિ. રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, આભૂષણ, વસ્રો, દસ્તાવેજ, દુકાન-વેપાર, નોકરી, બી વાવવું, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, મિત્રતા કરવી, નવી તિજોરીની સ્થાપના, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતા પૂજા, કથા-વાંચન, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન, શ્રી સુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ અભિષેક, સંકલ્પ સિદ્ધિ પૂર્ણ પ્રાપ્તિ માટેના મંત્રજાપ, અનુષ્ઠાન, બ્રહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળા રચિત રિદ્ધિસિદ્ધિદાયક શ્રી ગણેશયંત્ર પૂજા, અભિષેક, શ્રી યંત્ર, અભિષેક પૂજા, નવી દુકાન, નવા કામકાજનો પ્રારંભ, સ્થિર પ્રકારના કાર્યો, ચંદ્ર-બુધ ગ્રહદેવતાનું પૂજન,
- આચમનઃચંદ્ર-ગુરુ યુતિ પ્રમાણિક.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, માર્ગી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

## કેનેડાની ચૂંટણીમાં વડા પ્રધાન માર્ક કાર્નીની પાર્ટીનો ભવ્ય વિજય

ટોરન્ટોઃ કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીની લિબરલ પાર્ટીનો ચૂંટણીમાં ભવ્ય વિજય થયો હતો.

અગાઉ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કેનેડાને અમેરિકામાં ૫૧મા રાજ્ય તરીકે ભેળવી દેવાની કરેલી ઑફર અને ટૅરિફ વધારવાની જાહેરાત સાથે શરૂ કરેલા વેપાર-યુદ્ધની કેનેડાની ચૂંટણી પર ભારે અસર થઇ હતી અને મોટી સંખ્યામાં મતદાન થયું હતું.

પ્રારંભિક મતગણતરી મુજબ લિબરલ પાર્ટીને સંસદની રૂઢિચુસ્ત પક્ષ (કન્ઝર્વેટિવ પાર્ટી)ની સરખામણીમાં ઘણી વધુ બેઠક મળવાની આશા જન્મી હતી.કેનેડાના ભૂતપૂર્વ કાયદા પ્રધાન ડેવિડ લેમેટીએ જણાવ્યું હતું કે ડિસેમ્બરમાં દેશની સ્થિતિ ઘણી ખરાબ હતી, પરંતુ હવે અમે ચૂંટણી જીતીને ફરી સરકાર રચી રહ્યા છીએ. માર્ક કાર્નીના નેતૃત્વ હેઠળ ચૂંટણી જીતવામાં સફળતા મળી છે.

કેનેડામાં ખાદ્યસામગ્રી અને રહેઠાણના ભાવમાં ઘણો વધારો થતાં તેની માઠી અસર ભૂતપૂર્વ જસ્ટિન ટ્રુડોની લોકપ્રિયતા પર પડી હતી. ટ્રુડોએ રાજીનામું આપ્યું, તે પછી કેનેડાની મધ્યવર્તી બૅન્કના વડા માર્ક કાર્નીએ દેશનું નેતૃત્વ સંભાળ્યું હતું.

ટ્રમ્પે કેનેડાને આપેલી ધમકીને કારણે કેનેડાના અનેક લોકોએ રજામાં અમેરિકા ફરવા જવાનું ટાળ્યું હતું અને અમેરિકાનો સામાન નહિ ખરીદવાનું નક્કી કર્યું હતું તેમ જ ચૂંટણીમાં વિક્રમજનક મતદાન થયું હતું. (એજન્સી) ■

### મોદીએ કાર્નીને અભિનંદન આપ્યા

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેનેડાની ચૂંટણીમાં લિબરલ પાર્ટીના ભવ્ય વિજય બદલ વડા પ્રધાન માર્ક કાર્નીને અભિનંદન આપ્યા હતા.

મોદીએ પાઠવેલા સંદેશામાં જણાવ્યું હતું કે હું આશા રાખું છે કે ભારત અને કેનેડાના દ્વિપક્ષી સંબંધ હવે વધુ દૃઢ બનશે અને બન્ને દેશની જનતા માટે નવી તકના માર્ગ ખૂલશે. મોદીએ કાર્નીને જણાવ્યું હતું કે મને વિશ્વાસ છે કે ભારત અને કેનેડા વચ્ચેની વિવિધ ક્ષેત્રમાંની દ્વિપક્ષી ભાગીદારી વધશે.

અગાઉ, કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો હતા ત્યારે ભારત સાથેના સંબંધ વણસ્યા હતા. (એજન્સી) ■

## 'સર તન સે જુદા'ને મામલે ભાજપના કૉંગ્રેસ પર પ્રહાર

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી નેતા તરીકે કટોકટીના સમયે જ પગલાં લેવામાં પાછળ રહે છે. સોશિયલ મીડિયા પર એવી સચિત્ર પૉસ્ટ મૂકી મોદીની એ પ્રકારની છબી ઊભી કરવાના પ્રયાસ બદલ ભાજપે મંગળવારે કૉંગ્રેસ પર આકરાં પ્રહાર કર્યા હતા.

'સર તન સે જુદા'નું દૃષ્ટાંત આપી ભાજપે કૉંગ્રેસ પર દેશને નબળો પાડવાના પ્રયાસ કરવાનો આક્ષેપ કર્યો હતો.

મોદીના નામનો ઉલ્લેખ કર્યા વિના કૉંગ્રેસ દ્વારા સોશિયલ મીડિયા પર મૂકવામાં આવેલી પૉસ્ટમાં મોદીની દેહ વિનાની માત્ર કપડાંની આઉટલાઈન ધરાવતી જૂની તસવીર દર્શાવવામાં આવી હતી અને મેસેજમાં 'ગાયબ' લખવામાં આવ્યું હતું. તસવીરની ઉપરની બાજુએ હિન્દીમાં 'જિમ્મેદારી કે સમય ગાયબ' લખવામાં આવ્યું હતું.

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ દાવો કર્યો હતો કે પૉસ્ટનો આશય પાકિસ્તાનને એ સંદેશો આપવાનો હતો કે કટોકટીના આ સમયે કૉંગ્રેસ પાકિસ્તાન સાથે છે. વિપક્ષને તેમણે 'લશ્કરે પાકિસ્તાન કૉંગ્રેસ' તરીકે વર્ણવ્યો હતો.

કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીના ઈશારે સોશિયલ મીડિયા પર આ પૉસ્ટ મૂકવામાં આવી હોવાનો તેમણે દાવો કર્યો હતો. ઈરાદો કોઈ પણ હોય, પરંતુ કૉંગ્રેસ દ્વારા મૂકવામાં આવેલી આ પૉસ્ટ નિર્દોષ તો નથી જ એમ જણાવી તેમણે કહ્યું હતું કે ભારતની એકતાને ખંડિત કરવાના આશયથી જ આ પૉસ્ટ સોશિયલ મીડિયા પર મૂકવામાં આવી હતી. એકતરફ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સેનાના બહાદૂર જવાનો દેશ તરફ દુષ્ટ નજરે જોનારી શક્તિઓનો નાશ કરવાની તૈયારી કરી રહ્યા છે તો બીજીતરફ કૉંગ્રેસની વિચારધારા આતંકી, દુષ્ટ અને પાકિસ્તાની વિચારધારા જેવી છે એવો આક્ષેપ તેમણે કર્યો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીને નિશાન બનાવી તેઓ પાકિસ્તાનને એવા સંકેત આપવા માગે છે કે પહલગામ હુમલાને મામલે કૉંગ્રેસ તમારી સાથે છે.

તેમણે કહ્યું હતું કે પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રધાન ચૌધરી ફવાદ હુસૈને પણ કૉંગ્રેસની આ પૉસ્ટ અંગે પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે શું પાકિસ્તાનની પ્રશંસા મેળવવા રાહુલ ગાંધી અને કૉંગ્રેસ આ પ્રકારની પૉસ્ટ સોશિયલ મીડિયા પર મૂકી રહ્યા છે.

'સર તન સે જુદા' એ લશ્કરે પાકિસ્તાન કૉંગ્રેસની પાયાની વિચારધારા અને ચરિત્ર બની ગયા છે, એમ તેમણે કહ્યું હતું.

તેમણે આક્ષેપ કર્યો હતો કે કટોકટીના આ સમયમાં કૉંગ્રેસ દેશને નબળો પાડવાના પ્રયાસ કરી રહી છે અને કૉંગ્રેસ પાકિસ્તાનની સાથે હોવાનાં સંકેત આપી રહી છે.

કૉંગ્રેસે આવું વલણ અપનાવ્યું હોય એવું આ પ્રથમવાર નથી બન્યું એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે અનેક પ્રસંગે રાહુલ ગાંધીએ વડા પ્રધાન સામે લોકોને ઉશ્કેરવાના અને તેને ન્યાયી ઠેરવવાના પ્રયાસ કર્યા છે, પરંતુ કૉંગ્રેસ તેમાં ક્યારેય સફળ નથી થઈ શકી કેમ કે વડા પ્રધાનની સાથે કરોડો દેશવાસીઓનો પ્રેમ અને આશીર્વાદ છે.

ખરેખર તો કૉંગ્રેસ માથા વિનાનું ધડ અને દિશાહિન બની ગઈ છે, એમ તેમણે કહ્યું હતું. ભાજપના સાંસદ નીશીકાંત દુબેએ આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસ પાકિસ્તાનથી આવતા આતંકવાદીઓ તેમ જ હિન્દુઓના હત્યારાઓની સાથે છે અને તેમનું રક્ષણ કરે છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ આક્ષેપ કર્યો હતો કે વિપક્ષ સીધો જ પાકિસ્તાન પાસેથી આદેશ મેળવી રહ્યો છે. કૉંગ્રેસ પાકિસ્તાનની ભાષા બોલી રહી હોવાનો ભાજપના અનેક કાર્યકર્તાઓએ આક્ષેપ કર્યો હતો.(એજન્સી) ■

## એમેઝોને પ્રથમ ઈન્ટરનેટ સૅટેલાઈટ લૉન્ચ કર્યો

કૅપ કાનવૅરલઃ એમેઝોને સોમવારે પ્રથમ ઈન્ટરનેટ સૅટેલાઈટ લૉન્ચ કર્યો હતો. ઈન્ટરનેટ સૅટેલાઈટના પ્રથમ બૅચના લૉન્ચિંગ સાથે એમેઝોને અવકાશ ક્ષેત્રના મસમોટા બજારમાં પ્રવેશ કર્યો હતો. હાલને તબક્કે સ્પેસએક્સ કંપની આ ક્ષેત્રમાં અગ્રણી ભૂમિકામાં છે.

યુનાઈટેડ લૉન્ચ અલાયન્સના વી રૉકેટ એમેઝોનના ૨૭ સૅટેલાઈટને ૬૩૦ કિ.મી.ની ઊંચાઈએ ભ્રમણકક્ષામાં તરતા મૂકવા ઉપડ્યું હતું.

અવકાશયાત્રીઓની અનુકૂળતા માટે પરાવર્તિત સૂર્યપ્રકાશને વિખેરવા સૅટેલાઈટ પર મિરર ફિલ્મ લગાડવામાં આવી છે. નીચલી ભ્રમણકક્ષામાં તરતા મુકવામાં આવતા સૅટેલાઈટ તેમના નિરીક્ષણ પર અસર કરતા હોવાની દલીલ કરી જ્યોતિષીઓ તેનો વિરોધ કરી રહ્યા છે. નીચલી કક્ષામાં મોટા પ્રમાણમાં સૅટેલાઈટ તરતા મુકવામાં આવતા હોવાને કારણે તે એકમેક સાથે અથડાઈ જવાનું જોખમ રહે છે એવો ભય પણ અનેક લોકો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

એમેઝોનના સ્થાપક જૅફ બૅઝોસની માલિકીની રૉકેટ કંપની બ્લૂ ઑરિજિનનો આશય ૩,૨૦૦ કરતાં પણ વધુ સૅટેલાઈટ ભ્રમણકક્ષામાં તરતા મૂકવાનો છે જેથી કરીને વિશ્વભરના લોકોને પરવડી શકે તેવી બ્રોડબેન્ડ સેવા પૂરી પાડી શકાય.

ઈલૉન મસ્કની સ્પેસએક્સ કંપનીએ વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૮,૦૦૦ કરતાં પણ વધુ સૅટેલાઈટ ભ્રમણકક્ષામાં તરતા મૂક્યા છે. રવિવારે રાત્રે કંપનીએ ૨૫૦મા સ્ટારલિન્ક લૉન્ચિંગની ઉજવણી કરી હતી. સ્પૅસએક્સે લૉન્ચ કરેલા ૮,૦૦૦ કરતાં વધુ સૅટેલાઈટમાંથી ૭,૦૦૦ હજુ પણ પૃથ્વીથી ૫૫૦ કિ.મીને અંતરે ભ્રમણકક્ષામાં કાર્યરત છે.(એજન્સી) ■

## ચીનમાં રેસ્ટોરાંમાં આગઃ બાવીસથી વધુનાં મોત

બીજિંગઃ ચીનના લિઑનિંગ પ્રાન્તના લિઑયાન્ગ શહેરસ્થિત રેસ્ટોરાંમાં મંગળવારે લાગેલી આગમાં ઓછામાં ઓછા બાવીસ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ત્રણ જણ ઘાયલ થયાં હતાં. એક અહેવાલ મુજબ મંગળવારે બપોરે ૧૨:૨૫ વાગે રેસ્ટોરાંમાં આગ ફાટી નીકળી હતી. જોકે આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નહોતું. રેસ્ટારાંના મેનેજરની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું. ઈજાગ્રસ્તોને તમામ પ્રકારની સારવાર આપવાની અને મદદ કરવાની ચીનના પ્રમુખ શી જિનપિંગે વિનંતી કરી હતી. આગ બુઝાવવા બાવીસ ફાયરટ્રક અને ફાયરફાઈટરને કામે લગાડવામાં આવ્યા હતા. આ મહિનામાં ચીનમાં ભીષણ આગની આ બીજી ઘટના છે. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

### બિહારનો ટાબરિયો

તેના (કરીમના) નામે અણગમતો વિક્રમ લખાવી દીધો.

બિહારનો ટીનેજ-ટેણિયો તો ગજબનો નીકળ્યો.

'પુષ્પા ધ રાઇઝ'ના એક્ટર અલ્લુ અર્જુન (પુષ્પા રાજ)નો ફેમસ ડાયલૉગ યાદ છે ને!... 'નામ સૂન કે ફ્લાવર સમઝે ક્યા...ફ્લાવર નહીં, ફાયર હૈં મૈં.'

આ સૂર્યમુખીનું ફૂલ નહીં, સૂર્યવંશી છે. જાણે સૂર્યનો વંશજ. આ સૂર્યવંશીએ તો ક્રિકેટને 'જાણે આગ લગાડી' દીધી.

#### સૂર્યવંશીએ આરઆરની ટીમને સંજીવની આપી

રાજસ્થાન રોયલ્સ (આરઆર)ની ટીમ આ સીઝનમાંથી બહાર થવાની તૈયારીમાં જ હતી (સોમવારે ગુજરાત ટાઇટન્સ સામે હારી ગઈ હોત તો પ્લે-ઑફની રેસમાંથી આઉટ જ થઈ ગઈ હોત), પરંતુ બિહાર રાજ્યના સમસ્તીપુર જિલ્લાના ભૂતપૂર્વ ક્રિકેટર સંજીવ સૂર્યવંશીના પુત્ર વૈભવ સૂર્યવંશીએ આ ટીમને સંજીવની આપી અને પોઈન્ટ્સ-ટેબલમાં સાવ તળિયેથી આઠમા નંબર પર લાવી દીધી. ૧૦માંથી માત્ર ૩ મૅચ જીતનારી આ ટીમ હવે બાકીની ૪ લીગ મૅચમાં સારું નહીં રમે અને સ્પર્ધાની બહાર થઈ જશે તો પણ એના ચાહકો સાવ નિરાશ નહીં થાય, કારણકે તેમના ૧૪ વર્ષના આ ટાબરિયાએ રાજસ્થાનની ટીમને એવું ગૌરવ અપાવ્યું છે જે ક્રિકેટના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ ગયું છે.

#### સોમવારના વિક્રમો પર એક નજર...

વૈભવે રાજસ્થાનની ટીમને રાતોરાત વૈભવશાળી બનાવી દીધી છે. તેના સોમવારના વિક્રમોની યાદીઃ

(૧) ટી-૨૦ ક્રિકેટમાં ૧૪ વર્ષની ઉંમરે યંગેસ્ટ સેન્ચુરિયન બન્યો.

(૨) વૈભવ સૂર્યવંશી ભારતીયોમાં ટી-૨૦ ક્રિકેટમાં સૌથી ઝડપે (૩૫ બૉલમાં) સદી ફટકારનાર ખેલાડી બન્યો. યુસુફ પઠાણ (૩૭ બૉલમાં સદી)નો ભારતીય વિક્રમ તેણે તોડ્યો.

(૩) વૈભવ સમગ્ર ટી-૨૦ ક્રિકેટમાં ક્રિસ ગેઈલ (૩૦ બૉલમાં સદી) પછીનો બીજા નંબરનો ફાસ્ટેસ્ટ સેન્ચુરીયન બન્યો.

(૪) આઈપીએલની એક જ ઇનિંગ્સમાં સૌથી વધુ ૧૧ સિક્સર ફટકારવાના મુરલી વિજય (૨૦૧૦માં રાજસ્થાન સામે)ના ભારતીય વિક્રમની બરાબરી કરી અને રાજસ્થાનના કેપ્ટન સૅમસનનો ૧૦ સિક્સરનો રેકૉર્ડ તોડ્યો.

(૫) ટી-૨૦ સેન્ચુરીમાં બાઉન્ડરીઝની હાઈએસ્ટ ટકાવારી... વૈભવે ૧૦૧માંથી ૯૪ રન બાઉન્ડરીઝમાં બનાવ્યા (૧૧ સિક્સર, ૭ ફોર).

(૬) સૂર્યવંશી-યશસ્વી વચ્ચે ૧૬૬ રનની ઓપનિંગ ભાગીદારી થઈ જે રાજસ્થાન માટે નવો વિક્રમ છે. વૈભવે આ રેકોર્ડ ભાગીદારી રાજસ્થાનના જ ભૂતપૂર્વ ખેલાડી અને ગુજરાતના વિકેટકીપર જૉસ બટલરની હાજરીમાં નોંધાવી. ૨૦૨૨માં રાજસ્થાન વતી બટલર-પડિક્કલની જોડીએ દિલ્હી સામે ૧૫૫ રનની પાર્ટનરશિપ કરી હતી જે હવે તૂટી ગઈ છે.

(૭) સૂર્યવંશીએ અફઘાનિસ્તાનના નવા પેસ બોલર કરીમ જનતના છ બૉલમાં ૩૦ રન ફટકાર્યા જે આઈપીએલમાં એક જ ઓવરમાં કરવામાં આવેલા રનનો નવો રેકોર્ડ છે. સૂર્યવંશીએ આ છ બૉલમાં ત્રણ સિક્સર અને ત્રણ ફોર ફટકારી હતી.

(૮) પાવરપ્લેની (શરૂઆતની) છ ઓવરમાં સૂર્યવંશી-યશસ્વીએ જોડીમાં ૮૭ રન કર્યા હતા. આઈપીએલમાં પાવરપ્લેની ઓવરમાં બનેલા રનની રેકોર્ડ બુકમાં આ નવો વિક્રમ છે. તેમણે હૈદરાબાદનો ૮૫ રનનો રેકોર્ડ તોડી નાખ્યો.

### અમદાવાદના

અરજદારોએ રજૂઆત કરી હતી કે, નીતિ-નિયમો વિરુદ્ધ ડિમોલિશન થઈ રહ્યું છે. અહીં રહેતા લોકો બાંગ્લાદેશી હોવાનું પુરવાર થયું નથી. પોલીસ અને વહીવટી તંત્ર મનમાની કરી શકે નહીં. અહીં રહેતા લોકો ગેરકાયદે વિદેશી છે કે નહીં તે ફોરેન ટ્રિબ્યુનલ નક્કી કરે. ઘર તોડતા અગાઉ કોઈ નોટિસ અપાઈ નથી. પુનર્વસનની પણ કોઈ વાત નથી. જો કે તમામ દલીલો સાંભળ્યા બાદ હાઇકોર્ટે અરજીને નકારી કાઢી હતી અને ડિમોલિશનને લીલી ઝંડી આપી દીધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર પોલીસ અને અમદાવાદ મનપાનું આ અત્યાર સુધીનું સૌથી મોટું ઓપરેશન છે. ૨૮ એપ્રિલની મોડી રાત્રે જ પોલીસ કાફલો, ૫૦ જેસીબી મશીન સાથે મનપાની ટીમ પહોંચી ગઈ હતી. ત્યાર બાદ સવારે સાત વાગ્યાથી બાંધકામો તોડવાનું શરૂ કર્યું હતું. આ ડિમોલિશનની કાર્યવાહી દરમિયાન પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો હતો. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ડ્રોન, તિથર ડ્રોન થકી સતત નજર રાખવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમને પણ તૈનાત રાખવામાં આવી હતી.

ચંડોળા તળાવ ખાતે એએમસીની ટીમો સાથે બે હજાર પોલીસનો કાફલો પણ તૈનાત કરવામાં આવ્યો હતો. મેગા ડિમોલિશનમાં ત્રણ હજારથી વધુ કાચા પાકા મકાન અને ઝૂંપડાઓ પર બુલડોઝરથી ડિમોલિશન કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં, પરંતુ ચંડોળા તળાવ ડિમોલિશનમાં ૧.૨૫ લાખ સ્કેવર મીટર જગ્યા ખાલી કરવામાં આવશે તેવું જાણવા મળ્યું હતું. ચંડોળા તળાવ ડિમોલિશન મામલે લાલા બિહારી ઉર્ફે મહેમૂદ પઠાણ સામે ગુનો નોંધાયો છે. આરોપી લાલા બિહારી અહીં ગેરકાયદે બાંધકામ કરી કાળી કમાણી કરતો હતો.એટલું જ નહીં પરંતુ લાલા બિહારી ગુનાહિત પ્રવૃત્તિઓ કરાવતો હતો અને લાલા બિહારી હાલ પેરોલ જંપ કરી ફરાર છે. તેને શોધવા માટેની તપાસ તેજ કરી દેવામાં આવી છે. આગામી બે દિવસ સુધી ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવશે. અત્યાર સુધીમાં ૬૦ ટકા ડિમોલિશનની કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ છે. આ મામલે જે કોઈની અટકાયત કરવામાં આવી છે તેમની પૂછપરછ કરવામાં આવશે. તેમજ બાંગ્લાદેશીઓને મદદ કરનારને પણ છોડવામાં નહીં આવે.

ચંડોળા તળાવ ડિમોલિશન કામગીરી અંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અમદાવાદ પોલીસ કમિશનર ઓફિસ ખાતે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે હાઇલેવલ બેઠક યોજાઈ હતી. જેમાં ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી, રાજ્ય પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. ૨૫ મિનિટની બેઠકમાં ભૂપેન્દ્ર પટેલે ડિમોલિશનની સમગ્ર વિગત મેળવી હતી. ■

### કાશ્મીરમાં અનેક

ભારે ઘટાડો થયેલો જોવા મળી રહ્યો છે. શંકાસ્પદ ઘરો પરની છાપામારી બીજા અઠવાડિયે પણ ચાલુ જ રહી છે.

બંધ કરી દેવામાં આવેલા પર્યટક સ્થળોમાં યૂસમર્ગ, તૌસા મેદાન, ડૂડપથરી, અહરબલ, કૌસરનામ, બંગસ, કરિવાન, ડાઈવર ચંડીગામ, બંગસ વેલી, વુલર-વટલબ, રામપોરા, રાજપોરા, ચેરહર, મુડિઝ-હમામ-મરકૂટ ઝરણા, ખામ્પૂ, બોસ્નિયા, વીજિટોપ, સૂર્યમંદિર, વેરિનાગ ગાર્ડન, સિંથન ટોપ, માર્ગન ટોપ, અકાડ પાર્ક, હબ્બા ખાતૂન પોઈન્ટ, બાબા રેશી દરગાહ, રિંગાવલી, ગોગલદારા, બદરકોટ, શ્રુંજ ઝરણા, કમાન પોસ્ટ, નંબલાન ઝરણા, ઈકો પાર્ક ખડનિયાર, સંગરવાની, જામિયા મસ્જિદ, બાદામવારી, રાજૌરી કદલ, હોટલ કનાઝ, આલી કદલ, જેજે ફૂડ રેસ્ટોરાં, આઈવરી હોટલ, પદશાપાલ રિસોર્ટ ઍન્ડ રેસ્ટોરાં, ચેરી ટ્રી રિસોર્ટ (ફકીર ગુજરી), નોર્થ ક્લિફ કેફે, સ્ટે પૈટર્ન રિટ્રીટ, ફૉરેસ્ટ હિલ કોટેજ, વિલેજ રિસોર્ટ (દારા), અસ્તાનમાર્ગ વ્યૂ પોઈન્ટ, અસ્તાનમાર્ગ પેરાગ્લાઈડિંગ, મમનેથ અને મહાદેવ હિલ્સ, બૌદ્ધ મઠ, દાચીગામ, ટાઉટ ફાર્મ, મત્સ્ય પાલન ફાર્મથી દૂર અસ્તનપોરા (વિશેષ રૂપે કાયમ ગાહ રિસોર્ટ), લછપત્રી, હંગ પાર્ક, નારાનાગનો સમાવેશ થાય છે. દરમિયાન આતંકવાદીઓને શોધી કાઢી હથિયાર, દસ્તાવેજો, ડિજિટલ ઉપકરણો વગેરે જપ્ત કરવાની કાર્યવાહી પુરજોશમાં ચાલી રહી છે. પોલીસની આ નિર્ણાયક કાર્યવાહીનો મુખ્ય આશય રાષ્ટ્રવિરોધી અને ગુનાખોર પ્રવૃત્તિમાં સંડોવાયેલી વ્યક્તિઓને પકડી પાડી તેમની વિરુદ્ધ કાયદેસર પગલાં લઈ જમ્મુ-કાશ્મીરમાંથી આતંકવાદને સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કરવાનો છે. હિંસા, ગેરકાયદે પ્રવૃત્તિના એજન્ડાને આગળ વધારનાર કોઈપણ વ્યક્તિએ કાયદેસર પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે. ■

### લશ્કરને 'છૂટો દોર'

કરાઇ હતી.પહલગામમાંના ત્રાસવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સાથેના સિંધુ જળ કરાર સ્થગિત કર્યા હતા અને અન્ય કેટલાક પગલાં લીધાં હતાં. દિવસની શરૂઆતમાં કેન્દ્રના ગૃહ સચિવ ગોવિંદ મોહને યોજેલી ઉચ્ચ સ્તરની બેઠકમાં લશ્કરની ત્રણેય પાંખના વડા અને ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. (એજન્સી) ■

# બાન્દ્રામાં ૧૩ કલાક અગ્નિતાંડવ

## લિંકિંગ રોડના લિંક સ્ક્વેર મૉલમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં લાગેલી આગ આખા મૉલ ફેલાઈ: ઈલેક્ટ્રોનિક આઈટમો, મોબાઈલ, કપડાં અને અત્તરના વિપુલ સ્ટૉકને લીધે આગ બેકાબૂ: એનડીઆરએને પણ બોલાવાઈ



**આગ હી આગ:** બાન્દ્રા (પશ્ચિમ)માં લિંકિંગ રોડ પરના લિંક સ્કવેર મૉલમાં મંગળવારે વહેલી સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બાન્દ્રા (પશ્ચિમ)માં લિંકિંગ રોડ પર આવેલા ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળના લિંક સ્કવેર મૉલમાં મંગળવારે વહેલી સવારે ફાટી નીકળેલી ભીષણ આગને બુઝાવવા માટે મુંબઈ ફાયરબ્રિગેડને ફાયર રોબોટની સાથે જ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) ની મદદ લેવી પડી હતી. મૉલના બેઝમેન્ટમાં ક્રોમાના શોરૂમમાંથી શરૂ થયેલી આગ ધીમે ધીમે મૉલના ઉપરના માળા સુધી ફેલાઈને આખા મૉલને ચપેટમાં લઈ લીધો હતો. મોલમાં ઈલેક્ટ્રોનિક સ્ટોરની સાથે જ મોબાઈલ તથા કપડાંની તથા અત્તરની દુકાનો મોટા પ્રમાણમાં આવી છે. આવા જ્વલનશીલ પદાર્થને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી જેને ચાર નંબરની જાહેર કરવામાં આવી હતી. લગભગ ૧૩ કલાકે એટલે કે છેક સાંજે સાડા પાંચ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. જોકે મૉલમાં રહેલી મોટાભાગની દુકાનો બળીને ખાખ થઈ જતા મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. આગની દુર્ઘટનાનો તપાસનો આદેશ પ્રશાસને આપ્યો હતો. તો મૉલમાં મોટા પ્રમાણમાં અનધિકૃત બાંધકામ બાબતે પણ તપાસ કરવામાં આવવાની હોવાનું કહેવામાં આવી રહ્યું છે. શો રૂમ રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નેતા ઝીશાન સિદ્દીકીના પરિવારની માલિકીનો માનવામાં આવે છે. ઝીશાન સિદ્દીકીએ ફાયરબ્રિગેડની ટીકા કરી હતી અને દાવો કર્યો હતો કે અપૂરતાં સાધનોને કારણે ફાયરબ્રિગેડ આગને નિયંત્રણમાં લાવવામાં નિષ્ફળ ગઈ હતી. બાન્દ્રામાં લિંકિંગ રોડ પર આવેલા ત્રણ બેઝમેન્ટ સહિત ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળના કમર્શિયલ લિંક સ્વેકર મોલમાં બેઝમેન્ટમાં રહેલા ક્રોમાના શોરૂમમાં મંગળવારે વહેલી સવારના ૪.૧૧ વાગે અચાનક આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતા જ ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આગ એટલી ભીષણ હતી કે સવારના ૪.૨૮ વાગે ફાયરબ્રિગેડે તેને બે નંબરની અને બાદમાં ૬.૨૫ વાગે તેને ચાર નંબરની આગ જાહેર કરી હતી. એ સાથે જ તેમણે આગ બુઝાવવાની કામગીરીમાં મદદ માટે એનડીઆરએફની સાથે સ્થાનિક પોલીસ અને રેસ્ક્યુ એજન્સી પણ જોડાઈ હતી. આ આખી બિલ્ડિંગ કાચની હોવાથી અને તેમાં વેન્ટિલેશન ન હોવાથી આગ લાગ્યા બાદ ઠેર-ઠેર ધુમાડો ફેલાઈ ગયો હતો અને અંદરની વિઝિબિલિટી ઝીરો થઈ ગઈ હતી. ફાયરબ્રિગેડના જવાનોએ અંદર જઈને ધુમાડો બહાર નીકળે તે માટે કાચની બારીઓને તોડવી પડી હતી. વહેલી સવારે લાગેલી ભીષણ આગ છેક સાંજે ૫.૩૦ વાગ્યે નિયંત્રણમાં આવી હતી. ફાયરબ્રિગેડના ડેપ્યુટી ચીફ ઓફિસર અનિલ પરબે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે આગ બુઝાવવામાં ફાયરબ્રિગેડને ભારે જહેમત ઉઠાવી પડી હતી. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી પણ મૉલમાં કપડાં, અત્તર, મોબાઈલ સહિત ઈલેક્ટ્રોનિક આઈટમ, લિક્વિડ મટિરિયલ, પ્લાસ્ટિક મટિરિયલ જેવા જ્વલનશીલ પદાર્થોની દુકાનો હતી અને તેમાં મોટા પ્રમાણમાં માલનો સ્ટોક કરવામાં આવ્યો હતો તેથી આગ વધુ ઝડપથી ફેલાઈ હતી અને તેના પર નિયંત્રણ મેળવવામાં પણ નાકે દમ આવી ગયો હતો. કાચની બિલ્ડિંગ હોવાથી અને વેન્ટિલેશનના અભાવે ધુમાડો ફેલાઈ જતા આગ બુઝાવવામાં અડચણ આવી હતી. એક તબક્કે આગ બુઝાવવા માટે પાણી પણ ખૂટી પડયું હતું અને તેને કારણે મુશ્કેલી સર્જાઈ હતી. અધિકારીના કહેવા મુજબ પાલિકાએ પાણીની તરત વ્યવસ્થા કરી આપી હતી. ફાયરબ્રિગેડ દ્વારા ૧૩ જંબો વોટર ટેન્કર, આઠ ફાયર એન્જિનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ■

### રોબોને કામે લગાવ્યો પણ ...

બિલ્ડિંગ કાચની હોવાથી તેમાં વેન્ટિલેશન ન હોવાથી આગને કારણે ધુમાડો અંદર ફેલાઈ ગયો હતો. કાળા ધુમાડાને કારણે વિઝિબિલિટી ઝીરો થઈ ગઈ હતી તેને કારણે આગ બુઝાવવાની કામગીરીમાં અડચણ આવી હતી. એક તબક્કે ફાયરફાઈટરોને અંદર જવાનું મુશ્કેલ જણાતા મુંબઈ ફાયરબ્રિગેડે રોબોની મદદ લેવી પડી હતી. આ રોબોને એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે તે હાઈ ટેમ્પરેચર અને લો-વિઝિબિલિટીમાં પણ કામ કરી શકે છે. આ રોબો કેમેરા, સેન્સર, અને હાઈકેપેસિટી વોટર પ્રેશર સાથે સજ્જ છે. જોકે ઘટનાસ્થળે હાજર રહેલા અમુક લોકોના જણાવ્યા મુજબ બિલ્ડિંગની અંદર રોબોને મોકલવામાં પણ ફાયરબ્રિગેડના નાકે દમ આવી ગયો હતો. માંડ માંડ રોબોને અંદર મોકલવામાં સફળતા મળ્યા બાદ આગ બુઝાવવાની કામગીરી ફરી ચાલુ થઈ હતી. જોકે ફાયરબ્રિગેડે આવું કંઈ થયું હોવાનો ઈનકાર કર્યો હતો. ■

### શો- રૂમમાં અનધિકૃત બાંધકામ

શોરૂમમાં મોટા પ્રમાણમાં કથિત રીતે ગેરકાયદે બાંધકામ હોવાનું કહેવાય છે. બિલ્ડિંગમાં ત્રણ માળ સુધીના વિસ્તારમાં અમુક ફેરફાર કરવામાં આવ્યા હતા. તો ચોથા માળા પર ટેરેસના ભાગમાં હોટલ કમ બાર બનાવી દેવામાં આવ્યો હોવાનું જણાયું હતું. શોરૂમમાં અનધિકૃત બાંધકામ બાબતે પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે આ શોરૂમનો મંજૂર થયેલો પ્લાન જોયા બાદ તે બાબતે ચોક્કસ કઈ કહેવાશે.■

### આગની દુર્ઘટનાની તપાસ

બાન્દ્રાના મોલમાં લાગેલી ભીષણ આગની દુર્ઘટનાની તપાસ કરવાનો આદેશ પાલિકા પ્રશાસને આપ્યો હોવાનું જાણવા મળ્યું હતું. બુધવાર, ૩૦ એપ્રિલના રોજ તેની તપાસ કરવામાં આવશે એવું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે પણ તપાસ બાદ ચોક્કસ કારણ જાણી શકાશે. ■

## હરાજીમાંથી સેનાપતિ રઘુજી ભોંસલેની તલવાર ૪૭.૧૫ લાખ રૂપિયામાં ખરીદાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે લંડનની હરાજીમાંથી મરાઠા સરદાર રઘુજી ભોંસલેની તલવાર ૪૭.૧૫ લાખ રૂપિયા ખર્ચીને સફળતાપૂર્વક પાછી મેળવી હતી.

મહારાષ્ટ્ર સરકારે નાગપુર ભોંસલે વંશના સ્થાપક અને છત્રપતિ શાહુ મહારાજના શાસનકાળ દરમિયાન મરાઠા સૈન્યના મહત્ત્વપૂર્ણ સેનાપતિ રઘુજી ભોંસલેની ઐતિહાસિક તલવાર પાછી લાવવામાં સફળતા મેળવી છે, જે તાજેતરમાં લંડનમાં હરાજી માટે મૂકવામાં આવી હતી. મુખ્ય પ્રધાને આ બાબતની માહિતી પોતાના એક્સ અકાઉન્ટ પર આપી હતી.

તલવારની હરાજી આયોજિત થવાના સમાચાર ગઈ કાલે અચાનક આવ્યા હતા. આ સમાચાર સાંભળ્યા પછી સરકાર દ્વારા તલવાર મેળવવાની ખાતરી કરવા માટે એક રણનીતિ ઘડી કાઢવામાં આવી.

સોથબી દ્વારા મંગળવારે હરાજી કરવામાં આવી હતી તેમણે પોતાના પોર્ટલ પર જણાવ્યું હતું કે બાસ્કેટ હિલ્ટ સ્વોર્ડ (ખાંડા)ને ૩૮,૧૦૦ પાઉન્ડમાં વેચાઈ હતી. લિલામ પહેલાં આ તલવારની અપેક્ષિત કિંમત ૬,૦૦૦થી ૮,૦૦૦ પાઉન્ડ હતી, એમ તેમાં કહેવામાં આવ્યું હતું.

આ સંપાદન માટે હેન્ડલિંગ, પરિવહન અને વીમા ખર્ચનો અંદાજિત ખર્ચ આશરે રૂ. ૪૭.૧૫ લાખ છે. રઘુજી ભોંસલેની તલવાર મરાઠા શૈલીની 'ફિરંગ' તલવારની શ્રેષ્ઠ કૃતિ છે. આ તલવારની વિશેષતાઓમાં સીધી, એકધારી તલવાર અને સોનાથી કોતરેલી મુલ્હેરી ઘાટની મુઠ્ઠનો સમાવેશ થાય છે. તલવારની બ્લેડ યુરોપિયન બનાવટનું છે અને બ્લેડ બનાવનાર કંપનીનું નામ બ્લેડની મ્યાન પાસે લખેલું છે. ■

## સ્ત્રીઓના આર્થિક સ્વતંત્રતાને પ્રોત્સાહન આપતી ગુજરાતી ફિલ્મ "Auntypreneur" ને મળી રહ્યો છે ખૂબ સારો પ્રતિસાદ

ગુજરાતી ફિલ્મોના જાણીતા નિર્માતા અને દિગ્દર્શક અભિષેક જૈન "Auntypreneur" લઈને ફરી આવી ગયા છે. આ ફિલ્મમાં જશુબેન ગાંગાણી નામના એક ૬૫ વર્ષના સ્ત્રીની વાત છે જે એવું માને છે કે લગ્ન પહેલા પિતા પર, લગ્ન પછી પતિ પર અને એમના અવસાન બાદ પુત્ર પર આર્થિક રીતે નિર્ભર રહેવાને બદલે પોતે આર્થિક રીતે સ્વતંત્ર થવું જોઈએ. આથી તેઓ નવા ધંધામાં ઝંપલાવે છે. જશુબેન સ્વનિર્ભર થવા તરફ આગળ વધે છે અને અન્ય લોકોને પણ પ્રેરે છે.જશુબેન પોતાને Entrepreneurની જગ્યાએ Auntypreneur તરીકે ઓળખાવે છે. આ ફિલ્મમાં જશુબેન ગાંગાણીનું પાત્ર ભારતીય સિનેમા જગતના જાણીતા અભિનેત્રી સુપ્રિયા પાઠક (ખીચડી ફેમ હંસા) ભજવે છે. આ ફિલ્મ સ્ત્રીઓના આર્થિક સ્વતંત્રતાને પ્રોત્સાહન આપે છે. Auntypreneur એ પરિવાર જોડે જોઈ શકાય એવી રમૂજી અને પારિવારિક ફિલ્મ છે, જે ૮ વર્ષના બાળકથી લઈને ૮૦ વરસના વૃદ્ધ સુધી દરેકને ગમે એવી છે. Auntypreneur ફિલ્મમાં આ બા મહદ્અંશે જશુબેન ગાંગાણી છે. લોકોને આ ફિલ્મમાં કાંદિવલી ઈસ્ટ અને મલાડમાં રહેતા હોય એવા ગુજરાતીઓ જોવા મળશે. આજનો સમય વુમન એન્ટોરપ્રિનિયોર અને સ્ત્રી આર્થિક સ્વતંત્રતાનો છે, ત્યારે આ ફિલ્મ સ્ત્રીઓને આર્થિક સ્વતંત્રતા અને સ્વરોજગાર તરફ પ્રોત્સાહિત કરશે. ગુજરાતની તમામ મહિલાઓએ આ ફિલ્મ અચૂક જોવી જોઈએ. આ ફિલ્મ સોશિયલ મેસેજ આપવાની સાથે હસાવે પણ છે. આ ફિલ્મ દરેક પુરુષે તેમની દીકરી, પત્ની, માતા તેમજ મિત્ર સહિત આખા પરિવારને બતાવવી જોઈએ. ■




















## જળ સંસાધન વિભાગના ત્રણ કંપની સાથે ૫૭,૭૬૦ કરોડનાં રોકાણના કરાર

મુંબઈ: મહારાષ્ટ્ર માટે સારા સમાચાર છે. રાજ્યના જળ સંસાધન વિભાગે ત્રણ કંપનીઓ સાથે કુલ નવ મોટા કરાર કર્યા છે. આ કંપનીઓના માધ્યમથી હવે મહારાષ્ટ્રમાં કરોડો રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. આંકડા મુજબ રાજ્યના જળ સંસાધન વિભાગે ત્રણ કંપનીઓ સાથે નવ કરાર કર્યા છે. પ્રધાન ગિરીશ મહાજનની હાજરીમાં કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ નવ કોન્ટ્રાક્ટથી રાજ્યમાં ૮,૯૦૫ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થશે. કરાર દ્વારા કુલ ૫૭,૭૬૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. ત્રણ કંપનીઓ સાથે આ કરાર દ્વારા મહારાષ્ટ્રમાં લગભગ ૯,૨૦૦ નવી નોકરીઓનું સર્જન કરવામાં આવશે. મહાજેન્કો, એમઆરઈએલ અને આવાદા એમ ત્રણ કંપનીઓ સાથે કરાર કરવામાં આવ્યા છે.

છેલ્લા ઘણા વખતથી મહારાષ્ટ્રમાં આટલા મોટા અને નવા રોજગાર સર્જનના કરારો થયા નથી. હવે ત્રણ જાણીતી કંપનીઓ સાથે કરોડો રૂપિયાના નવ કરાર થતાં ભવિષ્યમાં અન્ય કંપનીઓ સાથે કેટલીક વધુ સારા કરાર થશે એવી ધારણા છે. રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર છેલ્લા કેટલાક વર્ષોથી વિશેષ પ્રયાસો કરી રહી છે. સરકાર ઉદ્યોગો માટે વીજળી, રસ્તા, જમીન, પાણી અને અન્ય મહત્ત્વપૂર્ણ સુવિધાઓ બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

રાજ્યના ઉદ્યોગો અન્ય રાજ્યોમાં મોકલવામાં આવી રહ્યા છે. વિપક્ષે આરોપ લગાવ્યો છે કે મોટાભાગના ઉદ્યોગોને ગુજરાતમાં મોકલવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણા મોટા ઉદ્યોગો અન્ય રાજ્યોમાં ગયા હોવાથી વિપક્ષનો દાવો મજબૂત બને છે. મહા વિકાસ આઘાડીએ ચૂંટણીમાં પણ આ જ મુદ્દાનો ઉપયોગ કર્યો છે. ઠાકરે જૂથના નેતા અને વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ અનેક પત્રકાર પરિષદો યોજીને મહારાષ્ટ્ર છોડી ગયેલા ઉદ્યોગોની યાદી વાંચી સંભળાવી હતી. જો કે સત્તારૂઢ મહાગઠબંધને દાવો કર્યો હતો કે રાજ્યમાં રોકાણ વધ્યું છે. ■

## લોરેન્સ બિશ્નોઇ ગૅંગ મુંબઈમાં કોઇ મોટો કાંડ કરવાની તૈયારીમાં?

મુંબઈ: બોલીવુડના અભિનેતા સલમાન ખાન સહિત અન્ય કલાકારો લોરેન્સ બશ્નોઇ ગેંગના હિટલિસ્ટ પર છે. એનસીપીના નેતા બાબા સિદ્ધીકીની હત્યા બાદ આ ગેંગ વધુ મોટા કાંડ કરવાની તૈયારીમાં હોવાનું પોલીસને માહિતી મળી છે.

મુંબઈ પોલીસે અંધેરીમાંથી કેટલાક દિવસ પહેલા પાંચ શૂટરની ધરપકડ કરી હતી જેમાંથી એક આરોપી બિશ્નોઇ ગેંગના સંપર્કમાં હોવાનું તપાસમાં ખુલાસો થયો હતો. આ પાંચ આરોપી પાસેથી પોલીસે સાત બંદૂક અને ૨૧ જીવંત કારતૂસ જપ્ત કર્યા હતા. સૂત્રોએ આપેલી માહિતી અનુસાર એક આરોપી વિકાસ ઠાકુરે પૂછપરછ દરમિયાન જણાવ્યું હતું કે તે બિશ્નોઇ ગેંગના સ્પર્કમાં હતો.

લોરેન્સ બિશ્નોઇના ભાઇ અનમોલ બિશ્નોઇના આદેશ બાદ આ પાંચ શૂટર મુંબઈમાં આવ્યા હતા કે? તેની તપાસ પોલીસ કરી રહ્યા છે. મુંબઈમાં તેમને એક મોટી સુપારી પણ મળી હતી. મુંબઈ પહોંચીને કોના ઉપર હુમલો કરવાનો છે એની માહિતી ગેંગ તરફથી મળવાની હતી, પણ તેના પહેલા જ પોલીસે તેમની ધરપકડ કરી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ હુમલા બાદ પાંચ જણને પચાસ લાખ રૂપિયા મળવાના હતા અને મુંબઈના કોઇ મોટા ઉદ્યોગપતિની હત્યા કરવાની હતી, પણ તેના પહેલા જ પોલીસે તેમને પકડી પાડ્યા હતા.

વિકાસ ઠાકુર ઉર્ફે વિકી, સુમિત કુમાર દિલાવર, શ્રેયસ યાદવ, દેવેન્દ્ર સકસેના અને વિવેક ગુપ્તા એમ પાંચ જણની ધરપકડ કરી હતી. તેઓ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહારના રહેવાસી છે. સુમિત કુમાર અને વિકાસ એ હિસ્ટ્રીશીટર છે. ■

## હાઉસિંગ પ્રોજેક્ટ રજિસ્ટ્રેશન: મહારેરાની વેબસાઇટ પર નવી સિસ્ટમ પાંચમી મેથી અમલી

મુંબઈ: હાઉસિંગ પ્રોજેક્ટ રજિસ્ટ્રેશન, એક્સટેન્શન, કરેક્શન માટે મહારેરાની નવી સિસ્ટમ પાંચમી અમલી કરવામાં આવશે. રજિસ્ટર્ડ ડેવલપર્સ/પ્રમોટર્સ કે જેમણે હાલની સિસ્ટમ હેઠળ નવા હાઉસિંગ પ્રોજેક્ટ્સની નોંધણી, વિસ્તરણ અથવા સુધારણા માટે અરજી કરી છે, તેમણે ફરીથી અરજી કરવાની જરૂર નથી. મહારેરાએ સ્પષ્ટ કર્યું છે કે તેમની અરજીઓ પર અપેક્ષિત સંપૂર્ણ કાર્યવાહી વર્તમાન સિસ્ટમમાં કરવામાં આવશે. આ ફેરફારો માત્ર રજિસ્ટર્ડ ડેવલપર્સ/પ્રમોટર્સ માટે જ છે. ઘર ખરીદનારા અને એજન્ટો માટે વેબસાઇટ પર સિસ્ટમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

મહારેરા પાસે વિવિધ પરવાનગી માગતા ડેવલપર્સ અને પ્રમોટર્સની વિગતવાર પ્રોફાઇલ પણ સચોટ હોવી જોઈશે. ■






## રાણીબાગમાં ત્રણ બાળ પૅંગ્વિનનું આગમન

મુંબઈ: વીરમાતા જીજાબાઈ ભોંસલે વનસ્પતિ ઉદ્યાન અને પ્રાણી સંગ્રહાલયમાં ત્રણ નવજાત પેંગ્વિન; નોડી, ટોમ અને પિંગુનું આગમન થયું હોવાની જાહેરાત પ્રાણી સંગ્રહાલયના અધિકારીઓએ કરી છે. આ ત્રણ નવજાત પેંગ્વિનના આગમનથી ભાયખલા પ્રાણી સંગ્રહાલયમાં હમ્બોલ્ટ પેંગ્વિનની કુલ સંખ્યા ૨૧ થઈ ગઈ.

અધિકારીઓએ જણાવ્યું હતું કે હાલમાં બાળ પેન્ગ્વિન મુલાકાતીઓ માટે જોવા માટે ઉપલબ્ધ નથી. પેંગ્વિન બચ્ચાઓમાંથી પ્રથમ નોડીનો જન્મ ૪ માર્ચે માતાપિતા ઓલિવ અને પોપીને ત્યાં થયો હતો, જ્યારે ડેઈઝી અને ડોનાલ્ડે ટોમ અને પિંગુનું સ્વાગત કર્યું હતું. ટોમનો જન્મ ૭ માર્ચે થયો હતો, અને તેમાંથી સૌથી નાનાનો જન્મ ૧૧ માર્ચે થયો હતો. તેમના આગમનની ઘોષણા, જેનાથી અધિકારીઓમાં ખૂબ ખુશી ફેલાઈ છે.

પ્રાણી સંગ્રહાલયમાં વધતી જતી આ પ્રજાતિની વસ્તીને ધ્યાનમાં રાખીને, ભાયખલાના સત્તાવાળાઓએ તેમના કાર્યક્રમોના ભાગ રૂપે પેંગ્વિનને અન્ય પ્રાણીઓ સાથે બદલવાનો પ્રસ્તાવ મૂક્યો છે. પરંતુ, ખર્ચાળ જાળવણી અને સંભાળને કારણે પેંગ્વિન કોઈ ખરીદદાર આકર્ષ્યા નથી, જેના કારણે વર્તમાન સુવિધામાં તેમના માટે જગ્યા ઘટતી જવાની ચિંતા વધી રહી છે.■

## થાણેમાં જમીનની માલિકીના ટ્રાન્સફર માટે લાંચ માગી: તલાટી સામે ગુનો

થાણે: થાણે જિલ્લામાં જમીનના દસ્તાવેજોના હસ્તાંતરણની પ્રક્રિયા માટે એક વ્યક્તિ પાસેથી ૫૦ હજાર રૂપિયાની લાંચ માગવાના આરોપસર એક તલાટી સામે કેસ નોંધવામાં આવ્યો હોવાનું એસીબીએ મંગળવારે જણાવ્યું હતું. તલાટી સિદ્ધિ સંતોષ પાટકરે એક હાઉસિંગ સોસાયટીના નામે જમીનના દસ્તાવેજ ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા માટે લાંચની માગણી કરી હોવાનું એસીબી થાણે યુનિટના ડીએસપી માધવી રાજેકુંભારે જણાવ્યું હતું.(પીટીઆઈ)■




# પોલીસ અને કસ્ટમ્સના અધિકારીઓની દેખરેખમાં ચાલતા ડ્રગ્સ રૅકેટનો પર્દાફાશ

## થાઈલૅન્ડથી વિમાનમાં થતી હતી હાઈડ્રો ગાંજાની તસ્કરીઃ હૉકી પ્લેયર અને આંગડિયાની પણ સંડોવણીઃ ૧૦ની ધરપકડ

થાણેઃ નવી મુંબઈ પોલીસે કસ્ટમ્સના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ કોન્સ્ટેબલોની 'મહેરબાની'થી ચાલતા ડ્રગ્સ રૅકેટનો પર્દાફાશ કરી ૧૦ આરોપીની ધરપકડ કરી હતી. થાઈલૅન્ડથી હવાઈ માર્ગે તસ્કરીથી લાવવામાં આવેલું ડ્રગ્સ કસ્ટમ્સના અધિકારીઓની કથિત મિલીભગતથી શહેરમાં પસાર થતું હતું. ડ્રગ્સના વેચાણમાંથી થયેલી આવક વિદેશમાં મોકલવા તેને ક્રિપ્ટોકરન્સીમાં કન્વર્ટ કરનારા આંગડિયા સહિત હૉકી પ્લેયરની પણ આ રૅકેટમાં સંડોવણી હોવાનું જણાયું હતું. ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઈમ) અમિત કાળેએ જણાવ્યું હતું કે થાઈલૅન્ડથી તસ્કરીથી લાવવામાં આવેલા હાઈડ્રો ગાંજા સહિત અંદાજે ૧૬.૪૩ લાખ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. મળેલી માહિતીને આધારે નવી મુંબઈ પોલીસના એન્ટિ-નાર્કોટિક્સ યુનિટ (એએનયુ)ના અધિકારીઓએ નેરુળની એક ઈમારતના ટેરેસ ફ્લૅટ પર રેઇડ કરી હતી. ૧૪ એપ્રિલે કરાયેલી આ કાર્યવાહી બાદ અત્યાર સુધીમાં ૧૦ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપી આશિષ ગાવડે (૨૨)ના ટેરેસ ફ્લૅટ પર દરોડો પાડ્યો હતો. ગાવડે સાથે તેના સાથી અહમદ ખાલીદ અલાંગી (૨૩)ને ડ્રગ્સ ડીલ વખતે જ તાબામાં લેવાયા હતા. પૂછપરછમાં આરોપીઓએ હાઈડ્રો ગાંજા થાઈલૅન્ડથી હવાઈ માર્ગે લાવવામાં આવ્યો હોવાની કબૂલાત કરી હતી.

ડીસીપી કાળેએ જણાવ્યું હતું કે બે વખત દેશનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલા હૉકી પ્લેયર સુજિત બંગેરા અને સાહિલ લાંબે ડ્રગ્સની આયાતમાં મુખ્ય ભૂમિકા ભજવતા હોવાનું તપાસમાં જણાયું હતું. ડ્રગ્સ ઍરપોર્ટ પર આવ્યા પછી કસ્ટમ્સના સુપરિન્ટેન્ડેન્ટની સાઠગાંઠ સાથે સુપરિન્ટેન્ડેન્ટ પ્રશાંત ગૌર ફોરેન પોસ્ટ ઑફિસના માધ્યમથી તેને ઍરપોર્ટ બહાર કાઢવામાં મુખ્ય ભૂમિકા ભજવતા હતા. આ રૅકેટ સાથે સંકળાયેલા ખારઘર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ સચિન ભાલેરાવ અને એન્ટિ-નાર્કોટિક્સ યુનિટમાં ફરજ બજાવતા સંજય ફુલેકરની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ બન્ને કોન્સ્ટેબલ આરોપીઓના સંપર્કમાં હોવાનું જણાયું હતું. તપાસમાં જણાયું હતું કે ડ્રગ્સના વેચાણમાંથી થયેલી આવકને આંગડિયા અંકિત પીતાંબરભાઈ પટેલ અને રિંકુકુમાર દિનેશભાઈ પટેલ મારફત વિદેશ મોકલવામાં આવતી. આંગડિયા જ આ રકમને ક્રિપ્ટોકરન્સીમાં કન્વર્ટ કરતા હતા, એમ કાળેએ જણાવ્યું હતું. આ કેસમાં પોલીસે ૧૬.૪૩ લાખના ડ્રગ્સ સાથે ચાર મોંઘીદાટ કાર, ૧૪.૧૨ લાખની રોકડ અને અન્ય સાધનસામગ્રી જપ્ત કરી હતી. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) આ કેસની તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

# થાણે-ઘોડબંદર રોડ પર રસ્તાનાં કામને કારણે ગુરુવારે મધરાત સુધી ટ્રાફિક ડાઇવર્ઝન

થાણેઃ થાણેથી ઘોડબંદર તરફ જનારા રસ્તા પર સમારકામ હાથ ધરાયું હોવાથી ટ્રાફિક વિભાગ દ્વારા ૨૬મી એપ્રિલથી ૨૯મી એપ્રિલના મધરાત સુધી ટ્રાફિક ડાઇવર્ઝન કરવામાં આવ્યો હતો, પરંતુ આ કામ હજી બાકી હોવાથી આ ટ્રાફિક ડાઇવર્ઝન પહેલી મે, ૨૦૨૫ સુધી વધારવામાં આવ્યો છે.

થાણે-ઘોડબંદર રોડ પર વાહનોને કેટલીક જગ્યાએ પ્રવેશ બંધ કરીને પર્યાયી માર્ગ સૂચવવામાં આવ્યો છે.

*થાણેથી ઘોડબંદર રોડની દિશાએ જનારા ભારે વાહનો માટે વાય જંકશન ખાતે પ્રવેશ બંધ કરવામાં આવ્યો છે. પર્યાયી માર્ગ તરીકે વાય જંકશન પાસેથી નાશિક રોડથી ખારેગાવ, માણકોલી, અંજૂરફાટા માર્ગે ગંતવ્ય સ્થળે જઇ શકાશે. બીજા પર્યાયી માર્ગમાં કાપુરબાવડી જંકશન નજીકથી જમણી બાજુ ટર્ન લઇને કશેળી, અંજૂરફાટા માર્ગે ગંતવ્ય સ્થળે જઇ શકાશે.

*મુંબ્રા, કળવાથી ઘોડબંદર રોડના દિશે ભારે વાહનોને ખારેગાવ ટોલનાકા ખાતે પ્રવેશ બંધ જ્યારે પર્યાયી માર્ગ મુંબ્રા, કળવાથી ઘોડબંદર તરફ જનારા વાહનો ખારેગાવ બ્રિજની નીચેથી ખારેગાવ ટોલનાકા, માણકોલી, અંજૂરફાટા માર્ગે જશે.

*ગુજરાત તરફથી ઘોડબંદર માર્ગે આવનારા ભારે વાહનોને ચિંચોટી નાકા ખાતે પ્રવેશ બંદ જ્યારે મુંબઈ, વિરાર, વસઇ તરફથી ઘોડબંદર માર્ગે આવનારા વાહનોને ફાઉન્ટન હૉટેલ નજીક પ્રવેશ બંદ. આ વાહનો માટે પર્યાયી માર્ગ તરીકે ચિંચોટી નાકા ખાતેથી કામણ, અંજૂર ફાટા, માણકોલી, ભિવંડી માર્ગે ગંતવ્ય સ્થળે જઇ શકાશે.

### સફાઈની મહેનત પાણીમાંઃ

# સાફ થયેલા નાળાઓમાં ફરી કચરો

## સુધરાઈ કમિશનરની મુંબઈગરાને અપીલ કે હવે ખમૈયા કરો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના અનેક નાનાં-મોટાં નાળાંમાં નાગરિકો દ્વારા નાખવામાં આવતા કચરાને કારણે ચોમાસામાં મુંબઈના અમુક વિસ્તાર જળબંબાકર થવાની શક્યતા નિર્માણ થઈ છે. વારંવાર અપીલ કર્યા બાદ પણ સાફ કરેલા અનેક નાળાં અને ગટરોમાં નાગરિકો દ્વારા ફરી કચરો નાખવામાં આવી રહ્યો હોવાથી પાલિકાની મહેનત ફરી પાણીમાં જતી રહી છે. જો આવું જ ચાલતું રહ્યું તો આગામી ચોમાસામાં ચોક્કસ પાણી ભરાઈ શકે છે એવું પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ કહ્યું હતું.

ચોમાસા પહેલાંનાં કામના ભાગ તરીકે પાલિકા દ્વારા હાલ નાનાં-મોટાં નાળાંની તથા મીઠી નદીની સફાઈ કરવામાં આવી રહી છે. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ મંગળવારે પશ્ચિમ ઉપનગરમાં નાળાઓની ચાલી રહેલી સફાઈ કામનું ઈન્સ્પેકશન કર્યું હતું એ દરમ્યાન તેમણે કહ્યું હતું કે ચોમાસાં પહેલાના કામના ભાગરૂપે અત્યાર સુધી ૪૩ ટકા નાળાંસફાઈ થઈ છે. બાકીના એક મહિનામાં નાળાંની સફાઈનું કામ પૂરું થઈ જશે. પરંતુ જે નાળાંને સાફ કરવામાં આવ્યા હતાં તે ફરી કચરાથી ભરાઈ ગયા છે. નાગરિકો જો સતત કચરો નાળાંમાં ઠાલવતા રહેશે તો ચોમાસામાં પાણી ભરાઈ જવાની સમસ્યા નિર્માણ થઈ શકે છે.તેથી નાગરિકોએ કચરો ગટર નાળાંમાં નહીં નાખતા કચરા-કુંડીમાં નાખવો એવી અપીલ પણ તેમણે કરી હતી.

નાળાંસફાઈના ઈન્સ્પેકશન બાદ કમિશનરે પાલિકા મુખ્યાલયમાં નાળામાંથી ગાળ કાઢવાના કામ પર નજર રાખવા બનાવેલા 'વૉર રૂમ'ની મુલાકાત લીધી હતી. અહીંથી નાળાંસફાઈના કામ પર નજર રાખવામાં આવી રહી છે. દરરોજ સવારના આઠ વાગ્યાથી રાતના ૧૧ વાગ્યા સુધી બે શિફ્ટમાં 'વૉર રૂમ'માંથી કામ પર નજર રાખવામાં આવે છે, તે માટે એક એન્જિનિયર સહિત ત્રણ જણની ટીમ બનાવવામાં આવી છે. નાળાંસફાઈના કામમાં પારદર્શકતા રહે તે માટે તેના સફાઈના કામનું વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવવાનું છે. તો નાના નાળામાંથી ગાળ કાઢવા પહેલા અને બાદનું સીસીટીવીથી કરેલા રેકોર્ડિંગનું ફરજિયાત કરવામાં આવ્યું છે, જે 'વૉર રૂમ'માંથી જોઈ શકાશે. નાળાંસફાઈના કામના વિડિયો રેકોર્ડિંગનું આર્ટિ ફિશિયલ ઈન્ટેલિજન્સ ટૅક્નોલોજીની મદદથી વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. તેના દ્વારા નાળામાંથી ગાળ કરવાના કામમાં નજર રાખવાનું અને કામમાં સંપૂર્ણપણે પારદર્શતા રાખવામાં પ્રશાસનને મદદ મળશે.

### શિવડી-વરલી કનેક્ટર બ્રિજ પ્રોજેક્ટ

# સ્થાનિક રહેવાસીઓને વળતર નહીં ઘર જ આપવાની માગણી

મુંબઈઃ શિવડી-વરલી કનેક્ટર બ્રિજ પ્રોજેક્ટના અસરગ્રસ્તોને ઓફર કરવામાં આવેલા નાણાકીય વળતર માટે શિવસેના-યુબીટીના નેતાઓએ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ની ઝાટકણી કાઢી હતી.

શિવડીના હનુમાન નગર, એકતમાતા ફુલે વસાહત અને સેનાનગર વિસ્તારમાં ૧૦૦થી વધુ પરિવાર રહે છે અને આ મોટા પ્રકલ્પ માટે આ વસાહતો ખાલી કરાવવાની વિચારણા છે, પરંતુ હવે આ બાબત વિવાદનો મુદ્દો બની છે જ્યારે સ્થાનિક નેતાઓએ રહેવાસીઓને વળતર આપવાને બદલે તેમના પુનર્વસનની માગણી કરી છે.

તાજેતરમાં બાન્દ્રાના એમએમઆરડીએના મુખ્યાલયમાં યોજાયેલી બેઠકમાં રહેવાસીઓને વળતર આપવાનો વિરોધ કરાયો હતો. હાલના તબક્કે મુંબઈમાં પચીસ લાખ રૂપિયામાં ઘર લેવાનું શક્ય નથી. વળતરનો આંકડો પૂરતો નથી. એલ્ફિન્સ્ટન પ્રોજેક્ટની જેમ જ આ પ્રોજેક્ટના અસરગ્રસ્તોને તે જ વિસ્તારમાં એસઆરએ સ્કીમ હેઠળ ઘરો મળવા જોઇએ, એવી માગણી કરવામાં આવી હતી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જ્યારે એલ્ફિન્સ્ટન પ્રોજેક્ટના રહેવાસીઓને ઘર આપવાનું આશ્વાસન આપ્યું છે ત્યારે શિવડીના લોકો માટે કેમ નહીં? ગયા અઠવાડિયે શિવસેના-યુબીટીના નેતાઓએ આ અંગે વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું. યુવાસેનાના પ્રમુખ આદિત્ય ઠાકરેએ પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે સ્થાનિક રહેવાસીઓની માગણી પૂરી ન થાય ત્યાં સુધી સરકાર પણ દબાણ આપવાનું ચાલુ રહેશે.

# ગ્રાહકોને ઈલેક્ટ્રિક સિસ્ટમ તપાસવાની અદાણી ઈલેક્ટ્રિસિટીની ભલામણ

મુંબઈઃ મહારાષ્ટ્ર ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (એમઇઆરસી)ના ૨૯મી માર્ચ, ૨૦૨૫ના ટેરિફ ઓર્ડર પ્રમાણે અમલમાં મૂકાયેલા કેવીએચ બિલિંગને પગલે અદાણી ઇલેક્ટ્રિસિટી મુંબઈ લિ. દ્વારા તેના ગ્રાહકોને તેમની ઇલેક્ટ્રિક સિસ્ટમ તપાસવા તથા યોગ્ય કાર્યવાહી કરવાની ભલામણ કરવામાં આવી છે. ખાસ કરીને મહારાષ્ટ્રમાં ૨૦ કેડબ્લ્યુના ઉપર વીજળીનો વપરાશ કરતા કમર્શિયલ અને ઇન્ડસ્ટ્રિયલ ક્ષેત્રના ગ્રાહકોને આ વિશે ધ્યાન આપવાનું કહેવામાં આવ્યું છે. 'અમે એવા ગ્રાહકોનો સંપર્ક કરી રહ્યા છીએ જેઓ ઉક્ત બાબત વિશે યોગ્ય પગલાં લીધા નથી અથવા પોતાની ઇલેક્ટ્રિક સિસ્ટમ ચકાસી નથી. સ્કૂલ અને બેંક જેવા ક્ષેત્રો તરફથી સકારાત્મક પ્રતિક્રિયા આપવામાં આવી રહી છે જ્યાં આંતરિક મંજૂરીની જરૂર હોય છે અને તેની માટે સમય બહુ લાગે છે', એમ અદાણી ઇલેક્ટ્રિસિટીના પ્રવક્તાએ જણાવ્યું હતું. હજી સુધી ગ્રાહકોને તેની વધુ અસર થઇ નથી ત્યારે સમયસર પગલાં લેવા જરૂરી છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. સુધારિત બિલિંગ પદ્ધતિ હેઠળ ગ્રાહકોને હવે એક્ટિવ એનર્જી (કેડબ્લ્યુએચ)ના બદલે કેવીએએચ એનર્જીના આધારે બિલ આપવામાં આવે છે. કેવીએએચ બિલિંગમાં બન્ને એક્ટિવ અને રિએક્ટિવ (નોન-પ્રોડક્ટિવ) એનર્જીનો સમાવેશ થાય છે.

# દસમું નાપાસ પુત્રને કૉલેજમાં એડ્મિશનની ખાતરીઃ વેપારી પાસેથી ૧૨ લાખ પડાવ્યા

થાણેઃ એસએસસીની બોર્ડની પરીક્ષામાં નાપાસ થયેલા પુત્રને સ્થાનિક જુનિયર કૉલેજમાં એડ્મિશન અપાવવાની ખાતરી આપી બિઝનેસમૅન પાસેથી ૧૨.૨ લાખ રૂપિયા પડાવનારા ત્રણ જણ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ કલ્યાણના વેપારીની ફરિયાદને આધારે ગુનો નોંધવામાં આવ્યો હતો. ફરિયાદમાં જણાવાયું હતું કે વેપારીનો પુત્ર ૧૦માની બોર્ડની પરીક્ષામાં નાપાસ થયો હતો. તેમ છતાં તેને કલ્યાણની જુનિયર કૉલેજમાં પ્રવેશ અપાવવાની ખાતરી આરોપીઓએ આપી હતી.પુત્રનું બનાવટી એસએસસી પાસનું સર્ટિફિકેટ બતાવીને ત્રણેય આરોપીએ ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. જોકે પછીથી આરોપીએ જણાવ્યું હતું કે તેમના એક સાથીની બનાવટી સર્ટિફિકેટ મામલે પોલીસે ધરપકડ કરી છે, જેમાં વેપારીના પુત્રનું નામ સામે આવ્યું છે. પુત્રની સામેની કાનૂની કાર્યવાહી ટાળવા માટે વેપારીને ૧૨.૨ લાખ રૂપિયા ચૂકવવા દબાણ કરાયું હતું, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

વેપારી સાથે સપ્ટેમ્બરથી ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન કથિત છેતરપિંડી થઈ હતી. પોતાને છેતરવામાં આવ્યો હોવાનું જણાતાં વેપારીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) અને ૩૩૬(૨) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)

# ઠાકરે ભાઈઓને સાથે આવવા તો દોઃ રોહિત પવાર

મુંબઈઃ રાજ્યમાં આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં ઠાકરે બંધુઓ એક સાથે આવવાની ચર્ચા ચાલી રહી છે, ત્યારે કાર્યકરો એવી લાગણી વ્યક્ત કરી રહ્યા છે કે પવાર પરિવારે એક સાથે આવવું જોઈએ. આ સંદર્ભમાં પુછાયેલા એક પ્રશ્નના જવાબમાં, શરદ પવારના એનસીપી ધારાસભ્ય રોહિત પવારે એક સૂચક નિવેદન આપતા કહ્યું કે, પહેલા ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેને સાથે આવવા દો, પછી શું કરવું તે નક્કી કરશું. રાજકીય વર્તુળોમાં ઘણા લોકોએ તેમના નિવેદન પર શંકા વ્યક્ત કરી છે અને તેમના નિવેદનના વિવિધ અર્થઘટન કરવામાં આવી રહ્યા છે. રોહિત પવારે એવી પણ આગાહી કરી છે કે રાજ્યમાં મહાગઠબંધન સરકાર ૨૦૨૯ની લોકસભા ચૂંટણી સુધી ચાલશે, પરંતુ વિધાનસભા ચૂંટણી દરમિયાન મહાગઠબંધન તૂટી જશે. રોહિત પવારના આ નિવેદનથી ઘણા લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. મનસે અને શિવસેનાના કાર્યકરો ઇચ્છે છે કે બંને ભાઈઓ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્ર માટે સાથે આવે. કાર્યકરોએ ઘણીવાર બેનરો લહેરાવીને આ ઇચ્છા વ્યક્ત કરી છે. આ પૃષ્ઠભૂમિ સામે, એનસીપી કાર્યકરો એવો મત વ્યક્ત કરી રહ્યા છે કે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ પણ સાથે આવવું જોઈએ. છેલ્લા કેટલાક મહિનામાં, શરદ પવાર અને અજિત પવાર વિવિધ બેઠકો માટે સાથે આવતા જોવા મળ્યા હતા.

### એલ્ગાર કેસ

# નવલખાએ દિલ્હીમાં કાયમી રોકાણ માટે કોર્ટની મંજૂરી માગી

મુંબઈઃ એલ્ગાર પરિષદ-માઓવાદી લિંક્સ કેસમાં આરોપી કાર્યકર્તા ગૌતમ નવલખાએ દિલ્હીમાં કાયમી ધોરણે રહેવા માટે સ્પેશિયલ કોર્ટ પાસે પરવાનગી માગી છે અને કહ્યું છે કે તેમને મુંબઈમાં રહેવું ખૂબ જ મુશ્કેલ લાગી રહ્યું છે.

કાર્યકર્તાએ કહ્યું કે શહેરમાં તેઓ ''બેરોજગાર અને મિત્રો અને પરિવાર પર આર્થિક રીતે નિર્ભર'' હોવાથી, ખોરાક અને ઘરનાં ભાડાં જેવી પોતાની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

દિલ્હીના રહેવાસી ૭૨ વર્ષીય નવલખાની એપ્રિલ ૨૦૨૦માં આ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. મે ૨૦૨૪ માં સુપ્રીમ કોર્ટે તેમને જામીન આપ્યા હતા. તેમની જામીનની એક શરત કોર્ટની પરવાનગી વિના મુંબઈ ન છોડવાની હતી.

તાજેતરમાં એડવોકેટ વહાબ ખાન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં, આરોપીએ કોર્ટને તેના અધિકારક્ષેત્ર છોડીને દિલ્હીમાં કાયમી રહેવાની પરવાનગી માંગી છે.

જામીન પર છૂટ્યા પછી, તે તેના જીવનસાથી સાથે મુંબઈમાં ભાડાનાં મકાનમાં રહે છે. સમય જતા, વધતા જતા નાણાકીય ખર્ચનો સામનો કરવો તેના માટે બિનઆર્થિક અને બોજારૂપ બની ગયું છે, એમ અરજીમાં જણાવાયું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આરોપી મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા માટે સંઘર્ષ કરી રહ્યો છે.

કોર્ટમાં પેન્ડિંગ કેસને કારણે અરજદાર-આરોપી અને તેના જીવનસાથી લગભગ ચાર મહિનાથી મુંબઈમાં રહેઠાણ શોધવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, એમ તેમાં જણાવાયું છે.

નવલખાએ જણાવ્યું હતું કે કોર્ટે તેમને બે મહિના માટે દિલ્હી જવાની પરવાનગી આપી હતી ત્યારે તેમણે તેમના પર લાદવામાં આવેલી બધી શરતોનું ખંતપૂર્વક પાલન કર્યું હતું.

# શાળામાં વિદ્યાર્થીઓની સલામતીઃ થર્ડ-પાર્ટી ઑડિટનો આદેશ

થાણાઃ નવી મુંબઈ પોલીસે શૈક્ષણિક સંસ્થાઓને વિદ્યાર્થીઓની સલામતી અને સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરવા માટે તેમના પરિસરનું થર્ડ-પાર્ટી ઓડિટ કરવાનો નિર્દેશ આપ્યો હોવાનું એક અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું.

નવી મુંબઈ પોલીસ ઝોન- વનના અધિકારીઓએ સોમવારે તેમના અધિકારક્ષેત્રની અંદર આવેલી શૈક્ષણિક સંસ્થાઓના વડાઓ સાથે મહત્ત્વની બેઠક યોજીને ફરજિયાત ઓડિટ માટે વિસ્તૃત માર્ગદર્શિકા પૂરી પાડી હતી.

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી) ઝોન-૧ પંકજ ડહાણેએ સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ૧૪૯ શૈક્ષણિક સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતા આચાર્યો, મુખ્ય શિક્ષકો અને મેનેજમેન્ટ કર્મચારીઓએ મહત્વની બેઠકમાં ભાગ લીધો હતો. (પીટીઆઈ)

# ડિવાઈડર બનાવ્યાં જ નથી પણ તેને રંગવા ૪૦ લાખ રૂપિયાનું બિલ ચૂકવાયુંઃ કલ્યાણ-ડોમ્બિવલી પાલિકાના કૌભાંડનો પર્દાફાશ

મુંબઈઃ કલ્યાણ-ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી)એ મુરબાડથી ગુરુદેવ હોટેલ સુધી ડિવાઇડરની સફાઇ અને તેના રંગકામ માટે કોન્ટ્રેક્ટરને બિલ ચૂકવ્યા છે, પરંતુ હકીકતમાં સ્ટેશન વિસ્તારમાં ગુરુદેવ હોટેલ સુધી ડિવાઇડર છે જ નહીં તો પાલિકાએ આ બિલ શા માટે ચૂકવ્યા? મનસે કાર્યકર્તાએ માહિતી અધિકાર હેઠળ મેળવેલી માહિતીમાં આ બાબત પ્રકાશમાં આવી છે. કેડીએમસીના આવા ભ્રષ્ટાચારના વિરોધમાં મનસે કાર્યકર્તાઓએ મંગળવારે 'મિસ્ટર ઈન્ડિયા' ફિલ્મની જેમ લાંલરંગના ચશ્મા પહેરીને અને હાથમાં બ્રશ-કલરની બાલટી લઇને સ્ટેશન વિસ્તારમાં દેખાવો કર્યા હતા. ત્યારે પ્રતિકારાત્મક ડિવાઇડરનું રંગકામ કરતા કેડીએમસીના વિરોધમાં જોરદાર નારા લગાવ્યા હતા. જો સંબંધિત અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં નહીં આવી તો મનસે દ્વારા કાર્યવાહી કરવામાં આવશે એવી ચીમકી પણ આપવામાં આવી હતી. કેડીએમસી દ્વારા કલ્યાણ સ્ટેશનથી ગુરુદેવ ચોક સહિત સંતોષી માતા રોડ અને કેટલાક જગ્યાએ ફૂટપાથ અને ડિવાઇડરની સફાઇ અને રંગકામ માટે ૪૦ લાખ રૂપિયાનું બિલ ચૂકવવામાં આવ્યું હતું, એમ મનસે કાર્યકર્તાને આરટીઆઇ હેઠળ જાણવા મળ્યું હતું.

# જૈન મરણ

### જામનગર હાલારી વિશા શ્રીમાળી જૈન

હડિયાણા નિવાસી હાલ ભિવંડી સ્વ. લલિતભાઇ છગનલાલ મહેતાના પુત્રવધૂ સ્વ. જયોતિબેન (ઉં. વ. ૪૩) તા. ૨૮-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે હિતેશભાઇના ધર્મપત્ની. મીનાબેન રાજેશભાઇ ફોફરિયાની દીકરી. આસ્થાના મમ્મી. રીનાબેન કિરીટભાઇ તથા સ્વ. સોનલબેન ચેતનભાઇના દેરાણી. વૈશાલી વિમલેશકુમાર ફોફરીયા, વનિતાબેન ઇન્દુબેન તથા દીપનાબેનના ભાભી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧-૫-૨૫ના ૧૦થી ૧૨. ઠે. શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર, એસ. એસ. હોસ્પિટલની સામે, કાલ્હેર,

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

દેવગાણાવાળા હાલ બોરીવલી જાગૃતિબેન મહેશભાઇ શાંતિલાલ શાહના સુપુત્ર ચિ. દેવાંગ (ઉં વ. ૩૯) તા. ૨૭-૪-૨૫ના રવિવારના અવસાન પામેલ છે. તે દમયંતીબેન ભરતભાઇ, પ્રીતીબેન અશ્વિનભાઇ, સ્વ. રેણુકાબેન હિંમતલાલ, સ્વ. મધુબેન દીનેશકુમારના ભત્રીજા. કૃણાલ, રાહુલ-પાયલ, ધવલ, આરતીબેન મેહુલકુમાર અને કવિતાના ભાઇ. મોસાળ પક્ષે ગંભીરદાસ જાદવજીભાઇ શાહ ટાણાવાળા હાલ મલાડના ભાણેજ. લીલાવંતી શાંતિલાલ શાહના પૌત્ર. તેમના આત્માશ્રેયાર્થે તા. ૧-૫-૨૫ના ગુરુવારના નવકાર મંત્રના બન્ને પક્ષના જાપ રાખેલ છે. બપોરના ૩થી ૫. ઠે. વર્ધમાન સ્થાનકવાસી હોલ, ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ).

### કચ્છી વિશા ઓશવાળ જૈન

નવાવાસ (દુર્ગાપુર) ખેતબાઇ દેવજી ગાલા (ઉં. વ. ૮૭) તા. ૨૮-૪-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મેઘબાઇ મેઘજી રતનશીના પુત્રવધૂ. દેવજીના પત્ની. સ્વ. જયંતી અને મહેન્દ્રના માતુશ્રી. તેજબાઇ કુંવરજીના પુત્રી. ઝવેરચંદ, કાંતિલાલ, ડોણ મણીબેન રામજી કાનજી, પત્રી તારાબાઇ લાલજી વેલજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી.

### પાટણ વિશા શ્રીમાળી જૈન

ડંક મહેતાનો પાડો શિલ્પાબેહન શાહ (ઉં. વ. ૬૭) રાજેશભાઇ મફતલાલ શાહના ધર્મપત્ની. તે યેશા-આશીનીના માતુશ્રી. ફીયાંશના નાની. અંક્તિભાઇના સાસુ. સ્વ. કુસુમબેન વિનુભાઇ શાહની દીકરી. વર્ષાબેન પ્રદીપભાઇ, હરેન્દ્રભાઇ, નરેન્દ્રભાઇના બેન. સ્વ. રમીલાબેન નરેન્દ્રભાઇ, સુરેખાબેન કિર્તીભાઇ, સ્વ. પ્રજ્ઞાબેન સેવન્તીભાઇ, પન્ના અશ્વિનભાઇ, કીન્નરી દીપકભાઇ, સુભદ્રાબેન જયોત્સનાબેનના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

### ઝાલાવાડ શ્વે. મૂ. વિ.જૈન

ધ્રાંગધ્રા નિવાસી, હાલ અંધેરી સ્વ. દિનેશભાઇ વ્રજલાલ ગાંધીના ધર્મપત્ની મંજુલાબેન (ઉં. વ. ૮૪) તા. ૨૧-૪-૨૫ના બરોડા અરિહંતશરણ પામેલ છે. સ્વ. વિજયાબેન વ્રજલાલ ગાંધીના પુત્રવધૂ. સ્વ. રજનીભાઇ, સ્વ. શાલીભદ્રભાઇ, જિતેન્દ્રભાઇના ભાભી. સ્વ. વીણાબેનના દેરાણી. સ્વ. રુદ્રાબેન, કેતકીબેનના જેઠાણી. સ્વ. કાંતાબેન પુરુષોતમદાસ શાહના સુપુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧-૫-૨૫ ગુરુવારના ૩થી ૫. ઠે. મામનીયા નંદુ અચલગચ્છ જૈન ભવન, હરદેવીબાઇ સોસાયટી, ગેટ નં.૩,બેન્ક ઓફ બરોડાની સામે, જોગેશ્વરી (ઇસ્ટ).

# બાન્દ્રાનો ચેન-સ્નેચર સલમાન ખાન પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ બાન્દ્રાના રીઢા ચેન-સ્નેચર સલમાન ખાનને થાણે ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડતાં વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા નવ ગુના ઉકેલાયા હતા.

થાણે ક્રાઈમ બ્રાન્ચના યુનિટ-૧ના અધિકારીઓએ બાન્દ્રાના વાલ્મિકી નગર ખાતેના ભારત નગરમાં રહેતા સલમાન ફિરોઝ ખાન (૨૫)ની ધરપકડ કરી હતી. અગાઉ હાઉસ કીપિંગનું કામ કરનારો સલમાન બાઈક પર ફરી મોબાઈલ તફડાવવા લાગ્યો હતો. મોબાઈલ તફડાવવામાં તેને વધુ જોખમ લાગ્યું હતું. પરિણામે ઝટપટ નાણાં કમાવાની લાલચમાં તે સોનાની ચેન-મંગળસૂત્ર ખેંચી બાઈક પર ફરાર થવા લાગ્યો. તાજેતરમાં તેણે થાણેમાં એક જ દિવસમાં ચાર મહિલાના ગળામાંથી સોનાની ચેન અને મંગળસૂત્ર આંચક્યાં હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. પરિણામે ક્રાઈમ બ્રાન્ચે તેની શોધ હાથ ધરી હતી.

સલમાન રાજસ્થાનના અજમેરમાં હોવાની માહિતી પોલીસને મળી હતી. બાન્દ્રાના ઘરે પાછા ફરેલા સલમાનને પોલીસે પકડી પાડ્યો હતો. તેની પાસેથી ૧૦૦ ગ્રામ સોનાના દાગીના અને ગુનામાં વપરાયેલી બાઈક જપ્ત કરવામાં આવી હતી. આરોપીની પૂછપરછમાં નવ ગુના ઉકેલાયા હતા. જોકે તેની વિરુદ્ધ મુંબઈમાં પણ ગુના નોંધાયેલા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

# પારસી મરણ

જમશેદ પેસ્તનજી બારીઆ તે મરહુમો બપઇ પેસ્તનજી બારીયાના દીકરા. તે દીનુ મીનું પટેલ, તે મરહુમો દોલી એરચ વીરજી, મની પેસ્તનજી બારીયાના ભાઇ. તે યઝદી એમ. પટેલ ને મેહરનોશ એમ. પટેલના મામા. તે ફીરોઝા વાય. પટેલના મામા-સસરા. તે હનોઝ ને બેનાઝના મોટા-મામા. તે મરહુમો મીનુ ને એરચના સાલા. (ઉં. વ. ૯૦) રે. ઠે. ૩૩, બાલારામ બિલ્ડિંગ, બીજે માળે, બાલારામ સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૩૦-૪-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, કામાબાગ અગિયારીમાં.

# હિન્દુ મરણ

### શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ

ઠળિયાનિવાસી (હાલ દહિસર, મુંબઈ) ગં.સ્વ. મધુકાંતા રમણિકલાલ સંતોકરામ ભટ્ટ (ઉ.વ. ૮૨)નો તા. ૨૬-૪-૨૦૨૫ના રોજ મુંબઈ ખાતે સ્વર્ગવાસ થયો છે. તે અરુણભાઈ, મનોજભાઈ અને રાજેશભાઈના માતુશ્રી, તે જયશ્રી, ફાલ્ગુની અને જાગૃતિના સાસુ, તે સ્વ. શાંતાબહેન મણિશંકર ગોપાળજી પંડ્યાના દીકરી, તે સ્વ. રમુભાઈ મણિશંકર પંડ્યા, સ્વ. કાંતિલાલ મણિશંકર પંડ્યા, સ્વ. અનસુયાબહેન લવજીભાઈ રાવલ, સ્વ. પ્રભાબહેન પરસોત્તમભાઈ ભટ્ટ, સ્વ.પ્રસન્નગૌરી ગૌતમરાય ભટ્ટના બહેન, તે અભિજીત, સ્વ. મન, પાર્થ, ઊર્મી વિશાલકુમાર પંડ્યા અને ઊર્વી ભાવિનકુમાર ગોરના દાદીમા. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧-૫-૨૦૨૫ના રોજ ગંગાસહાય હોલ, ઉષાનગર, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ગોકુળ હોટેલની સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ ખાતે સાંજે ૫-૭ વચ્ચે રાખેલ છે.

### કોળી પટેલ

ગામ દેવધા, હાલ બીલીમોરાના ચીમનભાઈ છબીલદાસ પટેલ તથા મંજુલાબેન ચીમનભાઈના પુત્ર રાકેશ (ઉં.વ.૪૧) તા.૨૩-૪-૨૫ ના રોજ અવસાન પામ્યા છે. તે આશાબેનના પતિ. હિતના પપ્પા. મનીષના મોટાભાઈ. જયંતિભાઈ, ઉર્મિલાબેનનાં ભત્રીજા. તે સુમનભાઈ ડાહ્યાભાઈ (અબ્રામા)ના જમાઈ તેમનું બેસણું તા.૧-૫-૨ના રોજ, સાંઈબાબા મંદિર હોલ, સોમનાથ મંદિર રોડ, બીલીમોરા પૂર્વ સવારે ૯ થી ૧૨. બન્ને પક્ષનું સાથે રાખવામાં આવ્યું છે, તેમનું બારમું, પુચ્છપાણી તા. ૪-૫-૨૫ના રોજ બપોરે ૨.૩૦ વાગ્યે નિવાસસ્થાનઃ ૩૨ શ્રોફ કોમ્પ્લેક્સ, ગુપ્તા હોસ્પિટલની બાજુમાં, બીલીમોરા પશ્ચિમમાં રાખવામાં આવેલ છે.

### કચ્છી ભાટીયા

અ. સૌ. ભાવિની (ઉં. વ. ૪૫) તે શૈલેષ ભગવાનદાસ ગોકુલગાંધીના પત્ની. તે ઓમના માતુશ્રી. તે ગં. સ્વ. ભારતીબેન તથા સ્વ. ભગવાનદાસ વિશનજી ગોકુલગાંધીના પુત્રવધુ. તે સૌ. છાયા, ઇલા, ભાવના તથા હર્ષાના ભાભી. તે ભરતભાઇ તથા માધુરીબેન નાણાવટીના પુત્રી. કૃપા વેદ અને માનસી વેદના બેન. આકોલા મુકામે તા. ૨૭-૪-૨૫ને રવિવારે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી ભાટીયા

અ. સૌ. નયનાબેન નરેન્દ્રભાઇ સંપટ (ઉં. વ. ૭૯) તે સ્વ. અમરશી લક્ષ્મીદાસના પુત્રવધૂ. સ્વ. દામોદર કરસનદાસ ધારશી વેદના પુત્રી. વિશાલ, નિશિતના માતુશ્રી. અ. સૌ. નિકિતા તથા અ. સૌ. હીનાના સાસુ. દિનેશભાઇ, મહેશભાઇ તથા હરેશભાઇના મોટાબેન. તા. ૨૮-૪-૨૫ સોમવારના પૂના મુકામે શ્રીજીચરણ પામેલ છે, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### નવગામ ભાટિયા

મોડાવાલા હાલ મુંબઇ-અંધેરી અ. સૌ. નલિની પ્રવીણ છીછીયા (ઉં. વ. ૭૩) તે સ્વ. રાધાબાઇ ગીરધરદાસ છીછીયાના પુત્રવધૂ. ભાઇ સ્વ. નિરંજન તથા સૌ. કિર્તીદા નરેન્દ્ર સંપટના બંધુ પત્ની. વેરાવળવાળા સ્વ. ગુણવંતી જીવણદાસ સંપટના દીકરી. સૌ. પૂવીના માતુશ્રી. સોમવાર, તા. ૨૮-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર/ વ્યક્તિગત મુલાકાત બંધ છે.

### નાઘેર દશા મોઢ માંડલીયા વણિક

ઉના નિવાસી હાલ મલાડ ગં. સ્વ. ભાનુબેન મણીલાલ ગાંધી (ઉં. વ. ૯૩) સોમવાર, તા. ૨૮-૪-૨૫ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મણીલાલ જેચંદ ગાંધીના ધર્મપત્ની. તે નીતીન, યોગેશ, બકુલ તથા સ્મીતાના માતુશ્રી. તે જયશ્રીબેન, તેજલબેન તથા વિપુલ જયંતીલાલ શાહના સાસુ. તે સ્વ. કાંતિલાલ તથા સ્વ. કરસનદાસ રતનલાલ મહેતાના બેન. તે નીકીતા, નેહલ, જીગર તથા મીહિરના દાદી. તે વિશાલ, સાંસ્કૃતીના નાની. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. એ-૭, સૂર્યકિરણ, રાણા કોટેજ, મંછુભાઇ રોડ, મલાડ (ઇસ્ટ).

### ભાવનગરી ગુજરાતી મોચી

મૂળ કારદેજ (ભાવનગર) હાલ ભિવંડી રહેવાસી અરવિંદ ત્રિકમદાસ સરવૈયા (ઉ. વ.૭૨) તે કિરણ તથા ઋચા દર્શક ચાંડકના પિતા, હસમુખભાઈ, વસંતભાઈ, હર્ષદભાઈ તથા રમીલા ડાયાલાલ પરમારના ભાઈ, અજય શૈલેષ સરવૈયા, શૈલેષ હસમુખભાઈ સરવૈયા તથા ડિમ્પલના કાકા, ઉમંગ પરમાર, દિવ્યેશ પરમાર તથા દક્ષા વજાના મામા સોમવાર ૨૮/૪ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર ૧/૫/૨૫ના રોજ તેમના નિવાસસ્થાને રાખી છે. ઠેઃ સી-૨, ફ્લેટ નં. ૨૦૦૫ કાસા ટ્રીટોપ્સ, મંકોળી, ભિવંડી, થાણા,૪૨૧૨૦૨. સમય સાંજે ૪થી ૫.

### ઘોઘારી દશા પોરવાડ વૈષ્ણવ વણિક

ચિંચણ તારાપુર અને પારડી, જયંતિલાલ ચુનીલાલ શાહ (ઉં.વ.૮૯) તે અરુણાબેનના પતિ. રાજેશ, સમીર અને ઉર્વેશનાં પિતાશ્રી. અ.સૌ જયોતી, બીજલ, નિશાનાં સસરા. પંકિત, ધ્વનિ, ઉર્વી, હર્ષ, વિધિ, પ્રિશાનાં દાદા. ચિ. સ્મિતા કનૈયાલાલ શાહનાં કાકા. તા. ૨૭/૦૪/૨૫નાં ગોરેગામ શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા ૦૧/૦૫/૨૫ નાં રોજ ગુરુવારે સાંજે ૫ થી ૭. ઠે. જીઇએસ એકટીવીટી હોલ( આઈબી પટેલ શાળા) પ્લોટ નંબર ૨૨૦ જવાહરનગર ગોરેગામ પશ્ચિમ.

### વિશા નીમા વણિક

મહુવાવાળા હાલ બોરીવલી, સ્વ. ચુનીલાલ ઈશ્વરદાસ ગાંધીના પુત્ર કૌશિકભાઈ (ઉં. વ.૭૪) તે ૨૮/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે માયાબેનના પતિ. ભાવિક તથા પાયલના પિતાશ્રી. આભા તથા દીપેશના સસરા. હરેન્દ્ર તથા ગીતાના ભાઈ. સાસરાપક્ષે સ્વ. કપિલાબેન કનુભાઈના જમાઈ. તેમનું બેસણું ગુરુવાર તા. ૧/૫/૨૫ના ૪ થી ૬. પાવનધામ, પહેલે માળે, મહાવીર નગર, એમ સી એ ક્લબ પાસે, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### હાલાઇ લોહાણા

રજનીકાંત ચોરેરા (ઉં. વ. ૭૦) તે ધોરાજી નિવાસી હાલ બોરીવલી, સ્વ. કાંતાબેન ભોવાનભાઈ ચોરેરાના પુત્ર. ઇલાબેનના પતિ. પૂજા મિહિર ચોરેરાના સસરા. રમેશભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, ગં. સ્વ ઉષાબેન સુરેશકુમાર લાખાણી, જયશ્રી નરેશકુમાર શાહના ભાઈ. ગં. સ્વ જયાબેન ભીખુભાઇ કક્કડના જમાઈ. તે ૨૫/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

પ્રાસંગિક_
અમૂલ દવે
feedback@bombaysamachar.com

## ધારી લો કે અમેરિકા-ચીન વચ્ચે યુદ્ધ થાય તો...





રાજકરાણી અને રાજદૂતો ભાગ્યે જ ક્યારેય સાચું બોલે છે. ભારતના વિદેશ પ્રધાન સુબ્રમણયમ જયશંકરના મોંઢામાંથી એક વાર સત્ય વાત નીકળી ગઈ હતી. જયશંકરે એક મુલાકાતમાં એવી કબૂલાત કરી હતી કે ચીન સાથે ભારત યુદ્ધ ન લડી શકે. જયશંકરનું કહેવું હતું કે ચીન મોટી ઈકોનોમી હોવાથી ભારત તેની સાથે લડી ન શકે.. અલબત્ત, આ નિવેદન વાયરલ થયું ત્યારે લોકોએ જયશંકરના માથા પર માછલાધોયા હતા. ચીન મોટું અર્થતંત્ર છે માટે તેની સામે હથિયાર હેઠાં મૂકી દેવાં એ વાત બરાબર નથી. આને લીધે ભારતના લશ્કરનું મનોબળ તૂટી શકે..

આની સરખામણીમાં ચીન કેટલું આક્રમક છે એ જુઓ. સુપરપાવર અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીન પર ટેરિફ લગાડવાની વાત કરી ત્યારે ચીનના અમેરિકા ખાતેના એલચીએ જવાબ આપ્યો કે અમેરિકા સામે ટ્રેડ વોરથી માંડીને યુદ્ધ પણ લડવા ચીન તૈયાર છે... અમેરિકાના રેસિપ્રોકલ ટેરિફ સામે ફક્ત ચીને રણશિંગુ ફૂંક્યું છે. ચીને અમેરિકા પર જવાબી કાર્યવાહી કરીને ૧૨૫ ટકાનો ટેરિફ નાખ્યો છે. ચીન કહે છે કે અમે અમેરિકાથી ડરી નહીં જઈએ. ચીનનું મજબૂત વલણ જોઈને ટ્રમ્પ ઢીલા પડ્યા છે. એમણે ચીન સાથે મંત્રણા કરી માર્ગ કાઢવાની હવે વાત કરી છે. ટ્રમ્પ એમના યુ-ટર્ન માટે જાણીતા છે. ચીને તો ટેરિફ વોરની તૈયારી ટ્રમ્પ સત્તા પર આવે એ પહેલા જ કરી નાખી હતી. પ્લાન એ, બી અને સી બધું જ તૈયાર હતું. ચીને હાલમાં હાઈડ્રોજન બોમ્બનું સફળ પરીક્ષણ કરીને આખા વિશ્વને ચોંકાવી દીધું છે. આ હાઈડ્રોજન બોમ્બ અણુબોમ્બની શ્રેણીમાં ન આવતો હોવાથી યુદ્ધમાં એનો ઉપયોગ કરી શકાય. ચીને બનાવેલો બોમ્બ ફક્ત બે કિલોનો છે, પરંતુ તે વિસ્ફોટક પદાર્થ ટીએનટી( ટ્રિનિટોટોલુઈન) કરતાં ૧૫ ગણી ગરમી ઉત્પન્ન કરે છે. આ એક અગનગોળો છે, જે મોટા શહેરનો નાશ કરી શકે છે. ટ્રમ્પ અને મસ્ક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં રહેલી સરસાઈ પર મુસ્તાક હતા, પરંતુ ચીને એવું અઈ- ડીપસીક બજારમાં મૂક્યું કે અમેરિકાના ટેક જાયન્ટ કંપનીના શેરના ભાવ ગગડી ગયા. આથી આ બે સુપરપાવર અમેરિકા અને ચીનની તાકાતની તુલના કરવી અસ્થાને નહીં હોય.

અમેરિકા પ્રથમ અને ચીન બીજા નંબરની મોટી ઈકોનોમી છે એમાં કોઈ બે મત નથી. અમેરિકાનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ૨૫.૫ ટ્રિલિયન ડૉલર અને ચીનની જીડીપી ૧૮.૩ ટ્રિલિયન અમેરિકન ડૉલર છે. વિશ્વની કુલ જીડીપી ૧૦૦.૬ ટ્રિલિયન ડૉલર છે. આનો અર્થ એ થયો કે વિશ્વની જીડીપીના ૪૩ ટકા ભાગ આ બે દેશનો છે.

પ્રોડકશનને લાગે વળગે તો ચીનનો હાથ ઉપર છે. સસ્તા શ્રમિક અને સબસિડીને લીધે વિશ્વમાં જે સ્ટીલ થાય છે એનું ૫૦ ટકાનું ઉત્પાદન ચીનમાં થાય છે. ઈલેક્ટ્રોનિક વેહિકલની વાત કરીએ તો ૬૫ ટકા ગ્રીન કાર ચીનમાં ઉત્પાદન થાય છે. કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિકસમાં પણ ચીન ઘણી સરસાઈ ધરાવે છે. અમેરિકા હાઈ વેલ્યુ સેક્ટર જેવા કે એરોસ્પેસ અને સેમિકન્ડક્ટરમાં પણ આગળ છે. જોકે અમેરિકા સપ્લાય ચેન માટે ચીન પર આધાર રાખે છે. રેર અર્થ મેટલના૮૦ ટકા ચીન પાસે છે. ટ્રમ્પના ટેરિફ છતાં અમેરિકામાં ઉત્પાદન ખસેડવામાં આવ્યું નથી.અમેરિકન કંપનીઓ હવે ચીનને બદલે વિયેટનામ અને મેક્સિકો પર આધાર રાખે છે. અમેરિકા ગ્લોબલ મિલિટરી,અણુ હથિયારો અને અઈના નવીનીકરણમાં અગ્રેસર છે, પરંતુ ઉત્પાદન અને ફાઈવજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પાછળ છે.

અમેરિકા પાસે ૧૪ લાખ જવાન છે અને ૮,૪૫,૦૦૦ અનામત જવાન છે.

બીજી બાજુ, ચીન પાસે ૨૦ લાખ જવાન છે... વિશ્વનું સૌથી મોટું લશ્કર ચીનની 'પીપલ્સ લિબરેશન આર્મી' છે.

અમેરિકા પાસે ૩,૪૩૫ લડાયક વિમાનો છે. આમાં ૫૮૬ સ્ટીલ્થ ફાઈટર જેવા કે એફ-૩૫ અને એફ-૨૨ જેવા વિમાન છે. અમેરિકાના હવાઈ દળ, નૌકાદળ અને મરીન પાસે કુલ ૧૮,૩૧૯ પ્લેન છે, જેની પાસે હવામાં ઈંધણ ભરવાની ક્ષમતા છે. તેની પાસે બી-ટુ સ્ટીલ્થ બોમ્બર છે. અમેરિકા પાસે ૧૧ વિમાનવાહક જહાજ છે. આની તુલનામાં ચીન પાસે ૨,૨૦ લડાયક વિમાન છે. આમાં ૨૦૦થી વધારે જે-૨૦ સ્ટીલ્થ ફાઈટર છે. ચીન તેના કાફલાને આધુનિક બનાવી રહ્યું છે. તે ૮૦ ટકા ચોથી પેઢીના વિમાન કાફલામાં ઉમેરી રહી છે. અમેરિકા પાસે પાંચમી પેઢીના પ્લેન છે અને આમ તે ચીન પર સરસાઈ ધરાવે છે.

રશિયા અને યુક્રેનના યુદ્ધે ડ્રોનનું મહત્ત્વ સાબિત કર્યું છે. આધુનિક યુદ્ધ ડ્રોનના જોરે લડાય છે. અમેરિકા પાસે ૩૦૦ એમક્યુ-૯ અને ક્યુ-વન પ્રેડેટર છે. એએમક્યુ-૯ ડ્રોન ૧,૭૦૦ કિલોનું વજન ઉઠાવી શકે છે. અમેરિકાએ દસ દેશને આની નિકાસ કરી છે.

-તો, ચીન ડ્રોનની નિકાસમાં મોખરાના સ્થાને છે. તેના વિન્ગ લૂન્ગ ડ્રોન(૧૭૦૦ કિલોનું પેલોડ) સાઉદી અરેબિયા, યુએઇ અને બીજા દેશોએ આયાત કર્યું છે. ચીનના ડ્રોન સસ્તા છે. અમેરિકન એમક્યુ-૯ની કિંમત ૧.૬ કરોડની છે તો ચીનના ડ્રોન ૧૦થી ૨૦ લાખ ડૉલરમાં મળે છે.

હા, એ ખરું કે અમેરિકા ડ્રોનની બહેતર ટેકનોલોજી ધરાવે છે. ચીન પાસે એ એડવાન્ટેજ છે કે તે ડ્રોનનું સસ્તું ઉત્પાદન કરે છે.

અમેરિકા લશ્કર ૨૪૦૦ ટેન્ક ધરાવે છે. આ ટેન્ક સમયની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે. જોકે તેના ૬૮ ટનનું વજન તેનો ગેરલાભ છે. બીજી બાજુ ચીન પાસે ૫૦૦૦ ટેન્ક છે. આમાં જૂની ટાઈપની ટેન્કનો પણ સમાવેશ છે.

અણુશસ્ત્રોમાં ય અમેરિકા ઘણી સરસાઈ ધરાવે છે. તેની પાસે ૫,૨૪૪ અણુ વોરહેડ છે. જ્યારે ચીન પાસે ૬૦૦ અણુબોમ્બ છે. અમેરિકા પાસે ચીન કરતાં તેર ગણા આધુનિક વોરહેડ છે.અમેરિકા ૮૯૫ અમેરિકન ડૉલરનું સંરક્ષણ બજેટ ધરાવે છે, જ્યારે ચીનનું બજેટ ૨૬૬ અબજ ડૉલરનું છે.

ચીનનું નૌકાદળ ૭૪૨ જહાજ ધરાવે છે તો અમેરિકા ૪૬૦ જહાજ ધરાવે છે. જોકે અમેરિકાની સબમરીન અને કેરિયર વધુ આધુનિક છે.

આમ એકંદરે જોઈએ તો ચીન પર અમેરિકા સરસાઈ ધરાવે છે, પરંતુ બન્ને પાસે પૃથ્વીને અનેક વાર ખતમ કરવાની ક્ષમતા છે. બે સુપર પાવર વચ્ચેની લડાઈનો અર્થ જ થાય છે કે પૃથ્વીનો સંહાર. ચીન ગમે ત્યારે તાઈવાન પર હુમલો કરે એવા એંધાણ છે આવું થાય તો અમેરિકા અને ચીન વચ્ચે યુદ્ધનો ભડકો થઈ શકે. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

## રાજનીતિની ચર્ચા જરૂર કરો, પણ સાથે થોડી જાણકારી પણ રાખો!




શનિવાર - રવિવારે આપણે ક્યાંક ભેગા થઈએ કે કોઈ સામાજિક પ્રસંગો નિમિત્તે સાથે હો ત્યારે ચર્ચાનો એક એવરગ્રીન વિષય હોય છે : રાજનીતિ.

દરેક વ્યક્તિ પોતાનો મત શક્ય હોય એટલો વધુ આક્રમક રીતે રજૂ કરતો હોય છે, જેથી બીજાની દલીલ ટકી શકે નહીં. આવી ઉગ્ર ચર્ચામાં માણસ સાંભળવાની કળા ભૂલવા લાગ્યો છે. ક્યારેક ઉગ્ર ચર્ચા શરૂ થઇ જાય અને સંબંધોમાં ખટાશ આવવા સુધી વાત પહોંચી જતી હોય છે. રાજનીતિની ચર્ચા કરતાં પહેલાં ઘણીવાર એવું પણ થાય કે રાજનીતિના સિદ્ધાંતો વિશે આપણને કેટલી ખબર છે?

દુનિયાનાં અખબારો કે લબ્ધ પ્રતિષ્ઠિત લેખકો રાજનીતિમાં જે શબ્દપ્રયોગ કરે છે એ અભ્યાસનો જટિલ વિષય છે. આમ છતાં એના વિશે આપણને કમસેકમ ખ્યાલ હોવો જોઈએ.

રાજનીતિ સમજવા થોડો રાજકીય ઇતિહાસ, જે તે દેશના કાયદા અને સંવિધાન, એ દેશોની રાજકીય વિચારધારા, જે સમયે કોઈ વિચારધારાના ઉલ્લેખ થયા હોય એ સમયની જાણકારી સહિત થોડું વિશ્લેષણ કરવાની ક્ષમતા કેળવવા વાંચન અને ચિંતન જરૂરી છે. વ્યક્તિ વાંચન કે ચિંતન કરતો હોય ત્યારે સંદર્ભો તરફ નિષ્પક્ષ રહીને અભ્યાસ કરવો એ પૂર્વ શરત છે. વાંચન અને મનનને સાતત્ય સાથે અવિરત ચાલતું રાખવું પડે. દુનિયાની રાજનીતિ સમજવા સમાજવાદ, ઉદારવાદ, લોકશાહી, મૂડીવાદ, સરમુખત્યારશાહી, રાજાશાહી, સામ્યવાદ કે ગણતંત્ર જેવા સત્તાના અભિગમ શીખવા જોઈએ. સાથોસાથ જે તે પ્રદેશ મુજબ સફળ પ્રયોગ અને નિષ્ફળ ફ્યુઝન જાણવા જરૂરી છે.

આપણે જયારે ઇતિહાસને સંબોધીને રાજનીતિની ચર્ચા કરીએ ત્યારે એ સમયની આર્થિક, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિ સમજવી જોઈએ.

એક સાદું ઉદાહરણ સમજો, તમે હાલમાં અત્યંત સંપન્ન છો. તમારા દાદા ત્રીસ વર્ષ પહેલા ગંભીર બીમારીમાં નિધન પામ્યા હતા ત્યારે તમે આર્થિક રીતે તકલીફમાં હતા. તમને સવાલ પૂછવામાં આવે કે તમે હાલ સંપન્ન છો તો પછી ત્રીસ વર્ષ અગાઉ વિદેશમાં જઈને તમે દાદાની સારી સારવાર કેમ ના કરાવી?

આ એક હાસ્યાસ્પદ સવાલ છે, તે દિવસે કેમ ના કર્યું એ લગભગ દરેક ચર્ચામાં થતો પ્રશ્ન છે. કાળ મુજબ પરિસ્થિતિને શીખવા અને સમજવાની આપણી તૈયારી હોય છે ખરી? દેશ આઝાદ થયો ત્યારે ગણતરીના ટેલિફોન હતા, એટલા તો એક લગ્ન સમારંભમાં હાલ મોબાઈલ હશે. દેશમાં બે પાંચ લાખ રેડિયો હતા એટલા તો એક નાનકડા શહેરમાં ટીવી હશે. હવે એ સમયે સંદેશો કેમ ના પહોંચાડ્યો એ પ્રશ્ન પૂછતાં પહેલા સંદેશ વ્યવહારનો ઇતિહાસ અને પરિસ્થિતિ જાણવી જરૂરી છે.

રાજનીતિમાં વપરાતા અનેક શબ્દ ગ્રીક અથવા લેટિન ભાષામાંથી આવ્યા છે. ખુદ રાજકારણ 'પોલિટિક્સ' શબ્દ એ ગ્રીક કલ્પનાનો છે, જેનો અર્થ થાય કે નાગરિકોના હિત સાથે જોડાયેલી વાત. એ જ રીતે 'ડેમોક્રેસી' શબ્દ પણ ગ્રીક ભાષાની દેન છે. 'ડેમોસ' એટલે પ્રજા અને 'ક્રાટોસ' એટલે એમના હિત સાથે જોડાયેલી વાત. આમ પોલિટિક્સ અને ડેમોક્રેસી શબ્દ ગ્રીક સંસ્કૃતિ સાથે જોડાયેલા છે. લેટિન ભાષાએ કેટલાક શબ્દ આપ્યા જેમ કે રિપબ્લિક, વિટો, ફેડરેશન વગેરે. યુરોપમાંથી પણ ઘણા શબ્દ આવ્યા જેમાં બ્યુરોક્રેસી, સોસિયાલિઝમ, કેપિટલિઝમ હોય કે ફાસિઝમ.

આજના આધુનિક સમયમાં નવા શબ્દ સાંભળવા મળે છે, જેમ કે આર્થિક સુધારાનો દોર શરૂ થયા પછી ગ્લોબલાઇઝએશન, લિબ્રેનાઇઝએશન કે અનાર્કી જેવા શબ્દ પ્રચલિત થયા.

શબ્દોનો ઉપયોગ કેવી રીતે સમજવો? તેના ઐતિહાસિક સંદર્ભ સમજવા જોઈએ. દરેક શબ્દનું મૂળ અને તેનો ઉપયોગ જાણવો જોઈએ. આ શબ્દો આજની રાજનીતિમાં કેવી રીતે વપરાય છે તે સાંપ્રત પરિસ્થિતિ મુજબ સમજવું જોઈએ. એ જ વાતની વૈશ્વિક સરખામણી સંદર્ભે વિચારવી જોઈએ. સૌથી મહત્ત્વની વાત યાદ રાખવાની જરૂર છે કે રાજનીતિ સંદર્ભે વાંચન અને ચિંતન સતત ચાલતું રહેવું જોઈએ. સીગ્મડ ફ્રોઈડના સમયમાં શબ્દ પ્રચલિત થયો, 'ફેમિનાઈન' અને 'મસ્કુલાઇન'. આ ફેમિનિઝમે દુનિયાને અસંખ્ય શબ્દો લોકપ્રિય કરી આપ્યા. મુક્તિ, પિતૃતંત્ર, પરાધીનતા, વ્યક્તિગત ક્ષેત્ર, ક્લાસ, ભગિની સમાજ, પ્રજાતિ, વ્યક્તિવાદ, ઉપયોગિતાવાદ, પ્રોફેશનલ લાઈફ, જ્યુડિશરી, સમાનતા, સામાજિક બંધન, ઉત્તરાધિકાર, સ્ત્રી રહસ્ય, શોષણ, પુરુષ પ્રધાન સમાજ, સેક્સુઅલ પોલિટિક્સ ઈત્યાદિ, ઈત્યાદિ.

વૈશ્વિક સ્ત્રી આંદોલનમાં અનેક શબ્દ આવતા ગયા. હવે વિચાર કરો કે અર્થતંત્ર, રાજનીતિ, વિદેશનીતિ, હિંસા, લડાઈ, સત્તા વગેરે માટે કેટલા બધા શબ્દો અને તેનો ઇતિહાસ હશે.

ભારતીય સહિત દુનિયાના અસંખ્ય વિચારકોએ નવા શબ્દ આપ્યા હશે અલગ ઇતિહાસ છે. સોક્રેટિસ, પ્લેટો, અરસ્તૂ, મેકિયાવેલી, બેન્થમ, ગ્રીન, હ્યુમ, રુસો, માર્ક્સ, લેનિન, ગાંધી, હેગેલ, બર્ક લ્યુકાચ સહિત અનેક લોકોએ નવી રાજનીતિ શીખવી. એમના રાજનૈતિક વિચારોમાં નવા શબ્દ અને વિચારમાળાની ભરમાર હતી. આ વિચારધારાઓ થકી હજારોની સંખ્યામાં પુસ્તકો લખાયાં છે. રાજનીતિમાં પ્રારંભિક વિચારક એવા સોક્રેટીસ અને પ્લેટો પરંપરા સમજવી હોય તો તર્ક, ચર્ચા, પરફેક્ટ સ્ટેટ, તથ્ય, મૂલ્ય, લોકતંત્ર, સંશયવાદ, નોલેજ અને ઓપિનિયન, નીતિશાસ્ત્ર, યુટોપિયા, મિનિમમ અને મેક્સિમમ નીડ્સ, ભૌતિક સંતોષ, રિવોલ્યુસેશન, પ્રોલેટરીએટ (સર્વસમાન), એપિટાઈટ, ઈમોશન, સ્વામિત્વ જેવાં શબ્દો અઢી હજાર વર્ષથી રાજનીતિ શીખવા માટે વપરાય છે. આ વિચારધારાની સમાનાંતર ભારત તથા દુનિયાના અનેક સંસ્કૃતિઓમાં અસંખ્ય શબ્દ આવ્યા છે.

આપણે તો ફક્ત શબ્દની વાત કરીને છૂટા પડી જઈશું, પણ આ શબ્દો પાછળ ઇતિહાસ અને કથાઓ અને વિસ્તૃત અર્થઘટનની એક વિશાળ દુનિયા છે. વોટ્સઅપના જમાનામાં શબ્દોની દુનિયા નાની થવા લાગી છે. સામાન્ય શબ્દ સમજાતા નથી. નવી પેઢીને 'એ ફોર એપલ' શીખવવાને બદલે ચિંતન કરતાં શીખવો. વોટ્સઅપ યુનિવર્સિટીમાં ભણીને પ્રખંડ પંડિત બનીને રાજનીતિની ચર્ચા કરવાની કોઈ ના નથી, પણ સાથોસાથ શબ્દથી માંડીને અભ્યાસની દુનિયામાં પગ માંડતા રહેશો તો તમે પોતાને ચર્ચા કર્યાનો સંતોષ થશે. એ ગુનાહિત ભાવમાંથી બહાર નીકળી જવાશે કે મેં કોઈને ગેરમાર્ગે દોર્યા નથી અને એ માર્ગમાં ભટકતા થોડા ઘણાને સાચી દિશા ચીંધી છે. ■

**ધ એન્ડઃ**

*શક્તિશાળી હોવું એટલે કોણ કોના પર સત્તા ચલાવે છે કે કોનું માનવામાં આવે છે એ નથી. શક્તિ એટલે પરસ્પર સહયોગનું નિર્માણ કરવું આપણે શક્તિ અને સત્તા વચ્ચેની ભેદરેખા ભૂલતા જઈએ છીએ.* (હન્ના આરેન્ટ)




પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## અંતિમ સમયે નેતાજી પાસે ખરેખર કેટલો ખજાનો હતો?

નેતાજી સુભાષચંદ્ર બૉઝના જીવન અને મૃત્યુની જેમ જ તેમની આઝાદ હિન્દ ફોજ (ઇન્ડિયન નેશનલ આર્મી- આઇ.એન.એ.)નો ખજાનો પણ આજેય રહસ્યના પડળમાં વીંટળાયેલો છે.

આ મામલાની થોડી વધુ વિગતો જાણીએ. ૧૯૪૫માં તો જાપાન અને આઇ.એન.એ. બર્મામાં શત્રુ રાષ્ટ્રો (મુખ્યત્વે બ્રિટન-સોવિયેત સંઘ, અમેરિકા અને અન્ય દેશો) બર્મા પર હાવી થઇ ગયા હતા. ૧૯૪૫માં એટલે કે બીજા વિશ્વ-યુદ્ધમાં આ દેશોએ એક્સિસ પાવર્સ (અર્થાત્ જર્મની, જાપાન અને ઇટલી)નો જોરદાર સામનો કર્યો હતો. આથી જાપાનની પડખે રહેનારા સુભાષબાબુએ જર્મની છોડી દેવું પડયું હતું. ૧૯૪૫ની ૨૪મી એપ્રિલે નેતાજી સુભાષ પોતાની સાથે કામચલાઉ સરકારનો ખજાનો લઇને બૅંગકોક માટે રવાના થયા હતા.

અહીં એક સવાલ આવે છે કે નેતાજી ખજાનામાં શું-શું અને કેટલું લઇ ગયા હતા? આનો ચોક્કસ જવાબ ઉપલબ્ધ નથી, બલકે વિરોધાભાસી વિગતો મળે છે. બીજા વિશ્વ-યુદ્ધના અંત બાદ બ્રિટિશ ગુપ્તચરોએ બૅંગકોકમાં ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ (આઇ. આઇ. એલ.)ના વડા દેવનાથ દાસની પૂછપરછ કરી હતી. દેવનાથ દાસના કહેવા પ્રમાણે નેતાજી ૬.૩ કિલોગ્રામ સોનું લઇને નીકળ્યા હતા.

૧૯૪૫ની ૧૫મી ઓગસ્ટે જાપાને શરણાગતિ સ્વીકારી અને એની સાથે આઝાદ હિન્દ સેનાના ૪૦ હજાર જવાનોએ પણ બર્મામાં હથિયાર હેઠા મૂકી દીધા હતા. આમાંથી અમુક



ઈન્ડિયન હિસ્ટ્રી પિક્સ

આગેવાનોને દિલ્હીના રેડ ફોર્ટમાં લઇ જવાયાં દેશદ્રોહના ખટલાનો સામનો કરવા માટે. બીજી તરફ બ્રિટન સામે સદીનો સૌથી મોટો સશસ્ત્ર વિગ્રહ કરનારા સુભાષબાબુનું કાસળ કાઢી નાખવા માટે બ્રિટિશ વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલે ૧૯૪૫માં આદેશ આપ્યો હતો. અગાઉ આવી જ સુપારી ૧૯૪૧માં અપાઇ હતી. ચર્ચિલના શબ્દો ઇતિહાસમાં અંકિત છે કે 'જો (નેતાજી બૉઝ) પકડાય તો ભીંત સરસા ઊભા રાખીને ઠાર મારવા!'

આવા માઠા સંજોગો વચ્ચે ૧૯૪૫ની ૧૮મી ઓગસ્ટે નેતાજી બૉઝ પોતાના સાથી હબીબુર રહેમાન સાથે જાપાનીઝ બૉમ્બર પ્લેનમાં સાયગોન જવા નીકળ્યા, જયાંથી તેઓ સોવિયેત સંઘમાં પ્રવેશવાનો પ્રયાસ કરવાના હતા. નેતાજીના જીવનના અંતિમ કલાકોના સાથી હતા આ હબીબુર રહેમાન.

આ વિમાન તૂટી પડયું. જાપાનના લશ્કરે ઘટનાસ્થળેથી ખજાનાનો ૧૧ કિલો જેટલો સામાન મેળવ્યો હતો. અહીંથી પેટ્રોલના કેનમાં ખજાનાના અંશ અને બીજા બોકસમાં નેતાજીના મનાતા કે ગણાવાયેલા અવશેષ લઇ જવાયા. આ અસ્થિને તાઇવાનના સ્થાનિક સ્મશાનમાં દફનાવાયા હતા. એ બન્નેમાં ભારતના સૌથી મોટા રાજકીય રહસ્ય પુરાયેલા હતા નેતાજીના જીવન-મોત અને આઇ.એન.એ.ના ખજાના અંગેના.

જો નેતાજી પાસે ૬.૩ કિલો સોનું હતું તો એ ૧૧ કિલોના ખજાનાના અંશમાં કેવી રીતે ફેરવાઇ ગયું? શું વિમાન દુર્ઘટનાની પ્રચંડ આગમાં સોનું ઓગળીને માત્ર ૧૧ કિલોનો ગઠ્ઠો બની ગયું હશે?

દેવનાથ દાસ અને હબીબુર રહેમાનથી એકદમ અલગ વાત નેતાજીના અંગત સેવક કુંદનસિંહે કરી હતી. તેમના દાવા મુજબ ખજાનો સ્ટીલના ચાર બોકસમાં હતો. આમાં ભારતીય મહિલાઓએ ડોનેટ કરેલા ઘરેણાં, કાંડા ઘડિયાળ, હાર, બુટિયા, બ્રેસલેટ, બંગડી અને પાઉન્ડ સાથે કેટલાંક સોનાના તાર હતા. આમાં નેતાજીને એડોલ્ફ હિટલરે ભેટમાં આપેલું સિગારેટ કેસ પણ હતું. કુંદનસિંહે સ્પષ્ટતા ય કરી હતી કે બૅંગકોકથી સાયગોન માટે રવાના થવા પૂર્વે નેતાજીએ પોતે આ ચાર બોકસ ચેક કર્યા હતા.

આ ત્રણ વર્ઝન પૂરતા ન હોય એમ બૅંગકોક સ્થિત આઇ.આઇ.એલ.ના આગેવાન પંડિત રઘુનાથ શર્માએ એકદમ નવો ફણગો ફોડ્યો કે નેતાજી પોતાની સાથે રૂ. એક કરોડનું સોનું અને કિંમતી ચીજો લઇને નીકળ્યા હતા. આનો સાફ અર્થ એ નીકળી શકે કે અકસ્માતગ્રસ્ત વિમાનના કાટમાળમાંથી જે કંઇ મળ્યું એના કરતાં વધુ ખજાનો હતો.

આ બાબતમાં કદાચ વધુ જાણકારી એક સજજન પાસે હતી. એ હતા પત્રકારમાંથી આઇ.એન.એ.ની કામચલાઉ સરકારના પ્રચાર પ્રધાન એસ. એ. ઐયર. નેતાજીના છેલ્લા દિવસોમાં ઐયર એમની સાથે જ હતા.

આ બધા નિવેદન અને દાવા વચ્ચે સચ્ચાઇ કયાંક દૂર-દૂર છે. પણ ખજાનો કયાં છે? એ ગયો છે કયાં? કોઇ હડપ કરી ગયું? આ સવાલો આઝાદ ભારતને રાજકારણને ખૂબ સતાવવાના હતા. એના જવાબ શોધવાના ખૂબ પ્રયાસો થયા પણ એમાંથી શું ઊપજયું? (ક્રમશઃ)■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## અજબ કોવિડની ગજબ કહાણી



એ વાત જગજાહેર છે કે કોવિડ -૧૯ અને એના લોકડાઉનએ અનેકની કમ્મર તોડી નાખી. જોકે, સાથે એવું પણ બન્યું કે વળી ગયેલી કેટલીક કમ્મર ટાઈટ થઈ ગઈ. જીવન ગુમાવ્યા તો નવજીવન સુધ્ધાં મળ્યું.

કાંગારુ દેશ ઓસ્ટ્રેલિયાની ૨૦ વર્ષની રુબી રૂ કથીરમાંથી કંચનનું એક વિશિષ્ટ ઉદાહરણ છે. કોઈ પણ અવસ્થા જીવનનો અંત નથી હોતી એ સિદ્ધ થાય છે. ૨૦૨૦ના કોવિડ -૧૯ના લોકડાઉનમાં રુબી બોયફ્રેન્ડ સાથે બ્રેકઅપ અને આર્થિક મુશ્કેલીના વમળમાં ફસાઈ હતી. રોદણાં રોવાને બદલે કન્યાએ મન આનંદમાં રહે અને નેગેટિવ વિચારો કેડો મૂકે એ માટે કન્ટેન્ટ ક્રિયેશનનું કામ શરૂ કર્યું. લોકો હતાશા અને નિરાશામાંથી બહાર આવી જાય એ માટે આનંદદાયક પર્સનલાઈઝ્ડ વીડિયો બનાવવાની શરૂઆત કરી. શરૂઆતના અખતરાને સોશિયલ મીડિયા પર જોરદાર રિસ્પોન્સ મળ્યો. સોક્સ પહેરીને નાચવાના કે પછી મોટે મોટેથી નામના ઉચ્ચારણ કરી બૂમો પાડવી જેવા વીડિયોની ડિમાન્ડ આવવા લાગી. એક દિવસ તો એના એક્સ બોયફ્રેન્ડે જ સોશિયલ મીડિયા પર વીડિયો મોકલવાની માગણી કરતા રુબી ચોંકી ગઈ. એ મસ્તી કરતો હશે એમ માની એણે ધ્યાન ન આપ્યું, પણ પછી દર અઠવાડિયે ૧૨૦૦ પાઉન્ડ (આશરે એક લાખ ૩૩ હજાર રૂપિયા) મોકલવા લાગ્યો ત્યારે રુબીને અચાનક બ્રહ્મજ્ઞાન થયું કે જરૂરિયાત અનુસારના ચિત્ર - વિચિત્ર વીડિયો ધીકતી કમાણી કરાવી શકે છે. આ ધંધો એવો ફૂલ્યોફાલ્યો કે એક વર્ષમાં રુબીના બેન્ક બેલેન્સમાં ૮ લાખ પાઉન્ડ (આશરે ૯૦ કરોડ રૂપિયા) જમા થઈ ગયા. એની કમાણીનો આલેખ સતત ઉપર જઈ રહ્યો છે. ૨૦૨૫માં ૨૦ વર્ષની ઉંમરે 'સેલ્ફ મેડ મિલિયોનેર' તરીકે ખ્યાતિ મેળવી છે. ડિજિટલ પ્લેટફોર્મ નાણાં રળવાનું નવું મેદાન સાબિત થયું એનું રુબી લાક્ષણિક ઉદાહરણ છે.

## પીએચ.ડી.ને પૂળો મૂકી પેટપૂજાની પ્રવૃત્તિ



અંતિમ અને એકમાત્ર લક્ષ્ય પૈસા જ કમાઈ લેવાનું હોય એ વૃત્તિમાં લપેટાયેલા સમાજમાં અભ્યાસ માટેના અભરખા પહેલા જેવા નથી રહ્યા એનું બહુ આશ્ચર્ય ન થવું જોઈએ. ચીનના શાંઘાઈ શહેરની પ્રખ્યાત ફુદાન યુનિવર્સિટીમાં માસ્ટર્સ ડિગ્રીનો અભ્યાસ પડતો મૂકી પીએચ.ડી. થવાના સપનાનું ફિંડલું વાળી દઈ ખાણીપીણીનો ખુમચો શરૂ કરનાર ૨૪ વર્ષનો ચીની યુવક ફે યુ ચર્ચાના ચોતરે ચડ્યો છે. આર્થિક તંગી ધરાવતા પરિવારનો આ યુવક પબ્લિક હેલ્થમાં ગ્રેજ્યુએટ થઈ માસ્ટર્સ કરી યુએસમાં ડોક્ટરેટ થવા માગતો હતો. યુએસમાં સ્કોલરશિપ સાથે પીએચ.ડી. માટે એડમિશન મળી ગયું, પણ ડોનલ્ડ ટ્રમ્પના ટેરિફ વોરને પગલે યુએસ - ચીન વચ્ચે કથળેલા સંબંધોને પગલે ફે યુની સ્કોલરશિપ રદ કરવામાં આવી. અભ્યાસનું ભાવિ અંધકારમય દેખાતા ભાઈસાહેબે ચૂલો સળગાવી ફૂડસ્ટોલનો વ્યવસાય અપનાવી લીધો છે. ભણ્યો હતો એ જ યુનિવર્સિટીની બહાર બે પૈસા રળવા ખાણીપીણીનો ખુમચો શરૂ કર્યો. એની આઈટમ ટેસ્ટી હોવાથી સ્ટોલ પર ગર્દી થાય છે અને રોજના આઠથી દસ હજારનો વકરો કરી લે છે. આ કામ કરવામાં એ કોઈ શરમ નથી અનુભવતો. એ તો ધગશથી કામ કરે છે.

## ડિગ્રીને શું વળગે ભૂર, જે તગડું કમાય એ શૂર!



એજ્યુકેશનની - ભણતરની વાત નીકળે ત્યારે ગુજરાતીઓને કેટલાક હાથવગા ઉદાહરણ છે બિલ ગેટ્સ, સ્ટીવ જોબ્સ, વોલ્ટ ડિઝની, ધીરુભાઈ અંબાણી... જે મોટી શૈક્ષણિક ડિગ્રી મેળવ્યા વિના સૂંડલે મોઢે સંપત્તિ એકઠી કરી શક્યા. ધનવાન બનવા ભણતર નહીં, ગણતરનું વધુ વજન પડે છે એવી દલીલ અનેક વાર કરવામાં આવે છે.

યુકેના હિસ્સા નોર્ધર્ન આયર્લેન્ડની રહેવાસી રેબેકા મેકબ્રાઇડ ગુજરાતીઓની માન્યતાને પુષ્ટિ મળે એવી પ્રવૃત્તિ કરી રહી છે. ૨૩ વર્ષની ભર યુવાનીમાં બાયોલોજીમાં પીએચ.ડી. ડિગ્રી માટેના અભ્યાસને તિલાંજલિ આપી 'ડોગ શેપ્રન'નો બિઝનેસ કરી એક દિવસમાં ૪૦૦ ડૉલર (આશરે ૩૪ હજાર રૂપિયા) કમાઈ લે છે, ખુદના મિનિમમ ખર્ચા સાથે. ડોગ શેપ્રન એટલે માલિકને કોઈ ઈવેન્ટમાં કે કોઈ અણધાર્યા કાર્યક્રમમાં જવાનું થાય કે પછી માલિક કે માલકણના લગ્ન હોય ત્યારે એમના જીગરના ટુકડા જેવા શ્વાનની દરેક પ્રકારે વહાલપૂર્વક સારસંભાળ રાખતી વ્યક્તિ.

આ રેબેકા બિઝનેસમાં એટલી નિપુણ થઈ ગઈ છે કે ૨૦૨૫ના ડિસેમ્બર સુધી એ બુક છે અને નવી એસાઈનમેન્ટ આ વર્ષે નથી લઈ શકે એમ. એમાં વળી કેટલીક ડ્યુટી 'વેડિંગ ડે ડોગ શેપ્રન' તરીકે પણ હોય છે. આ જવાબદારીમાં રેબેકા કપલના શ્વાન સાથે વેડિંગ વિસ્તારની નજીક જ રહે છે. કપલ ફોટો પડાવવા બોલાવે તો હાજર થઈ જાય, કેક સેરેમની વખતે તોફાન ન કરે એ માટે શ્વાનને આઘો રાખે. જરૂર હોય તો ડિયર ડોગીને રાતવાસો પણ કરાવે. શ્વાનને પોતાનો હેવાયો કેવી રીતે કરવો એની સ્પેશ્યલ ટ્રેનિંગ પણ રેબેકાએ લીધી છે. જોકે, પીએચ.ડી. જેવી ગૌરવપૂર્ણ ડિગ્રીને તડકે મૂકી સસ્તી લાગે એવી આ જવાબદારી રેબેકાએ કેમ સ્વીકારી હશે? યુનિવર્સિટીના અભ્યાસ દરમિયાન એક વેડિંગમાં વેઈટ્રેસનો વીકએન્ડ જોબ કરતી વખતે રેબેકાએ મહેમાનોને ડ્રિન્ક સર્વ કરવાને બદલે એક કપલના ડોગીને સંભાળવાની તૈયારી બતાવી. યુગલને તો ભાવતુંતું અને વૈદે કીધા જેવું થયું અને એ દિવસથી શરૂ થયેલો અખતરો આજે એક બિઝનેસ બની ગયો છે. શ્વાન સેવિકા તરીકે ખ્યાતિ મેળવનારી આઈરિશ યુવતી આ વર્ષે ૫૦ લગ્નમાં ડોગીની ડિયર ડેમ બનવાની છે. તગડા પૈસા મળતા હોય તો કોઈ કામ નાનું - મોટું નથી હોતું એ આજની જનરેશનની સોચ રેબેકામાં જોવા મળે છે.

## સાથી બુક બઢાના, સાથી રે!



ફૂટબોલ અને ફ્લાવર શો માટે જાણીતા યુકેના ચેલ્સી શહેરના પુસ્તકપ્રેમીઓ હરખઘેલા થઈ જાય એવી ઘટના તાજેતરમાં બની છે. માત્ર ત્રણ પાર્ટટાઈમ કર્મચારી ધરાવતા ૧૯૯૭થી કાર્યરત બુકસ્ટોરને નવી જગ્યાએ ખસેડવાનો નિર્ણય લેવો પડ્યો હતો. જોકે, ૯૧૦૦ પુસ્તકને ખસેડવા 'મુવર્સ એન્ડ પેકર્સની' ફી બજેટ બહાર હતી અને આટલી મોટી સંખ્યામાં પુસ્તકો બોક્સમાં વ્યવસ્થિત પેક કરવા, નવી જગ્યાએ બોક્સ ખોલી ખોલી ગોઠવવા એ માટે ખાસ્સો સમય લાગે એમ હતો. બુકસ્ટોરનાં સ્થળાંતરની વાત વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી અને અનેક લોકો એનાથી વાકેફ હતા. કોઈ ફળદ્રુપ દિમાગમાં આઈડિયા આવ્યો અને એક રવિવારે સવારે જૂના બુકસ્ટોરના દરવાજેથી નવી બુકશોપના દરવાજા સુધી ૩૦૦ લોકોની 'બુક બ્રિગેડ' કતારમાં ગોઠવાઈ ગઈ. 'નયા દૌર' ફિલ્મમાં બ્રિજ બાંધતી વખતે ગામવાસીઓ 'સાથી હાથ બઢાના, સાથી રે' ગણગણી એક હાથમાંથી બીજા હાથમાં ઈંટ પસાર કરી બાંધકામમાં ખભે ખભે મિલાવે છે એ જ રીતે ચેલ્સીના પુસ્તકપ્રેમીઓ 'સાથી બુક બઢાના, સાથી રે'ની ભાવનાથી પુસ્તક પાસ કરવા લાગ્યા. બે કલાકથી ઓછા સમયમાં પુસ્તકો નવી દુકાનમાં પહોંચી યોગ્ય જગ્યાએ ગોઠવાઈ પણ ગયા ! બુક પાસ કરતી વખતે 'તે આ બુક વાંચી છે? મસ્ત છે, જરૂર વાંચજે' જેવી વાતચીત પણ કાને પડી હતી. આને કહેવાય ખરા પુસ્તકપ્રેમી.

## લ્યો કરો વાત!

*કોઈ મોટી મુસીબત નાની અમથી તકલીફથી દૂર થઈ જાય ત્યારે 'શૂળીનું વિઘ્ન કાંટે જવું' એમ કહેવાય છે. જોકે, જાપાનના એક બસ ડ્રાઈવરના જીવનમાં કાંટાનું વિઘ્ન શૂળીએ ગયું એવી બેહાલી જોવા મળી છે. થયું છે એવું કે બસ ચાલકએ શિફ્ટ દરમિયાન ભાડા પેટે મળેલી ૧૦૦૦ યેન (આશરે ૫૯૦ રૂપિયા)ની રકમ ફેર પ્રોસેસિંગ મશીનમાં મુકવાને બદલે ખિસ્સામાં સેરવી દીધી. વીડિયો ફૂટેજ ચેક કરતી વખતે બસ સર્વિસ ચલાવતા ક્યોટો મ્યુનિસિપલ કોર્પોરેશને આ ચોરી પકડી પાડી. તાબડતોબ ડ્રાઈવરને બોલાવી નોકરીમાંથી પાણીચું તો આપ્યું જ, સાથે સાથે નિવૃત્તિ વખતે મળનારું ૧૨ મિલિયન યેન (આશરે ૭૦ લાખ રૂપિયા)નું ફંડ રદ કરી દીધું. ડ્રાઈવરે કોર્પોરેશન સામે કેસ કર્યો, પણ 'બસ ચાલકની વર્તણુક જાહેર પરિવહનમાં જનતાના વિશ્વાસને ઠેસ પહોંચાડે છે' એવું કારણ આપી સુપ્રીમ કોર્ટે કોર્પોરેશનના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**કબીરા ખડા બાજાર મેં... તો નબીરા?..**

* બાર મેં!

**ખોદ્યો ડુંગર. કાઢ્યો ઉંદર...એ ઉંદર ક્યાં જતો હશે?.**

* હોમટાઉન ડુંગરમાં.

**સૌથી વધુ રિટર્ન શેમાંથી મળે ?**

* દેણદારો પાસેથી નસીબ સારા હોય તો ! .

**ઘેરહાજર અને ઓફિસમાં ગેરહાજર ફાયદો શેમાં?**

* એનો આધાર પત્ની અને બોસ પર છે...

**લગ્ન વિધિમાં સપ્તપદીના બદલે નવપદી હોય તો?**

* ટાઈમ બહુ જાય અને ગોર મહારાજ વધુ પૈસા માંગે

**નવદંપતીને કોડી કેમ રમાડાય છે?**

* મહેમાનોની હાજરીમાં તીન પત્તી તો ના રમાડાય ને?!

**મુકાબલા...એ કઈ બલા છે ?**

* બથ્થમબથ્થાની.

**એક્ટરની જેમ ચીટરની ફેન ક્લબ હોય તો?**

* બધા રૂપિયાનો રૂદન રાગ આલાપતા હોય.

**ધારો કે એક સાંજ આપણે મળ્યા.. આપણે હળ્યા, પણ આ આયખાનું શું...કવિએ શું કહેવું હશે?**

* મિલન પછી પેલી મને મૂકીને જતી રહી ને બિલ કવિએ ચૂકવવું પડ્યું !

**પડોશણ રિસાઈ જાય તો શું કરવું?**

* મનાવો, પણ માની ગઈ તો માથાકૂટ વધશે

**જેને ઘાસચારો કે ભાઈચારો માફક ના આવે એ કોણ?**

* બિચારો.

**સહકાર વિના ઉદ્ધાર નહીં. કેવો સહકાર આપવો?**

* પ્રસાદી- લાંચ- સમજૂતી કે ચાપાણીના વ્યવહારનો.

**મનપસંદની જેમ તનપસંદનો મહિમા કેમ નથી?**

* ચાલો, તમે શરૂ કરો !

**ચાપાણી, છાંટોપાણી, રાતાપાણી.. સામ્યતા શું?**

* પાણી.. પીવાનું અને દેખાડવાનું!

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# શક્તિનું માપ પણ એ બતાવે છે



સાચા સંબંધી કોને કહેવાય? એ જ ને, કે જે એક બીજાની પરસ્પર કાળજી રાખે? આવા સંબંધો અને ફરજ પ્રત્યે અંગૂલિનિર્દેશ કરતી ચોવક બહુ પ્રચલિત છે. ચોવક છેઃ 'સગેજી સૉજ ન્યારે સે સગો' શબ્દાર્થ છેઃ સગાંની સગવડનું ધ્યાન રાખે એ જ સાચા સગા કહેવાય. 'સગે' શબ્દનો અર્થ થાય છેઃ સગા (અહીં સંબંધમાં જે વેવાઇ હોય તે અર્થ વધારે અભિપ્રેત છે). 'જી' એટલેઃ 'સૉજ'નો અર્થ થાય છેઃ સગવડ 'ન્યારે' એટલે જુએ. 'સે' એટલેઃ તેં. અન્ય સંબંધોની માફક વેવાઇઓએ પરસ્પર એક બીજાની સગવડ સાચવવી જરૂરી હોય છે.

એક બાજુ મજાની શીખામણ આપતી ચોવક છેઃ 'સનૂં ડિસી સધન કજે જાડો ડિસી ધ્રિજ જે ન' શક્તિનું માપ. દર્શાવતી આ ચોવક છે. શબ્દાર્થ જોઇએ તો 'સનૂં'ના ઘણા અર્થ થાય છે. સનૂં એટલે ઝીણું, પાતળું, એકવડિયા બાંધાવાળું 'સધ ન કજે' આ ત્રણ ટૂંકાક્ષરી શબ્દ સમૂહનો અર્થ થાય છે. પડકાર ન ફેંકવો. આમ તો 'કજે' શબ્દનો અર્થ તો 'કરવું' એવો થાય છે. આ અડધી ચોવકનો અર્થ થયો : પાતળા બાંધાવાળી વ્યક્તિ જોઇને પડકાર ન ફેંકવો, ત્યાર પછી શબ્દ આવે છેઃ જાડો, જાડો એટલે જાડો, તંદુરસ્ત, મલ્લ, જેવો લાગતો. 'ધ્રિજ જે ન' આ ત્રણ શબ્દનો મતલબ છે ડરવું નહીં. 'ધ્રિજ જે' એટલે ડરવું. હવે આખી ચોવકનો શબ્દાર્થ જોઇએ તોઃ પાતળા બાંધાવાળી વ્યક્તિ જોઇને (લડવા માટે) પડકાર ન ફેંકવો અને જાડા નરને જોઇને ડરવું નહીં! ભાવાર્થ એવો થાય છે કે : શરીરનો બાંધો જોઇને કોઇની શક્તિનો અંદાજ ન બાંધવો જોઇએ.

એક ચોવક એવી છે, જે કહે છે કે : 'સસ્તો ઇતરો મોંઘો, મોંઘો ઇતરો સસ્તો' 'સસ્તો' એટલે સસ્તો! 'ઇતરો'નો અર્થ થાય છે 'એટલું કે એટલો.' મોંઘો એટલે મોંઘો. એ જ ત્રણ શબ્દોનો ફરીથી પ્રયોગ કરવામાં આવ્યો છે, પણ શબ્દના ક્રમ બદલાવીને! શબ્દાર્થ છેઃ જેટલું સસ્તું એટલું મોંઘું અને જેટલું મોંઘું એટલું સસ્તું! બહુ સ્વાભાવિક છે કે, સસ્તી ચીજ વધારે ન પણ ટકે અને મોંઘી વસ્તુનું આયુષ્ય લાંબું પણ હોઇ શકે!

સસ્તા શબ્દનો પ્રયોગ અહીં કરવામાં આવ્યો છે એટલે બીજી ચોવક સ્મૃતિમાં સળવળે છે. ચોવક છે : 'સસ્તો મૂલઇ ભૂખ ન મરે' અહીં 'મૂલઇ' શબ્દનો ઉપયોગ થયો છે. જેનો અર્થ થાય છેઃ મજૂર. 'ભૂખ ન મરે' આ ત્રણ શબ્દના સમૂહનો અર્થ થાય છેઃ ભૂખે ન મરે. ચોવકનો શબ્દાર્થ છેઃ જેની મજૂરી સસ્તી હોય તે મજૂર ક્યારેય ભૂખ્યો ન રહે. કારણ કે તેને કામ મળી જ જાય છે. સસ્તો મજૂર હંમેશાં સમય વરતીને કામ સ્વીકારી લે છે. લો, એ મતલબની પણ એક ચોવક છેઃ 'સમય વરતે સાવધાન' એવું ગુજરાતીમાં પણ કહેવાતું હોય છે. શબ્દાર્થ સરળ છે. જાણે ગુજરાતી શબ્દો જ વાંચીએ છીએં! પણ ચોવકનો ભાવાર્થ એવો થાય છે કે, સમય પારખીને વ્યવહાર કરવો જોઇએ.

સામાન્ય રીતે આપણે સમજમાં મિત્રતા બાંધતી વખતે કે કોઇ સંબંધ બાંધતી વખતે સામી વ્યક્તિની સજ્જનતા કરતાં આર્થિક તાકાતને વધારે પસંદ કરતા હોઇએ છીએં! ખરુંને? પરંતુ સમજદારી એ છે કે, આર્થિક તાકાત જોવા કરતાં વ્યક્તિની સજ્જનતાનો ગુણ ધ્યાનમાં લેવો જોઇએ. ચોવક કહે છે કે, 'સજણેં જી સોડ ખાસી' શબ્દોના અર્થ થાય છેઃ 'સજણેં જી' (આ બે શબ્દોનો સમૂહ છે) નો અર્થ થાય છે, સજ્જનની. સજ્જન શબ્દની સાથે એ શબ્દ સમૂહને કચ્છીમાં વળી 'સાલખ' શબ્દથી મૂલવવામાં આવે છે. 'સાલખ' શબ્દનો અર્થ થાય છેઃ સાક્ષર, જ્ઞાની કે કવિ. 'સોડ' શબ્દનું અર્થ થાય છેઃ સહવાસ. 'ખાસી' એટલે સારી. ભાવાર્થ એવો થાય છે કે, સજ્જનનો સહવાસ હંમેશાં સારો! સમાજમાં એવા માણસોનું માન અદકેરું હોય છે. ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# દફતરના ભાર સિવાય બીજો ઘણો બધો ભાર વિદ્યાર્થી ઉપર છે

## પરીક્ષા જ પ્રગતિનો પર્યાય કે માપદંડ કેમ બની ગઈ છે?



ગણેશ ચતુર્થીનો દિવસ હતો. ગણેશજીની મૂર્તિ સામે ભક્તોની કતાર જામી હતી. એક વેપારી આજીજી કરી રહ્યો હતો : હે ગણેશજી ભગવાન ! મારો વેપાર અને નફો વધારજો.બીજા એક ઉદ્યોગપતિએ એવું માગ્યું : હે ગણેશજી મહારાજ ! મારું કારખાનું સરસ ચાલે અને વિકાસ વધે એવી કૃપા કરજો. તો વળી, એક સરકારી અધિકારીએ માગ્યું કે, હે ગણેશજી, મારું પ્રમોશન સમયસર થાય એવા આશીર્વાદ આપો.

છેલ્લે એક વિદ્યાર્થી આજીજી કરતાં બોલ્યો કે, 'હે ગણપતિબાપા, મારા ખભા ઉપર આ દફતરનો ભાર ક્યારે ઓછો થશે..?!'

બીજાની માગણીઓ ગણેશજી મહારાજે સ્વીકારી હશે કે કેમ તે ખબર નથી, પણ પેલા વિદ્યાર્થીની પ્રાર્થના હજુ સુધી ગણેશજી મહારાજ પાસે પેન્ડિંગ પડી છે. એના દફતરનો ભાર જેમનો તેમ છે.

નવી શિક્ષણ નીતિ - ૨૦૨૦માં દફતરનો ભાર હળવો કરવા માટે થઈને દર મહિનાના પ્રથમ દસ દિવસ દફતર વિના શાળામાં જવાનું સૂચવ્યું છે. આ દસ દિવસમાં કરવાની ઈત્તર પ્રવૃત્તિઓની યાદી પણ આપવામાં આવી છે. દફતરનો ભાર હળવો કરવાના ભાગરૂપે આ યોજના સારી છે, જો પ્રમાણિકપણે અમલ થાય તો.

વિદ્યાર્થીના ભણતરમાં માત્ર દફતરનો જ ભાર છે એવું થોડું છે? દફતર સિવાયના અનેક ભાર વિદ્યાર્થી સહન કરી રહ્યો છે, જેના તરફ આપણે દુર્લક્ષ્ય સેવીએ છીએ.

શિક્ષણ દિવસે દિવસે ભારરૂપ બનતું જાય છે. શિક્ષણના ભાર નીચે કચડાઈ રહેલો વિદ્યાર્થી એનું રંગીન બાળપણ શોધી રહ્યો છે. જ્યારે એની રમવાની ઉંમર છે ત્યારે દિવસનો એકાદ કલાક રમત માટે શોધવા માટે પણ એને ફાંફાં પડે છે. બાળક એની નિર્દોષતા કવેળાએ ગુમાવી દઈને બહુ વહેલો ગંભીર થઈ ગયો નજરે ચઢે છે.

જ્યારે એને હસવું છે, કિલકિલાટ કરવો છે ત્યારે ટ્યુશનની ભરમારમાં ખોવાઈ જવું પડે છે. જ્યારે એને ઊછળકૂદ કરવી છે ત્યારે ચોપડાનો ભાર એને જમીન સાથે જકડી દે છે. એને મુક્ત પંખીની જેમ ઊડવું છે ત્યારે પિરિયડ-પાઠ્યક્રમ અને પરીક્ષાની ત્રણ 'પ'ની કેદમાં એ ભેરવાઈ ગયો છે.

ભાષાનો ભાર-પરીક્ષાનો ભાર- ટ્યુશનનો ભાર એ સાથે શિક્ષકોની અવહેલનાનો ભાર, માતા - પિતાની અપેક્ષાનો ભાર, એક પણ ગુણ ક્યાંય ન કપાય એની ચિંતાનો ભાર - એમ કોણ જાણે કેટકેટલા ભાર વહન કરવાની ક્ષમતા વિકસાવી રહ્યો છે આજનો વિદ્યાર્થી !

આ ભારની નીચે 'ભાર વગરનું ભણતર' નિર્દયતાપૂર્વક કચડાઈ રહ્યું છે. આમ તો એ વિદ્યાર્થી શેનો? શિક્ષણતંત્રએ એને વિદ્યાર્થી રહેવા જ નથી દીધો. એને તો પરીક્ષાર્થી બનાવી દીધો છે !

પરીક્ષા માટે વાંચવાનું, પરીક્ષા સુધી વાંચવાનું, પરીક્ષા પછી ભૂલી જવાનું. દરેક વ્યક્તિની રુચિ અને પ્રકૃતિ ભિન્ન હોય છે. બધા વિષયમાં બધાને રસ પડતો હોતો નથી. નાનપણથી જ બાળકની રુચિ શેમાં છે તે જાણવાની વૈજ્ઞાનિક પદ્ધતિનો વિકાસ કરવો જોઈએ. કોઈને ગણિતમાં, કોઈને વિજ્ઞાનમાં, કોઈને ગુજરાતીમાં, કોઈને ઈતિહાસમાં, કોઈને ચિત્રકામમાં તો કોઈને સંગીતમાં. આ બધા વિષયો અનિવાર્યપણે ભણાવવાનો આગ્રહ છોડવો જોઈએ. આજે જો એક સર્વેક્ષણ કરવામાં આવે કે ભણી ચૂકેલ વ્યક્તિઓને એમનું ભણેલું જીવનમાં કેટલું કામ લાગે છે, તો કદાચ આશ્ચર્યજનક તારણો મળે. પાઠ્યપુસ્તકને અને જીવન વ્યવહારને પારસ્પરિક સંબંધ ખૂબ ઓછો જણાય આવે છે. લોકો એવું ઘણું સૈદ્ધાંતિક ભણ્યા હશે જેનો એણે એના જીવનમાં ક્યારે ઉપયોગ નહીં કર્યો હોય. એવું લાગે છે કે પાઠ્યપુસ્તકો પણ પરીક્ષાલક્ષી ન બનાવતા જીવનલક્ષી બનાવવા જોઈએ. એમાં સિદ્ધાંત અને વ્યવહારનો સુમેળ કરવો જોઈએ. પ્રાયોગિક અને વ્યવહારિક શિક્ષણ તરફનો ઝોક વધારવો જોઈએ. આવું થશે તો કદાચ શિક્ષણ ભારરૂપ નહીં લાગે.

આજે પરીક્ષા જ પ્રગતિનો પર્યાય કે માપદંડ બની ગઈ છે. પરીક્ષામાં ગોખીને લખ્યું છે કે સમજીને તે મહત્ત્વનું નથી. વિદ્યાર્થી પરીક્ષામાં ચોરી કરીને પાસ થયો છે કે પોતાની આવડતથી એ પણ મહત્ત્વનું નથી. પરીક્ષા નીતિમત્તાની હોય કે અનીતિમત્તાની ! પરીક્ષા આપતી વખતે વિદ્યાર્થીની મનોદશા જોઈ છે ? એની ગરદન અને આંખો દશે દિશામાં ઘૂમતી હોય છે. આજની પરીક્ષા પદ્ધતિએ વ્યાપક રીતે અનૈતિકતાને જન્મ આપ્યો છે. પરીક્ષા, સ્પર્ધા અને તુલનાની નાગચૂડમાંથી વિદ્યાર્થીને મુક્ત કરવો જોઈએ.

સ્પર્ધા પણ એવું જ એક બીજું અનિષ્ટ છે. સ્પર્ધામાં ત્રણ વ્યક્તિને સન્માનિત કરવામાં આવે છે, પણ બાકી બધાનું શું ? એ બધાને નંબર ન મળ્યાનો વસવસો હશે. સંભવ છે કે સન્માનિત થયેલા ત્રણ ગુરુતાગ્રંથિ અને બાકીના બધા લઘુતાગ્રંથિમાં ગરકાવ થઈ જશે. કોઈ એક એવી પદ્ધતિનું અનુસરણ કરવું જોઈએ કે જેમાં બધા પ્રોત્સાહિત થાય. બધાને વિકાસની તક દેખાય. સ્પર્ધા એકલી જ કંઈ ગુણાત્મકતા વધારવાનું સાધન ન હોઈ શકે. સ્પર્ધા યોજવાથી લાભ કરતાં નુકસાન વધારે થાય છે. સ્પર્ધાને બદલે સહભાગિતા વધે એવું કરવાથી જ લાભ થાય છે. ■

વ્યંગ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# પૈસાદાર થવું છે? તો આટલું જરૂર કરો



ચીનના કોઇ પ્રાંતના પોલીસ સ્ટેશનના એક દશ્યની એક મનોહર કલ્પના કરી જુવો. ખુલ્લી આંખે નહીં તો બંધ આંખે. એક ઝી નિંગ નામના પોલીસ કોપ થી ડે નામના ચીની શાહુકારની ચીની સ્ટાઇલ પ્રમાણે આકરી પૂછપરછ કરી રહ્યા છે. લાઇવ દશ્યો ‘બખડજંતર’ ચેનલના સૌજન્યથી ઉપલબ્ધ છે હેવ અ લુક.

‘બોલ હરામી. શેની ચોરી કરી છે?’ પોલીસે એક ફડાકો ઝીંકી દીધો. સાલો બે બાય બે ફૂટ હતો. (ચોરની હાઇટ નહીં, પોલીસની હાઇટ લખી છે) ઝી મિંગ ચાઇનીઝ કોપ હતો. ચોર ચાઇનીઝ અને પોલીસ પણ ચાઇનીઝ હતો, છતાં તકલાદી ન હતો. પોલીસનો આઇકોન સની દેઓલ હશે. પોલીસનો હાથ ઢાઇ કિલો નહીં હોય. જો કે દોઢ પોણા બે કિલો હશે. ચોરની આંખે અંધારા આવી ગયા. કાને તમરા નહીં, પણ બુલેટની ધણધણાટી થવા લાગી.

‘સર, મેં કાંઇ કિંમતી વસ્તુની ચોરી કરી નથી. ટ્રસ્ટ મી. હું માત્ર પ્રોફેશનલ જ નહીં, એમેચ્યોર, પ્રોબેશનર કે ઇન્ટર્ની પણ ચોર નથી.’ આંખમાં આંસુ સાથે ચાઇનીઝ ચોરે ચોરીના આક્ષેપનો ઇન્કાર કર્યો.

‘તારા હાથમાં પાપની પોટલી છે. તારા કરતૂતની કલરફુલ કુંડળી છે. કયાં સુધી જુઠ્ઠું બોલીશ? ઝી મિંગ પોલીસે ચોરના ગાલે બીજો તમાચો ફટકાર્યો.

‘સાહેબ હું ખાનદાની અને સિધ્ધાંતવાદી પણ છું.’ ચોરે ખુલાસો કર્યો.

‘બાસ્ટાર્ડ, તારા હાથમાં તગડી પોટલી છે. તે કેટલા યુઆનની તફડંચી કરી છે?’ ઝી મિંગે આગવી ઢબે પૂછપરછ ચાલુ કરી.

‘સર, હું તો ચાઇનીઝ સુદામા છું. પોટલીમાં યુઆન નથી.’ ચોરે પોતાની સરખામણી સુદામા સાથે કરી.

‘તો એલએસડી કે ચરસ કે હશીશ હશે? છેવટે અફીણ તો હશે જ.’

‘સર, હું તમાકુ પણ ખાતો નથી કે પીતો નથી. તમે મને ડ્રગ પેડલર કેવી રીતે કહી શકો?’ ચીની ચોરે કોટવાલને દંડતા સવાલ કર્યો.

‘XXXXX, સવાલ પૂછવાનું કામ મારું છે.. તું મને સવાલ ન પૂછ તને એવો ફીટ કરી દઇશ કે જેલમાં ચક્કી પીસિંગ એન્ડ પીસિંગ.’ ઝી મિંગે ચક્કી પીસવાની એકટિંગ સુધ્ધાં કરી.

‘ઇટસ ફની. સર તમે ઇન્ડિયન મુવી બહુ જોતા હશો ખરું કે નહીં?’ ચીની ચોરે સવાલ કર્યો.

‘એ બધી લપ્પનછપ્પન છોડ. કોઇની જોરૂનું ગબન કર્યું છે?’ પોલીસમેન ઝી મિંગે આંખ મિંચકારી. હોઠ પર જીભ ફેરવી.

‘આપણે ત્યાં હમ દો હમારે એકની પોલિસીમાં લગ્ન કે છોકરીનો છેદ ઊડી ગયો છે. લગ્ન માટે સીધી આંગળીએ છોકરી ક્યાં મળે છે? એટલે વાંકી આંગળીએ છોકરી કાઢવી પડે છે.’ ચોરે ટૂંકો ખુલાસો કર્યો.

‘ઓકે ઓકે મારું ધ્યાન ભટકાવવા ગપ્પા મારીશ નહીં. હું કડક અધિકારી છું. આઇ વોર્ન યુ.’

(વોર્નનું પોર્ન ન છપાય તેનું ધ્યાન રાખજો, તંત્રી-પ્રૂફ રીડર સાહેબો, નહિતર મુન્ના બદનામ હો જાયેંગા. પ્લીલીલીલીઇઝ.)

‘સર, હું પૂરતી કાળજી રાખીશ.’

‘બોલ, તે કોબ્રા, મગરનાં ઇંડાં, સુવ્વર કે માછલીની ઉલ્ટી ફૂલ્ટી-એમ્બ્રોસની ચોરી બોરી કરી હશે?’ પોલીસમેન ઝી મિંગે પણ સાંપ્રત પ્રવાહને અનુરૂપ સવાલ કર્યા.

‘સાહેબ, હું પણ પેટીએમના માલિક અલી બાબાની માફક અબજોપતી બનવા માંગું છું. મારે પણ નસીબ આડેનું પાંદડું નહીં પણ થડ હટાવવા માગું છું. મેં હોંગા કામિયાબ એક દિન.’ મનની વાત કરતા ચીની ચોર ભાવુક બન્યો .

‘તો આ વાત પર તારી ગઠરી ખોલી નાખ. એ તને ચીનની દીવાલ પહોંચાડે છે કે પછી જેલમાં. ‘ઝી મિંગે અલ્ટિમેટમ આપ્યું , એણે ચોરની પોટલી ઝૂંટવવા કોશિશ કરી. એવામાં પોટલી ગાંઠ ખુલી ગઇ. પોટલી અંદરથી કશુંક વેરાયું જાણે મોતી નહીં, પણ માટી વેરાઇ પોલીસ સ્ટેશનમાં !

‘લો સાહેબ, આ મારી ચોરીનો મુદામાલ. મુદાલાલ તમારે હવાલે લઇ લો.’ ચાઈનીસ ચોરે મુદ્દામાલની કાર્યપદ્ધતિ અનુરૂપ કાર્યવાહી કરવા અનુરોધ કર્યો.

‘આ શું છે માટીની ચોરી? આ માટી સોનાની છે?’

‘સર, પૈસાદાર થવાની આ ચાવી છે!’ ચોરે કહ્યું .

‘આ તો તાળા વિનાની ચાવી છે. એ તારા કિસ્મતનું કનેકશન - તારું ભાગ્ય કેવી રીતે ખોલશે? માટી વેચીને અમીર ન થવાય.’ પોલીસમેને ચોરના દાવાની હાંસી ઉડાવી.

‘લોકો અમીર થવા મહેનત કરે છે. લોહી- પસીનો એક કરે છે. સીધી રીતે બહુ ઓછા અમીર થાય છે. તિકડમબાજી કરીને શોર્ટ કટ અપનાવીને અમીર થવાવાળાની કમી નથી. દોરાધાગા, જાદુટોના, ટોટકા અપનાવનારની કમી નથી.’ ચોરે ગતિવિધિની જાણ કરી.

‘હઅમ’ પોલીસ અફસરે ટૂંકો પ્રતિભાવ આપ્યો.

‘સર, બેંકમાં વાવેલા છોડના કૂંડામાંથી માટી ચોરી જાય છે.. એ ચોરેલી માટીની પોટલી બનાવીને જે લોકો પૈસાદાર થવા ઇચ્છતા હોય એમને દસ હજાર રૂપિયામાં માટીનું વેચાણ કરે છે. માટી લેનાર પૈસાદાર થાય કે ન થાય. પરંતુ, માટી વેચનારનું બેંક બેલેન્સ તગડું થાય છે.’ ચીની ચોરે પોતાની પોટલી પરથી પડદો હટાવ્યો.

હવે ચીનની પોલીસ એટલે કે ઝી મિંગને અફીણ, ગાંજો, ચરસ કે ડ્રગ્ઝ પકડવામાં રસ રહ્યો નથી. બેંકના ફૂલછોડની માટીની પોટલી પકડવાની ઝુંબેશ તેજ થઇ છે. પકડેલી માટી પોલીસ સ્ટેશનમાં મુદામાલ તરીકે જમા થવાના બદલે પોલીસબેડામાં પગ કરી જાય છે, કેમ કે પોલીસને પણ પૈસાદાર થવાના અભરખા ન હોય?! ■

---

ફોકસ___
સંધ્યા સિંહ
feedback@bombaysamachar.com

# ગ્લોબલ વોર્મિંગને કારણે પ્રાણીઓમાં વધી રહ્યો છે ગુસ્સો



‘તાજેતરના કેટલાક અભ્યાસો પુષ્ટિ કરે છે કે ગ્લોબલ વોર્મિંગ અને આબોહવા પરિવર્તનને કારણે, ઘણાં પ્રાણીઓનું વર્તન, ખાસ કરીને આક્રમકતાનું સ્તર વધ્યું છે, જેનું કારણ છે વધતું તાપમાન, તાણ, ખોરાક અને પાણીની અછત, નવા વિસ્તારોમાં સ્થળાંતર અને સંઘર્ષ, માનવ અને પ્રાણીઓ વચ્ચેના સંઘર્ષમાં વધારો વગેરે...... છેલ્લાં કેટલાંક વર્ષોમાં, તૂટક તૂટક આવી ઘણી ઘટનાઓ બની છે, જ્યારે ગુસ્સે થયેલ હાથીઓએ લોકોમાં હડકંપ મચાવ્યો છે. માત્ર હાથી જ નહીં, માણસોની સાથે કે તેની આસપાસ રહેતા તમામ પ્રકારનાં પ્રાણીઓના વર્તનમાં ઝડપી ફેરફાર જોવા મળી રહ્યા છે. થોડાં વર્ષો પહેલા રાજસ્થાનના એક ગામમાં એક દીપડાનું મોં ધાતુના વાસણમાં ફસાઈ ગયું હતું, જેનો વીડિયો બનાવવામાં આવ્યો હતો અને સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. કારણ કે તેમના માટે તે મનોરંજન હતું, પરંતુ દીપડા માટે કોઈ મનોરંજન નહતું, પરંતુ તરસના કારણે તે વાસણમાં મોઢું નાખવા માટે મજબૂર બન્યો, જે આખરે તેના માટે જીવન-મરણનો પ્રશ્ન બની ગયો. કારણ કે તેને આ રીતે વાસણમાં ફસાયેલો જોઈને ગામના લોકો તેને પત્થરો અને લાકડીઓથી મારવા માગતા હતા. તરસ અને લાચારીને કારણે દીપડો આ હાલતમાં હતો તે કોઈ સમજી શક્યું નહીં.

માત્ર ભારત જ નહીં, સમગ્ર વિશ્વના વૈજ્ઞાનિકો ચિંતિત છે કે પૃથ્વીનું સતત વધતું તાપમાન જંગલી પ્રાણીઓને તેમના મૂળ રહેઠાણ છોડીને ખોરાકની શોધમાં માનવ વસાહતો તરફ જવા માટે મજબૂર કરી રહ્યું છે. આ જ કારણ છે કે માનવીઓ સાથે તેમનો સંઘર્ષ તીવ્ર બન્યો છે. ભૂખ્યા અને તરસ્યા રીંછ જંગલોમાંથી માનવ વસાહત તરફ આવી રહ્યા છે અને દરિયાઈ માછલીઓની ઘણી પ્રજાતિઓ પણ કિનારે આવી જાય છે. મચ્છરોએ પણ રહેવા માટે સ્થળાંતર કરી લીધું છે અને જોરદાર તોફાનો અને વાવાઝોડાનાં જોખમોએ જંગલી પ્રાણીઓ, સિંહો અને દીપડાઓને માણસોની સામે લાવી દીધા છે. પૃથ્વીનું સતત વધતું તાપમાન, વધતું પ્રદૂષણ અને હવામાનના બદલાતા મિજાજને કારણે આ જંગલી પ્રાણીઓના મગજનું તાપમાન પણ વધી ગયું છે, જેના કારણે તેઓ હવે સીધા માણસોનો સામનો કરી રહ્યા છે. જીવવિજ્ઞાનીઓનું માનવું છે કે આબોહવા પરિવર્તનને કારણે વિવિધ વન્ય પ્રાણીઓનાં પરંપરાગત રહેઠાણો નાશ પામ્યા છે. આ જ કારણ છે કે તેઓ માનવ વસાહત તરફ દોડે છે અને અહીં શરૂ થાય છે મનુષ્ય અને પ્રાણીઓ વચ્ચે સંઘર્ષ, જ્યાં માણસો તેમને લાકડીઓથી અને અન્ય સાધનોથી મારીને અધમરા બનાવી દે છે અને જંગલ તરફ લઈ જાય છે અથવા તેમને મારી નાખવામાં આવે છે.

૨૦૧૨માં, દક્ષિણ કૈરોના પ્રાકૃતિક સંસાધન વિભાગના સંશોધકોએ એક અહેવાલ તૈયાર કર્યો હતો, જેમાં એવી આશંકા વ્યક્ત કરવામાં આવી હતી કે આગામી વર્ષોમાં અમેરિકાના દરિયાકિનારા પર ઇલ અને અન્ય જીવ જંતુઓની પ્રજાતિઓ વધતા તાપમાનને કારણે સમુદ્રતળમાંથી નીકળીને બહારની તરફ આવશે. હવામાનમાં આવેલા ફેરફારોને કારણે સ્પેનમાં પાણી ગરમ થવાને કારણે જેલી ફિશ કિનારે આવવા લાગી છે અને પ્રવાસીઓને તેમનાથી થતાં જોખમોથી બચાવવા માટે અનેક પ્રયાસો કરવામાં આવ્યા છે. અમેરિકામાં રીંછ તેમના પરંપરાગત વિસ્તારોમાં ફરવાને બદલે તેમના ક્ષેત્રમાંથી બહાર નીકળી ગયા છે, કારણ કે ત્યાં તેમને પૂરતો બરફ અને ખોરાક ઉપલબ્ધ નથી. છેલ્લા ઘણાં વર્ષોમાં, કેલિફોર્નિયામાં દુષ્કાળ દરમિયાન ખોરાક અને પાણીની અછતને કારણે રીંછને તેમના પરંપરાગત રહેઠાણ વિસ્તારો છોડીને માનવ વસ્તીમાં જવાની ફરજ પડી છે. કેલિફોર્નિયામાં, તેઓ માનવ વસાહતોમાં મોટી સંખ્યામાં જોવા મળ્યા છે. પરંતુ આ રીતે તેમનું માનવ વસાહતમાં આવવું તેમના માટે ઘાતક સાબિત થાય છે, કારણ કે તેમના કારણે લોકો નાસભાગ મચાવે છે અને તેમાં તેઓ માર્યા જાય છે.

સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના જીવવિજ્ઞાની ટેરી રુટના જણાવ્યા અનુસાર, આબોહવા પરિવર્તનને કારણે વિવિધ જંગલી પ્રાણીઓ અને દરિયાઈ પ્રાણીઓ સ્થળાંતર કરે છે. પહેલા જ્યાં નૈસર્ગિક લીલોતરી હતી અને પ્રાણીઓ જ્યાં રહેતા, ત્યાં હવે માણસોએ કબ્જો કરી લીધો છે, જેના કારણે તેઓ ખેતરો અને હાઇવે તરફ આગળ વધ્યા છે. ૨૦૧૧ માં અલાસ્કામાં હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે માનવ વસાહતોમાં કાળા રીંછની ઘૂસણખોરીની ઘટનાઓમાં ઝડપથી વધારો થયો છે. આ અભ્યાસમાં એવું જાણવા મળ્યું છે કે ઓગસ્ટ મહિનામાં, જ્યારે તેઓ સુષુપ્તિ માટે ખોરાકની શોધમાં ફરે છે, ત્યારે તેઓ માનવ વસાહતો પર હુમલો કરે છે. આવી ઘણી ઘટનાઓ કેનેડા અને અલાસ્કામાં પણ બની છે. કદાચ અહીં તેમને ખોરાકની વધુ સમસ્યા છે. ઠંડા પ્રદેશોમાં પણ, આર્કટિક પ્લેટોના સતત પીગળવાના કારણે ધ્રુવીય રીંછને તેમની બર્ફીલી જમીનો છોડીને સૂકી જમીન પર આવવા અને અહીં શિકાર કરવા મજબૂર કર્યા છે. રશિયા, કેનેડા, અલાસ્કામાં આવી ઘટનાઓ જોવા મળી છે. મનુષ્યો અને પ્રાણીઓ વચ્ચેના આ પ્રકારના સંઘર્ષથી જીવવિજ્ઞાનીઓ પણ સ્તબ્ધ છે, કારણ કે મનુષ્ય અને પ્રાણીઓના સંઘર્ષમાં દેખીતી રીતે નાશ પ્રાણીઓનો જ થાય છે.

વર્ષ ૨૦૦૮માં પણ આવી અનેક ઘટનાઓ સામે આવી હતી, જ્યારે દરિયામાં આવેલા તોફાનને કારણે બંગાળ વાઘે તેમના મેન્ગ્રોવના સુંદરવનનાં જંગલોમાંથી નીકળીને ખોરાકની શોધમાં માનવ વસાહતો તરફ આવીને લોકોને પોતાનો શિકાર બનાવ્યો હતો. પૂરના કારણે મગરો પણ તેમના મૂળ વિસ્તાર છોડીને પૂરના પાણી સાથે અન્ય સ્થળોએ પહોંચી ગયા હતા અને અનેક લોકોને મારી નાખ્યા હતા. દીપડાઓનું માનવ વસાહતમાં ઘૂસીને લોકોને ઇજા પહોંચાડવી, આ પ્રકારની ઘટનાઓમાં પણ મોટો વધારો થયો છે. કોઈ કહી શકતું નથી કે જંગલી પ્રાણીઓનો માણસો પર હુમલો કરવો અને વધતા તાપમાન વચ્ચે શું સંબંધ છે? દરિયાના પાણીના વધતા તાપમાનને કારણે શાર્ક પણ પોતાનો વિસ્તાર છોડીને બીજી જગ્યાએ પહોંચી જાય છે અને માણસોનો પ્રયાસ હોય છે કે તે જ્યાંથી આવી છે ત્યાં પાછી જતી રહે. પરંતુ જીવવિજ્ઞાનીઓ હજુ સુધી એ નિષ્કર્ષ પર નથી પહોંચી શક્યા કે આબોહવા પરિવર્તનને કારણે શાર્ક શા માટે તેમના મૂળ રહેઠાણને છોડીને અન્ય વિસ્તારોમાં સ્થળાંતર કરી રહી છે. શા માટે તેઓ મનુષ્યો પર હુમલો કરે છે? આનો સીધો સંબંધ વધતી માનવ વસ્તી અને વધતા તાપમાન બંને સાથે છે. કારણ કે સમુદ્રના પાણીમાં લોકોની બેફામ ઘૂસણખોરીને કારણે, તેઓ આ જીવોનો વધુ સામનો કરી રહ્યા છે. આ જ કારણ છે કે આવા અજાણ્યા લોભને કારણે આ પ્રાણીઓ ઘર છોડીને બહાર આવી જાય છે. પ્રશ્ન એ છે કે તેમના ખતરનાક વર્તન માટે કોને જવાબદાર ઠેરવવા જોઈએ? જો આપણે ખરેખર વિચારીએ તો તેમનો સૌથી મોટો દુશ્મન માણસ છે. તેના માટે આપણે જ દોષી છીએ, આપણે જ આ કરી રહ્યા છીએ, આપણે તેમને આ કરતા અટકાવવા જોઈએ પણ આ માટે આપણી પાસે મજબૂત ઈચ્છાશક્તિ હોવી જોઈએ. વાસ્તવમાં, જો આપણે આપણી જાતને બચાવવા માંગતા હોય, તો આપણે તેમને બચાવવા વિશે પણ વિચારવું પડશે. ■

---

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# ઉનાળાનું અમૃત ફળ તરબૂચ ખાવ ને શીતળતાની તૃપ્તિ કરો તંતોતંત



ઉનાળો આવે એટલે ગરમીનો પારો આકાશે ચડે...!? ને તડકો, તાપની અનરાધાર વર્ષા થાય છે. તાપમાન ૪૫ ડિગ્રી સુધી અત્યારે ચાલે છે...!? ઘરની બહાર નીકળતાં જ ગરમીનો અહેસાસ રોમેરોમમાં થાય અત્યારે તો છોકરીઓ મોઢાને ઢાંકવા બહારવટિયા બની જાય ઓન્લી આંખો દેખાય તેમાં પણ કાળા ભમર ગોગલ્સ પહેરે...! હાથમાં મોજા પહેરે સાચું કહું કોણ વ્યક્તિ છે તેની ઓળખજ ના રહે આવો સમય આવી ગયો છે, તેનું મુખ્ય કારણ એરકન્ડિશનમાં રહેવાથી માણસ જાણે પોતાની ખુમારી ખોઈ બેઠો છે...!?

આવી કાળજાળ ગરમીથી જઠરાગ્નિને શીતળતાથી તૃપ્તિ આપવા કુદરતે ‘તરબૂચ’ જેવું મીઠુ અમૃત ફળ આપ્યું છે, જગ મશહૂર તરબૂચ અત્યારે બજારમાં લારી, ગલ્લામાં જોવા મળે છે,

વાંકાનેર નેશનલ હાઇવે પર તરબૂચનો હોલસેલ ધંધો કરતા ચારોલીયા ભાઈલાલભાઈ ગુણાભાઈ દેવીપૂજક તરબૂચનો છેલ્લાં ૨૦ વર્ષથી ધંધો કરે છે ને હાઇવે પર છૂટક પણ તરબૂચ વેચે છે, તેઓ કહે છે કે અમો ઉનાળો આવે એટલે તરબૂચનો આખો ટ્રક ભરી ૧૦ થી ૧૫ ટન ભરેલ તરબૂચ મંગાવીએ તેમાં મુખ્યત્વે વેરાવળ, સોમનાથ, નર્મદા જિલ્લામાંથી કે પંચમહાલ જિલ્લામાંથી તરબૂચ આવે છે. જો તરબૂચની તંગી હોય તો મહારાષ્ટ્રમાંથી તરબૂચ મંગાવીએ તેમાં ડાર્ક ગ્રીન (ઘેરા લીલા) તરબૂચ મોસ્ટ ઓફ મંગાવીએ જેને સુગર કિંગ કહે છે, તેમાંથી લાલ ચટક તરબૂચનો ગર નીકળે, કુદરતે તરબૂચમાં કેવી કલા મૂકી છે કે તરબૂચનાં ગરની વચ્ચે બી હોય બાકી બધા ફળમાં અંદર એક સાથે હોય. તમે તરબૂચ ખાવ ત્યારે ગર ખાતા ખાતા બી કાઢવા પડે...! ઘેરા લીલા તરબૂચ દોઢ કિલોથી લઈને પાંચ કિલોનાં લંબગોળ તરબૂચ હોય છે, ભાઈલાલ ભાઈ ચારોલીયાએ આશ્ચર્યજનક એક પીળા રંગનું તરબૂચ બતાવેલ તેમાંથી ડગળી મારી મને બતાવતા પીળા રંગનો ગર જોઈ હું પોતે આશ્ચર્યમાં પડી ગયેલ. મેં પહેલી વાર પીળા રંગનું તરબૂચ જોયું તે પ્રમાણમાં નાના લંબગોળ હતા જે દોઢ થી ત્રણ કિલોનાં હોય છે તેનો કિલોનો ભાવ ૩૦ રૂપિયા કિલો છે અને ડાર્ક ગ્રીન તરબૂચ ૨૦ રૂપિયા કિલો છે, અમો આખો ટ્રક તરબૂચ મંગાવીએ ત્યારે અધકચરા પાકેલ લાવીએ જેથી બે, ત્રણ દિવસમાં પાકી જાય, અમો હોલસેલ તરબૂચ લારીવાળાને ૧૨ રૂપિયે કિલો વેંચીએ જેથી તેમને પણ સારી કમાણી થાય છે, આવા તરબૂચ વિશે એ ટુ ઝેડ માહિતી મેળવીએ.

તરબૂચ એક વાર્ષિક છોડ છે જેને લટકાવવું અથવા ચઢવાની આદત હોય છે. દાંડી ૩ મીટર (૧૦ ફૂટ) સુધી લાંબી હોય છે અને નવી વૃદ્ધિમાં પીળા અથવા ભૂરા વાળ હોય છે. પાંદડા ૬૦ થી ૨૦૦ જેટલાં હોય છે. આમાં સામાન્ય રીતે ત્રણ લોબ હોય છે, જે લોબવાળા અથવા બેવડા લોબવાળા હોય છે. યુવાન વૃદ્ધિ ગીચ ઊની હોય છે જેમાં પીળા-ભૂરા વાળ હોય છે જે છોડની ઉંમર સાથે અદશ્ય થઈ જાય છે. સિટ્રુલસ જાતિની એક સિવાયની બધી પ્રજાતિઓની જેમ, તરબૂચમાં ડાળીઓવાળા ટેન્ડ્રીલ્સ હોય છે. છોડમાં એકલિંગી નર કે માદા ફૂલો હોય છે જે સફેદ કે પીળા હોય છે, રુવાંટીવાળી દાંડી. દરેક ફૂલ પાંદડાની ધરીમાં એકલા ઊગે છે, અને દરેક છોડ પર નર અને માદા ફૂલો ઉત્પન્ન થતાં પ્રજાતિની જાતીય પ્રણાલી એકવિધ હોય છે. નર ફૂલો ઋતુની શરૂઆતમાં પ્રબળ હોય છે; માદા ફૂલો, જે પાછળથી વિકસે છે, મોટું ફળ એક પ્રકારનું સંશોધિત બેરી છે જેને પેપો કહેવાય છે, જેની છાલ જાડી (એક્સોકાર્પ) અને માંસલ કેન્દ્ર (મેસોકાર્પ અને એન્ડોકાર્પ) હોય છે. જંગલી છોડમાં ૨૦ સેમી (૮ ઇંચ) વ્યાસ સુધીનાં ફળો હોય છે, જ્યારે ઉગાડવામાં આવતી જાતો ૬૦ સેમી (૨૪ ઇંચ) થી વધુ હોઈ શકે છે. ફળની છાલ મધ્યમથી ઘેરા લીલા રંગની હોય છે અને સામાન્ય રીતે ચિત્તદાર અથવા પટ્ટાવાળી હોય છે, જેમાં અંદરથી ફેલાયેલા અસંખ્ય પીપ્સ હોય છે, તે લાલ અથવા ગુલાબી (મોટાભાગે), નારંગી, પીળો, લીલો અથવા સફેદ હોઈ શકે છે.

પરાગ રજકની હરોળમાં વાવણી કરવી જરૂરી છે, જેમાં પરાગ રજકનો પુરવઠો ઓછો થાય છે, અને બીજ વિનાની જાત ઉત્પન્ન કરવામાં પરાગનયન વધુ મહત્ત્વપૂર્ણ છે, તેથી પ્રતિ એકર મધપૂડાની ભલામણ કરેલ સંખ્યા પ્રતિ એકર ત્રણ મધપૂડા (૧,૩૦૦ મીટર પ્રતિ મધપૂડો) સુધી વધે છે. તરબૂચનો વિકાસનો સમયગાળો અન્ય તરબૂચ કરતા લાંબો હોય છે અને ફળને પરિપક્વ થવામાં ઘણીવાર ૮૫ દિવસ કે તેથી વધુ સમય લાગી શકે છે. પરાગનો અભાવ ‘હોલો હાર્ટ’ માં ફાળો આપે છે,

ઓસ્ટ્રેલિયામાં નેચરલાઈઝ્ડ તરબૂચ વિશ્વભરમાં ઉષ્ણકટિબંધીયથી સમશીતોષ્ણ પ્રદેશોમાં અનુકૂળ આબોહવામાં ઉગાડવામાં આવે છે કારણ કે તેના મોટા ખાદ્ય ફળ, જે સખત છાલ અને આંતરિક વિભાજન વિનાનું બેરી છે, અને તેને વનસ્પતિશાસ્ત્રમાં પેપો કહેવામાં આવે છે. મીઠી, રસદાર ગર સામાન્ય રીતે ઘેરા લાલથી ગુલાબી રંગની હોય છે, જેમાં ઘણા કાળા બીજ હોય છે, જોકે બીજ વિનાની જાતો અસ્તિત્વમાં છે. ફળ કાચા અથવા અથાણાંમાં ખાઈ શકાય છે, અને છાલ રાંધ્યા પછી ખાદ્ય હોય છે. તેનો ઉપયોગ રસ અથવા મિશ્ર પીણાંમાં ઘટક તરીકે પણ થઈ શકે છે.

સુદાનના કોર્ડોફન તરબૂચ નજીકના સંબંધીઓ છે અને આધુનિક, ઉગાડવામાં આવેલા તરબૂચના પૂર્વજો હોઈ શકે છે. લિબિયાના પ્રાગૈતિહાસિક સ્થળ ઉઆન મુહુગિયાગમાં જંગલી તરબૂચના બીજ મળી આવ્યા હતા જે આશરે ૩૫૦૦ બીસીના છે. એક અભ્યાસ પ્રકાશિત થયો હતો જેમાં લિબિયન રણમાં મળેલાં વર્ષો જૂના તરબૂચના બીજ નાઇજીરિયા, પશ્ચિમ આફ્રિકાના એગુસી બીજ સાથે જોડાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. તરબૂચને ઉત્તર-પૂર્વ આફ્રિકામાં પાળવામાં આવતા હતા અને ૨૦૦૦ બીસી સુધીમાં ઇજિપ્તમાં ઉગાડવામાં આવતા હતા, જોકે તે મીઠી આધુનિક જાત ન હતી. રોમન સમયમાં મીઠી મીઠાઈ તરબૂચ ભૂમધ્ય સમુદ્રના વિશ્વમાં ફેલાયેલા હતા.

નોંધપાત્ર સંવર્ધન પ્રયાસો દ્વારા રોગ-પ્રતિરોધક જાતો વિકસાવવામાં આવી છે. ઘણી જાતો ઉપલબ્ધ છે જે વાવેતરના ૧૦૦ દિવસમાં પાકેલા ફળ આપે છે. ૨૦૨૩ સુધીમાં, ચીન વિશ્વનો ટોચનો તરબૂચ ઉત્પાદક દેશ છે, જે વિશ્વના કુલ તરબૂચના લગભગ બે-તૃતીયાંશ ભાગનું વાવેતર કરે છે. ગુજરાતમાં વિવિધ પ્રકારની ખેતી કરવામાં આવે છે. અનેક જિલ્લાઓમાં શાકભાજી અને ફળોની મોટા પાયે ખેતી થાય છે. અહીં રેતાળ જમીનમાં મોટા પાયે તરબૂચની ખેતી પણ કરવામાં આવે છે. પરંતુ હવે ભાગલપુરના ખેડૂતોએ ચીકણી જમીનમાં પણ તરબૂચ ઉગાડવાનું શરૂ કર્યું છે. આ ( ખેડૂત માત્ર લાલ તરબૂચ જ નહીં, પણ પીળા તરબૂચ પણ ઉગાડે છે. તો લાલ તરબૂચ ખૂબ ખાવ છો તો પીળા તરબૂચ ખાવાનો લાહવો લેજો... ■






# પ્રથમ બૉલમાં સિક્સર ફટકારવી મારા માટે સાવ સામાન્યઃ વૈભવ સૂર્યવંશી

## બિહારનો ૧૪ વર્ષનો ઓપનર બોલ્યો, ‘બૉલ મારા રડારમાં આવે એટલી વાર...દૂર ફટકારી જ દઉં’

જયપુરઃ રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ના માત્ર ૧૪ વર્ષની ઉંમરના બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશીના ધમાકેદાર શૉટ્સથી ક્રિકેટજગત મંત્રમુગ્ધ થઈ ગયું, પરંતુ ખુદ સૂર્યવંશીને પોતાની કાબેલિયતનું જરાય અભિમાન નથી. ખાસ કરીને ૧૯મી એપ્રિલે આઇપીએલની પોતાની ડેબ્યૂ મૅચમાં તેણે પહેલા જ બૉલ પર જે સિક્સર ફટકારી હતી એને તે ‘સામાન્ય બાબત’ ગણાવે છે અને ચમક-દમકની તેના માનસ પર જરાય વિપરીત અસર નથી થઈ. તેણે પોતાના પર્ફોર્મન્સ પર જ એકાગ્રતા રાખી છે જેનું પરિણામ એ આવ્યું કે સોમવારે તે ઐતિહાસિક સેન્ચુરી ફટકારી શક્યો અને રાજસ્થાનની ટીમને પ્લે-ઑફની રેસની બહાર જતા રોકી હતી.



૧૪ વર્ષની ઉંમરે ટી-૨૦માં સદી ફટકારનાર સૌથી યુવાન ખેલાડી બનેલા સૂર્યવંશીએ આઇપીએલમાં સૌથી ઓછા ૩૫ બૉલમાં સદી ફટકારવાનો ભારતીય વિક્રમ પણ નોંધાવ્યો છે. તેણે એ દિવસે ૩૮ બૉલમાં ૧૧ સિક્સર, ૭ ફોરની મદદથી ૧૦૧ રન કર્યા હતા. તેણે ૯૪ રન બાઉન્ડરીઝ (છગ્ગા-ચોક્કા)માં બનાવ્યા હતા જે પણ નવો વિક્રમ છે.

સોમવારે આઇપીએલમાં સૂર્યવંશીની ત્રીજી જ ઇનિંગ્સ હતી. ૧૯મી એપ્રિલે જયપુરમાં જ લખનઊ સામે તેણે ડેબ્યૂ મૅચમાં પોતાના પહેલા જ બૉલમાં સિક્સર ફટકારી હતી. એ મૅચમાં તેણે શાર્દુલ ઠાકુર અને આવેશ ખાનની બોલિંગમાં સિક્સર ફટકારી હતી. સોમવારે રાત્રે ગુજરાત સામેની મૅચ પછી સૂર્યવંશીને ૧૯મી એપ્રિલની એ પ્રથમ સિક્સર વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, ‘પ્રથમ બૉલમાં સિક્સર ફટકારવી એ તો મારા માટે સામાન્ય વાત છે. હું ભારત વતી અન્ડર-૧૯ ક્રિકેટ રમ્યો છું અને ડોમેસ્ટિક સ્તરે પણ કેટલીક મૅચો રમી ચૂક્યો છું જેમાં મેં ઘણી વાર પહેલા બૉલમાં સિક્સર ફટકારી છે. ડેબ્યૂ મૅચમાં હું પહેલા ૧૦ બૉલમાં જરાય પ્રેશરમાં નહોતો. મેં સ્પષ્ટપણે વિચારી લીધું હતું કે જો બૉલ મારા રડારમાં આવશે તો દૂર ફટકારી જ દઈશ. હું આવા અપ્રોચથી જ રમતો હોઉં છું. એ દિવસે (૧૯મી એપ્રિલે) મેં એવું નહોતું વિચાર્યું કે આઇપીએલમાં આ મારી પહેલી જ મૅચ છે. મારી સામે આંતરરાષ્ટ્રીય બોલર હતા એ વાત સાચી અને મંચ પણ બહુ મોટો હતો, પણ હું મારી નૅચરલ ગેમ રમવામાં જ મશગૂલ હતો.’

ઉલ્લેખનીય છે કે ડેબ્યૂ મૅચમાં પ્રથમ બૉલની સિક્સર સહિત કુલ ત્રણ છગ્ગા ફટકારીને સૂર્યવંશીએ ૩૪ રન કર્યા હતા અને એ સ્કોર પર આઉટ થઈ ગયો ત્યારે પૅવિલિયનમાં રડતો-રડતો પાછો આવ્યો હતો. ટીનેજરની આ લીલા જોઈને કેટલાક લોકો હસી પડ્યા હતા.

### ૨૦૦૮માં આઈપીએલનો આરંભ, ૨૦૧૧માં સૂર્યવંશીનો જન્મઃ

આઇપીએલ (૨૦૦૮માં) શરૂ થઈ એના ત્રણ વર્ષ પછી (૨૦૧૧માં) સૂર્યવંશીનો જન્મ થયો હતો. બીજી રીતે કહીએ તો સૂર્યવંશી આઇપીએલમાં ઐતિહાસિક સદી ફટકારનાર આ ટૂર્નામેન્ટથી પણ નાનો છે એટલે કે આઇપીએલની આ ૧૮મી સીઝન છે, જ્યારે સૂર્યવંશીએ જીવનના ૧૪ વર્ષ હજી ગયા મહિને (૨૭મી માર્ચે) પૂરા કર્યા.

### સૂર્યવંશીએ મમ્મી-પપ્પાને શ્રેય આપતા કહ્યું કે...

વૈભવ સૂર્યવંશીએ પોતાની સફળતા માટે મમ્મી-પપ્પાને શ્રેય આપ્યો છે. તેના પિતાનું નામ સંજીવ સૂર્યવંશી અને મમ્મીનું નામ આરતી છે. વૈભવે કહ્યું, ‘હું આજે જે કંઈ છું એ મારા મમ્મી-પપ્પાએ આપેલા બલિદાનને કારણે જ છું. મારા પપ્પાનો મને હંમેશાં સપોર્ટ મળ્યો છે. મારી મમ્મી મારું પ્રૅક્ટિસનું શેડ્યૂલ સાચવવા માટે રાત્રે ૧૧.૦૦ વાગ્યે સૂઈ ગયા બાદ (માંડ ચાર કલાકની ઊંઘ કર્યા પછી) મધરાત બાદ ૩.૦૦ વાગ્યે જાગી જતી અને મને ટિફિન બનાવી આપતી હતી. જે લોકો અથાક મહેનત કરે તેમના પર ઈશ્વરની કૃપા હોય છે જ અને તેઓ ક્યારેય નિષ્ફળ નથી જતા. મહેનતનું પરિણામ મળીને જ રહે છે. મારી આ સફળતા અને સારાં પરિણામો મારા પૅરેન્ટ્સને કારણે જ છે.’

### રાષ્ટ્રીય ટીમમાં આવ્યા પછી પણ...

વૈભવ સૂર્યવંશી ભારત વતી રમવા તત્પર છે. તેણે બીસીસીઆઇની આઇપીએલટી-૨૦ વેબસાઇટને કહ્યું, ‘હું ભારત વતી રમવા ઉત્સુક છું. હું દેશ વતી સારું રમવા પ્રયત્ન કરીશ.’

### દ્રવિડ સહિત રાજસ્થાનના સ્ટાફનો આભારીઃ

વૈભવ સૂર્યવંશી રાજસ્થાન રૉયલ્સના ટીમ-મૅનેજમેન્ટનો પણ આભારી છે. ટ્રાયલ બાદ આ ટીમ વતી રમવાનો મોકો મળ્યો અને આત્મવિશ્વાસ જગાવ્યો એ બદલ તેણે ઘણાના વખાણ કર્યા. વૈભવે કહ્યું, ‘હું આ સુવર્ણ પળ માટે લાંબા સમયથી તૈયારીઓ કરી રહ્યો હતો. આઇપીએલ પહેલાંની ટ્રાયલમાં મેં સારી બૅટિંગ કરી હતી જે જોઈને (બૅટિંગ-કોચ) વિક્રમ રાઠોર સર અને (ટીમ-મૅનેજર) રૉમી ભિન્દર સરે મને કહેલું કે અમે તેને ટીમમાં લેવા પ્રયત્ન કરીશું. તેઓ મને રાજસ્થાનના હેડ-કોચ રાહુલ દ્રવિડ સર પાસે લઈ ગયા હતા. રાહુલ દ્રવિડ સરના હાથ નીચે તાલીમ મેળવવી એ મારું સપનું હતું જે સાકાર થયું.’

### બિહાર સરકારનું ૧૦ લાખનું ઇનામ

બિહાર રાજ્યના મુખ્ય પ્રધાન નીતીશ કુમારે ખૂબ પ્રશંસા કરી છે અને તેના માટે ૧૦ લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું છે.

### પિતાએ જમીન વેચીને ક્રિકેટર બનાવ્યો

વૈભવ સૂર્યવંશીના પિતા સંજીવ સૂર્યવંશીએ થોડાં વર્ષ પહેલાં પુત્ર વૈભવને ક્રિકેટર બનાવવા માટે આર્થિક સંઘર્ષ વચ્ચે ખેતરની જમીન વેચી દીધી હતી. વૈભવે એક જ સીઝનમાં (૧.૧૦ કરોડ રૂપિયાના કૉન્ટ્રૅક્ટ સાથે) પિતાને વળતર આપી દીધું છે. બની શકે કે આઇપીએલની આગામી સીઝનમાં વૈભવને વધુ મોટા કૉન્ટ્રૅક્ટમાં ખરીદવામાં આવશે. ■

# કોલકાતાએ જીતીને દિલ્હીને ફરી નંબર-વન થતા રોક્યું

નવી દિલ્હીઃ કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)એ ગઈ કાલે અહીં દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ની ટીમને ૧૪ રનથી હરાવી દીધી હતી. કોલકાતાના ૨૦૪/૯ સામે દિલ્હીએ ૯ વિકેટે ૧૯૦ રન કર્યા હતા. કોલકાતાની દિલ્હી સામે આ વખતે પહેલી જ મૅચ હતી જેમાં જીતીને દિલ્હીની ટીમને પૉઇન્ટ્સમાં ફરી નંબર-વન થતા રોકી હતી. અક્ષર પટેલની ટીમ હજીયે ચોથા સ્થાને અને કોલકાતા સાતમા ક્રમે છે. ફાફ ડુ પ્લેસી (૬૨ રન, ૪૫ બૉલ, બે સિક્સર, સાત ફોર) અને કૅપ્ટન અક્ષર પટેલ (૪૩ રન, ૨૩ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર)ના સાધારણ યોગદાન બાદ વિપ્રજ નિગમ (૩૮ રન, ૧૯ બૉલ, બે સિક્સર, પાંચ ફોર)ની છેલ્લી ઘડીની આતશબાજી નિરર્થક બની હતી. સુનીલ નારાયણ (૨૭ રન, એક રનઆઉટ અને ૨૯ રનમાં ત્રણ વિકેટ) આ મૅચનો સુપરહીરો હતો. વરુણ ચક્રવર્તીએ સતત બે બૉલમાં વિકેટ લીધી હતી.

**બુધવારે કઈ મૅચ?**
ચેન્નઈ વિરુદ્ધ પંજાબ
ચેન્નઈમાં, સાંજે ૭.૩૦

# ભારતીય મહિલા ટીમે સાઉથ આફ્રિકાને પણ હરાવી દીધી

## સ્નેહ રાણાની પાંચ વિકેટ, પ્રતિકા રાવલની સતત બીજી હાફ સેન્ચુરી

કોલંબોઃ હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતીય ટીમે વન-ડેના ત્રિકોણીય જંગમાં યજમાન શ્રીલંકાને હરાવી દીધા પછી હવે સાઉથ આફ્રિકાને પણ પરાજિત કરી છે. ભારતે ગઈ કાલે ૨૭૭ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપ્યા બાદ સાઉથ આફ્રિકાની ટીમ ૪૯.૨ ઓવરમાં ૨૬૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં ભારતનો ૧૫ રનથી વિજય થયો હતો. ઑફ-સ્પિનર અને પ્લેયર ઑફ ધ મૅચ સ્નેહ રાણા (૧૦-૦-૩૩-૫) અને ઓપનર પ્રતિકા રાવલ (૭૮ રન, ૯૧ બૉલ, એક સિક્સર, સાત ફોર) ભારતના વિજયની બે મૅચ-વિનર હતી.

ઉત્તરાખંડની ૩૧ વર્ષીય સ્પિનર સ્નેહ રાણાએ પહેલી જ વાર વન-ડે મૅચમાં પાંચ વિકેટની સિદ્ધિ મેળવી હતી. બીજી તરફ, દિલ્હીની ૨૪ વર્ષની પ્રતિકા રાવલે ૨૭મી એપ્રિલે શ્રીલંકા સામેની મૅચમાં અણનમ ૫૦ રન કરીને ભારતને વિજય અપાવ્યો ત્યાર પછી હવે સતત બીજી હાફ સેન્ચુરી ફટકારી છે.



ભારતના ૨૭૬ રનમાં હરમનપ્રીતનું તેમ જ જેમાઇમા રૉડ્રિગ્સનું પણ ૪૧ રનનું યોગદાન હતું.

૨૭૭ રનનો તોતિંગ લક્ષ્યાંક મેળવવા માટે સાઉથ આફ્રિકાની બૅટર્સે ભારતીય બોલર્સનો શરૂઆતથી જ સમજદારી અને હિંમતથી સામનો કર્યો હતો જેમાં ઓપનર તેઝમિન બ્રિટ્સ (૧૦૯ રન, ૧૦૭ બૉલ, ત્રણ સિક્સર, તેર ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. તેણે ઓપનર અને કૅપ્ટન લૉરા વૉલ્વાર્ટ (૪૩ રન, ૭૫ બૉલ, ત્રણ ફોર) સાથે ૧૪૦ રનની ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી અને બ્રિટ્સ છેક ૪૮મી ઓવરમાં (સ્નેહ રાણાના જ બૉલમાં તેના જ હાથમાં) કૅચઆઉટ થઈ હતી. ■

# હરભજને સૂર્યવંશીને મજાકમાં કહ્યું, ‘સારું થયું હું વહેલો નિવૃત્ત થઈ ગયો’

જયપુરઃ રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ના ૧૪ વર્ષના લેફ્ટ-હૅન્ડ ઓપનર વૈભવ સૂર્યવંશીએ સોમવારે અહીં ગુજરાત ટાઇટન્સ (જીટી) સામે ઐતિહાસિક સેન્ચુરી (૧૦૧ રન, ૩૮ બૉલ, ૧૧ સિક્સર, ૭ ફોર) ફટકારી અને રાજસ્થાનને જ્વલંત વિજય અપાવ્યો ત્યાર બાદ ટીવી પ્રસારણ પરની ચર્ચામાં ભૂતપૂર્વ ઑફ-સ્પિનર હરભજન સિંહે વૈભવને મજાકમાં કહ્યું હતું કે ‘અરે...તું કમાલનું રમ્યો! તારી અદ્‌ભુત ઇનિંગ્સ જોઈને મજા પડી ગઈ. મને વિચાર થાય છે કે સારું થયું હું વહેલો નિવૃત્ત થઈ ગયો, નહીં તો મારી બોલિંગની પણ ધુલાઈ થઈ જાત.’

વૈભવે જીટીના કાર્યવાહક કૅપ્ટન રાશીદ ખાન, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, ઇશાંત શર્મા, વૉશિંગ્ટન સુંદર તેમ જ અફઘાનિસ્તાનના નવાસવા પેસ બોલર કરીમ જનતની બોલિંગને ચીંથરેહાલ કરી નાખી હતી. સાત બોલરમાં ક્રિષ્ના સૌથી વધુ ખર્ચાળ (૪૭ રન) બન્યો હતો. જોકે તેણે જ યૉર્કરમાં વૈભવને ક્લીન બોલ્ડ કર્યો હતો.

ગુજરાત ટાઇટન્સ (જીટી)એ ૨૦ ઓવરમાં કૅપ્ટન શુભમન ગિલના ૮૪ રનની મદદથી ચાર વિકેટે ૨૦૯ રન કર્યા બાદ રાજસ્થાને ૧૫.૫ ઓવરમાં બે વિકેટે ૨૧૨ રન કરીને વિજય મેળવ્યો હતો. એ ૨૧૨ રનમાં સૂર્યવંશીના ૧૦૧ રન ઉપરાંત યશસ્વી (૭૦ અણનમ, ૪૦ બૉલ, બે સિક્સર, નવ ફોર) અને કાર્યવાહક કૅપ્ટન રિયાન પરાગનું અણનમ ૩૨ રનનું યોગદાન હતું. સૂર્યવંશી અને યશસ્વી વચ્ચે ૧૬૬ રનની રેકૉર્ડ-બ્રેક ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. ■

# સચિન સહિતના દિગ્ગજોએ વૈભવની વાહ-વાહ કરી

(૧) સચિન તેન્ડુલકરઃ વૈભવની સૌથી મોટી ખાસિયત એ છે કે તે નીડર થઈને બૅટિંગ કરે છે. બૉલની લેન્થ વહેલી પારખીને ચીલઝડપથી બૅટ સાથે બૉલને કનેક્ટ કરવો, બધી ઊર્જા બૉલને ફટકારવા કામે લગાડવી એ બધા ગુણોને લીધે તે સોમવારે શાનદાર ઇનિંગ્સ રમી શક્યો. પરિણામ શું આવ્યું? માત્ર ૩૮ બૉલમાં ૧૦૧ રન ઝૂડી કાઢ્યા. વેલ પ્લેઇડ.

(૨) યુવરાજ સિંહઃ ૧૪ વર્ષની નાની ઉંમરે આવી કમાલ! આ છોકરો આંખનો પલકારો માર્યા વગર વિશ્વના બેસ્ટ બોલર્સને ભીડી રહ્યો છે. તે નીડર અભિગમથી રમે છે. આ છે આપણી નવી પેઢી. ગર્વ અનુભવું છું.

(૩) કે. શ્રીકાંતઃ ૧૪ વર્ષની ઉંમરે મોટા ભાગના બાળકો સપનાં જોવાના શરૂ કરતા હોય અને આઇસક્રીમ ખાતા હોય, પણ વૈભવ સૂર્યવંશીએ તો ધમાકેદાર સેન્ચુરી ફટકારી દીધી. ભારતીય ક્રિકેટને નવો સુપરસ્ટાર મળી ગયો છે.

(૪) યુસુફ પઠાણઃ ૩૫ બૉલમાં સદી પૂરી કરીને ભારતીયોમાં સૌથી ઝડપે...૩૭ બૉલમાં સેન્ચુરી ફટકારવાનો મારો વિક્રમ તોડવા બદલ વૈભવને અભિનંદન. મેં પણ રાજસ્થાન વતી રમીને એ રેકૉર્ડ કર્યો હતો અને હવે તેં પણ એ જ ટીમ વતી કર્યો. વાહ...બહુ સરસ. તું લાંબા સમય સુધી સારું રમીશ એવી મારી શુભેચ્છા છે. ચૅમ્પ! ■




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| COURSE | ઓળંગવું |
| COARSE | ધર્મયુદ્ધ |
| CRUISE | બરછટ |
| CRUSADE | મુસાફરી |
| CROSS | અભ્યાસક્રમ |

## ઓળખાણ પડી?

ફાસ્ટ બોલર બોબ વિલિસની ૧ ઓવરમાં છ ચોગ્ગા ફટકારનાર ભારતીય ક્રિકેટરની ઓળખાણ પડી? ફિલ્મમાં પણ કામ કર્યું હતું.



અ) દિલીપ વેંગસરકર બ) મનોજ પ્રભાકર ક) સંદીપ પાટીલ ડ) સંજય માંજરેકર

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ લે | વ | ૨ ડ | દે | ૩ વ | ડ | | ૪ ન | ક | ૫ શો |
| ણ | | બ | | ડ | | ૬ વં | દી | | ર |
| ૭ દા | ૮ ખ | લ | | ૯ વા | ગી | શ | | ૧૦ દા | બ |
| ૧૧ ર | ત | | ૧૨ સ | ઈ | | પ | | ૧૩ મ | કો |
| | ૧૪ વ | ૧૫ ર | વા | | ૧૬ ક | રં | ૧૭ ટ | | ર |
| ૧૮ જા | ણી | જો | ઇ | ૧૯ ને | | ૨૦ પ | કો | ૨૧ ડાં | |
| હે | | ગુ | | ૨૨ જ | બ | રા | | ૨૩ ગ | ૨૪ પ |
| ૨૫ ર | ક્ષ | ણ | | વાં | | ૨૬ ગ | ૨૭ મ | | રિ |
| સ | | | ૨૮ તા | | ૨૯ ખ | ત | ર | ૩૦ ના | ક |
| ૩૧ ભા | ણ | | ૩૨ બે | વ | ફા | | ૩૩ ક | સ | ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | ૬ | | |
| ૭ | | | | ૮ | | ૯ | | | ૧૦ |
| | | ૧૧ | | | | | ૧૨ | | |
| ૧૩ | | | | | | ૧૪ | | | |
| | | ૧૫ | ૧૬ | | | | | ૧૭ | |
| | ૧૮ | | | | | ૧૯ | | | |
| ૨૦ | | | | | ૨૧ | | | | |
| ૨૨ | | | ૨૩ | | | | ૨૪ | | ૨૫ |
| | | ૨૬ | | | ૨૭ | ૨૮ | | | |
| | | ૨૯ | | | | ૩૦ | | | |

### આડી ચાવી

૧. બાળકોને રમવા જોઇએ (૪)
૪. જોઇને કહો-કેટલા વાગ્યા? (૪)
૭. બહુ ભારે, અઠંગ (વ્યસની) (૩)
૯. હોદ્દો (૨)
૧૧. ટિનના પતરાનો ડબ્બો (૪)
૧૨. મહેફિલ, જમણવાર, જલસો (૩)
૧૩. --- હોય તો માળવે જવાય (૨)
૧૪. આળસુ (૨)
૧૫. અહીં આતંકવાદીઓએ ગોળીઓ ચલાવી (૫)
૧૮. ભાદરવામાં કરવાનું મોટું શ્રાદ્ધ (૪)
૧૯. સાથી (૪)
૨૦. એક તેલીબિયું (૩)
૨૧. જોશ (૨)
૨૨. રાજસ્થાનમાં છે ને કચ્છમાં પણ (૨)
૨૩. દહેશત, ત્રાસ, ભય (૩)
૨૪. કમળ અહીં ઊગે (૩)
૨૬. કદાચ, કદાપિ (૨)
૨૭. --- જયંતી ૨૫ વર્ષે ઉજવાય (૩)
૨૯. સમતોલ, નિષ્પક્ષ, નિરપેક્ષ (૩)
૩૦. પાયમાલ (૪)

### ઊભી ચાવી

૧. રહસ્યથી ભરેલી (૫)
૨. મર, ભલે, છોને (ઉદ્‌ગારમાં) (૨)
૩. કઠણ, આકરું, કાચું (૩)
૫. ઊંડુ (૨) (અં.)
૬. સ્મૃતિશક્તિ (૪)
૮. પુસ્તકોનું ઘર (૫)
૧૦. પૂરું, સમાપ્ત, ખલાસ (૩)
૧૪. વેરાન, અવાજ વિનાનું, (૪) (જો.છૂ.)
૧૫. એક જાણીતો રાગ (૩)
૧૬. મારી--- ઉતારો રાજ-ગુ. ફિલ્મ (૨)
૧૭. અરજી, દાવો (૪) (જો.છૂ.)
૧૮. મોત (૩)
૨૦. ક્રૂર, કમકમાટીભર્યું (૪)
૨૧. સરકસમાં બધાને હસાવે (૩)
૨૩. શિકાર (૩)
૨૪. એકના બે ભાગ કરે (૩)
૨૫. તમારા --- હસ્તે ઉદ્‌ઘાટન થશે (૩)
૨૬. ઋતુ (૨)
૨૮. હિંદીમાં ‘જ્યારે’ (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘કોઈ લોચનિયે રંગ ગયું મેલી’ પંક્તિમાં લોચન શબ્દનો અર્થ જણાવો.

અ) લમણું બ) ચિત્ર ક) આંખ ડ) ત્વચા

## માતૃભાષાની મહેક

માણસની ઓળખાણ કેવી કેવી હોય? જ્યાં ત્યાં ધામો નાખી બેસે વગર બોલાવ્યો બોલે, લાલો કહે માલાને તે તો તણખલાની તોલે. આમંત્રણ વિના ગમે ત્યાં પહોંચી જવું ને અભિપ્રાય ન માગ્યો હોવા છતાં ડહાપણ ડોળવાની કુટેવ કેટલાક લોકોને હોય છે.

## ગુજરાત મોરી મોરી રે

‘મૃત્યુ પછી જ માનવીની કે પ્રાણીની ખરી કિંમત થાય છે’ એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

સવા હાથી લાખનો મૂએ જીવતો લાખનો તો

## ઈર્શાદ

પવન માનતો નથી નહીં તો એની સાથે સરી જવું છે,
સાચું કહું તો મારે મારી ડાળ ઉપરથી ખરી જવું છે.
- મુકેશ જોશી

## સુડોકુ-૮૦૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | | ૪ | | | ૩ | |
| | | ૩ | ૨ | | ૭ | ૮ | | |
| | ૨ | | ૮ | | ૫ | | ૭ | |
| | ૯ | ૧ | | | | ૩ | ૪ | |
| ૨ | ૪ | | | | | | ૯ | ૭ |
| | ૭ | ૫ | | | | ૧ | ૨ | |
| | ૧ | | ૩ | | ૮ | | ૬ | |
| | | ૪ | ૬ | | ૯ | ૫ | | |
| | ૩ | | | ૫ | | | ૮ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૭૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૨ | ૯ | ૫ | ૭ | ૬ | ૧ | ૮ |
| ૮ | ૯ | ૫ | ૬ | ૧ | ૪ | ૩ | ૭ | ૨ |
| ૭ | ૬ | ૧ | ૨ | ૮ | ૩ | ૯ | ૪ | ૫ |
| ૨ | ૪ | ૮ | ૧ | ૯ | ૫ | ૭ | ૬ | ૩ |
| ૫ | ૭ | ૯ | ૩ | ૬ | ૨ | ૪ | ૮ | ૧ |
| ૩ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ | ૨ | ૫ | ૯ |
| ૬ | ૨ | ૩ | ૫ | ૭ | ૧ | ૮ | ૯ | ૪ |
| ૧ | ૮ | ૭ | ૪ | ૩ | ૯ | ૫ | ૨ | ૬ |
| ૯ | ૫ | ૪ | ૮ | ૨ | ૬ | ૧ | ૩ | ૭ |

## માઈન્ડ ગેમ

માછલી વિશે કેટલીક ગેરસમજો ફેલાયેલી છે. અહીં આપેલા વિકલ્પમાંથી કયું પ્રાણી માછલી નથી એ શોધી કાઢો.

અ) શાર્ક બ) કોડ
ક) ડોલ્ફિન ડ) ઈલેક્ટ્રિક રે

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| DELIBERATELY | ઈરાદાપૂર્વક |
| OFFENSIVE | અપમાનાસ્પદ |
| AGGRESSIVE | આક્રમક |
| OPPRESIVE | જુલ્મી |
| MERCENARY | સ્વાર્થી |

ગુજરાત મોરી મોરી રે
ન મામા કરતાં કહેણા મામા સારા

ઓળખાણ પડી?
વિનુ માંકડ

માઈન્ડ ગેમ
નાઈલ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
મુશ્કેલ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલારાજ કપૂર (૪) ડૉ. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) લજિતા ખોના (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પ્રવીણ વોરા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) નુતન વિપીન શાહ (૨૦) પુષ્પા પટેલ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) મહેશ દોશી (૨૪) વિણા સંપટ (૨૫) અલકા વાણી (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) અંજુ ટોલિયા (૨૮) દિપીકા દોશી (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) તાહેર ઔરંગાબાદવાલા (૩૨) શીરીન ઔરંગાબાદવાલા (૩૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૪) જગદીશ ઠક્કર (૩૫) નિતિન જયવંત બજરિયા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ઈનાક્ષી દલાલ (૩૯) હિના દલાલ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૨) ધીરેન ઉદેશી (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) અબ્દુલ્લા એફ મુનીમ (૪૬) અંબરીશ ઓઝા (૪૭) દિપીકા દોશી

# પહલગામ હુમલાના મૃતકોના પરિવારને ૫૦ લાખ રૂપિયાની સહાય ને નોકરી

## મહારાષ્ટ્ર સરકારની જાહેરાતઃ કુટુંબના સભ્યની શિક્ષણની જવાબદારી પણ ઉપાડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પહલગામ હુમલામાં દેશભરના ૨૬ પ્રવાસીઓના મોત થયા. આમાં મહારાષ્ટ્રના ૬ પ્રવાસીઓનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ છ લોકોના પરિવારો માટે મોટી જાહેરાત કરી છે.

પહલગામ હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનો માટે ૫૦ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે. ઉપરાંત, રાજ્ય સરકાર આ પરિવારના સભ્યોના શિક્ષણ અને રોજગારની જવાબદારી ઉઠાવશે. જગદાળે પરિવારની દીકરીને સરકારી નોકરીનું વચન પણ આપવામાં આવ્યું હતું.

'આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા અમારા ભાઈઓના પરિવારોને પચાસ લાખ રૂપિયાની સહાય આપવાનો નિર્ણય કેબિનેટે લીધો છે. શિક્ષણ અને નોકરીઓની જરૂરિયાત માટે સહાય પૂરી પાડવામાં આવશે. આ નિર્ણય એ સંદેશ આપવા માટે લેવામાં આવ્યો છે કે રાજ્ય સરકાર તમામ પ્રકારના આતંકવાદનો વિરોધ કરે છે અને આતંકવાદને કારણે મૃત્યુ પામેલા લોકોના પરિવારો સાથે મજબૂત રીતે ઉભી છે,' એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

દરમિયાન, રાજ્ય સરકારે ખાતરી આપી છે કે હુમલામાં મૃત્યુ પામેલા પુણેના સંતોષ જગદાળેની પુત્રી આશાવરી જગદાળેને સરકારી નોકરી આપવામાં આવશે. આશાવરીએ મીડિયાને આ માહિતી આપી હતી.

આશાવરીએ કહ્યું હતું કે, 'રાજ્ય સરકાર અસરગ્રસ્ત પરિવારો માટે જે કરી રહી છે તે બદલ હું મુખ્ય પ્રધાન અને અન્ય તમામ સરકારી અધિકારીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું. તેમણે બધાએ અમને કહ્યું છે કે તેઓ અમારી સાથે છે. આ મુશ્કેલ સમયમાં તેઓ અમારા પરિવારો સાથે છે. સરકારમાં દરેક વ્યક્તિ અમને મદદ કરશે. રાજ્ય સરકારે અમને કહ્યું હતું કે અમે તમારી સરકારી નોકરી માટે પ્રયાસ કરીશું. અમને નાણાકીય સહાય અને મારા માટે સરકારી નોકરીની ખાતરી આપવામાં આવી છે. હું તેના માટે સરકાર અને મુખ્ય પ્રધાનનો આભાર માનું છું.' ■

# ઈવીને ટૉલ મુક્તિ ને મોટી સબસિડી

## મહારાષ્ટ્ર સરકારે નવી ઈવી નીતિને મંજૂર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય કેબિનેટની બેઠક મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને ઘણા કેબિનેટ પ્રધાનોની હાજરીમાં યોજાઈ હતી. આ બેઠકમાં, રાજ્ય સરકારે નવી ઇલેક્ટ્રિક વાહન નીતિને મંજૂરી આપી, જે હેઠળ અમુક ઇલેક્ટ્રિક વાહનોને પસંદગીના રસ્તાઓ પર ટોલમાંથી મુક્તિ આપવામાં આવશે. ઉપરાંત, પેસેન્જર ઇલેક્ટ્રિક વાહનો પર મોટી સબસિડી આપવામાં આવશે. ફડણવીસે કેબિનેટની બેઠક બાદ આ જાહેરાત કરી.

ફડણવીસે કહ્યું હતું કે, 'રાજ્ય સરકારે નવી ઈવી (ઈલેક્ટ્રિકલ વેહિકલ) નીતિને મંજૂરી આપી છે. આ અંતર્ગત, પેસેન્જર ઇલેક્ટ્રિક વાહનો માટે મોટી સબસિડી આપવામાં આવશે. પસંદગીના રસ્તાઓ પર ચોક્કસ પ્રકારના ઈવીને ટોલમાંથી મુક્તિ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આપણા રાજ્યમાં ઇલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન વધવું જોઈએ, ઇલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ વધવો જોઈએ અને રાજ્યમાં ઇલેક્ટ્રિક વાહનો માટે પર્યાપ્ત ચાર્જિંગનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું જોઈએ, આ માટે રાજ્ય મંત્રીમંડળે નવી ઈવી નીતિને મંજૂરી આપવાનો નિર્ણય લીધો છે.' ■

### મુંબઈના ભીક્ષાગૃહમાનાં લોકોને દરરોજ પાંચને બદલે ૪૦ રૂપિયા મળશે

મુંબઈ ભીખ માંગવા પર પ્રતિબંધ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ મહારાષ્ટ્ર ભીખ માગવા પર પ્રતિબંધ નિયમો, ૧૯૬૪ ના નિયમ ૨૭(બ) (૩) માં જોગવાઈમાં સુધારો. ભિક્ષાગૃહોમાં રહેતા લોકોને હવે પાંચ રૂપિયા પ્રતિ દિવસના બદલે ૪૦ રૂપિયા પ્રતિદિન આપવા પડશે. ૧૯૬૪ પછીનો પહેલો સુધારો (મહિલા અને બાળ વિકાસ) ■

### સુધારેલી પાક વીમા યોજના લાગુ કરવામાં આવશે

રાજ્યમાં સુધારેલી પાક વીમા યોજના લાગુ કરવામાં આવશે. એક રૂપિયાની વીમા યોજના માટે લાખો બોગસ અરજીઓ મળી હતી. લોકોએ ભંડોળ બગાડવાનું કાવતરું ઘડ્યું. તેથી, જરૂરિયાતમંદ લોકો આ યોજનાથી વંચિત ન રહે તે માટે સુધારેલી યોજના રજૂ કરવામાં આવશે. ખેડૂતોને ફાયદો થવો જોઈએ, વીમા કંપનીઓને નહીં.

ખેડૂતોને મલ્ચિંગ પેપર, ટ્રેક્ટર અને ટ્રીપમાં રોકાણ પૂરું પાડવા માટે એક નવી યોજના અમલમાં મૂકવામાં આવી છે. મંગળવારે નવ સ્થળોએ પંપ સ્ટોરેજ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તે ૮૦૦૦ થી ૮૫૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરશે. મહારાષ્ટ્ર પમ્પ્ડ સ્ટોરેજનું સૌથી મોટું ઉત્પાદક રાજ્ય છે. ■

### શિપબિલ્ડિંગ ક્ષેત્ર સંબંધિત નીતિને મંજૂરી

ફડણવીસે એવી પણ માહિતી આપી હતી કે, 'ઈવી નીતિની સાથે, રાજ્ય સરકારે બીજી એક નીતિને મંજૂરી આપી છે. આ શિપબિલ્ડિંગ ક્ષેત્રને લગતી નીતિ છે. આપણા રાજ્યમાં, ત્રણેય ક્ષેત્રો શિપબિલ્ડિંગ, શિપ જાળવણી અને સમારકામ, અને રિસાઈક્લિંગ/બ્રેકિંગમાં કાર્ય અને પ્રોજેક્ટ્સ વધવા જોઈએ. આનાથી રાજ્યમાં મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન થશે અને અર્થતંત્રને વેગ મળશે.'

ફડણવીસે કહ્યું હતું કે, 'આપણા રાજ્યમાં ત્રણ મુખ્ય બંદરો છે. મહારાષ્ટ્ર એકમાત્ર રાજ્ય છે જ્યાં ૨૦થી વધુ નાના બંદરો છે. તેથી, જહાજ નિર્માણ વ્યવસાય આપણા રાજ્યમાં હોવો જોઈએ. આ ક્ષેત્રને લગતા પ્રોજેક્ટ્સ આપણા રાજ્યમાં સ્થાપી શકાય છે. આ માટે, રાજ્ય સરકારે એક નીતિ તૈયાર કરી છે અને રાજ્ય કેબિનેટે આજની બેઠકમાં આ નીતિને મંજૂરી આપી છે.' ■

## પહલગામ આતંકવાદી હુમલાનો ભોગ સંતોષ જગદાળેની પત્નીનો આક્રોશ

# 'રાજકારણ કરવાનું અને અમારી લાગણીઓ સાથે રમવાનું બંધ કરો'

પુણેઃ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં બાવીસ એપ્રિલે થયેલા આતંકી હુમલામાં માર્યા ગયેલા પર્યટકોમાંના એક સંતોષ જગદાળેની પત્ની પ્રગતિ જગદાળેએ મંગળવારે રાજકીય નેતાઓને અપીલ કરી હતી કે આ દુર્ઘટનાનું રાજકારણ ન કરે. બચી ગયેલા લોકોએ ભયાનક અનુભવ કર્યો છે અને હુમલાખોરોએ શું કહ્યું તે પણ સાંભળ્યું છે એવો ખુલાસો પણ કર્યો હતો.

મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે એક વિવાદાસ્પદ ટિપ્પણીમાં કહ્યું હતું કે આતંકવાદીઓની કોઈ જાતિ કે ધર્મ હોતો નથી અને ગયા અઠવાડિયે પહલગામમાં આતંકવાદીઓએ પ્રવાસીઓની હત્યા કરતા પહેલા પ્રવાસીઓની આસ્થા વિશે પૂછેલા દાવાની સચ્ચાઈ પર સવાલ ઉઠાવ્યા હતા. આ સંદર્ભમાં પ્રગતિ જગદાળેએ અપીલ કરી છે.

વડેટ્ટીવારની આ ટિપ્પણીથી વિવાદ થયો હતો અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સહિત શાસક ગઠબંધનના નેતાઓએ એ નિવેદનની તીવ્ર ટીકા કરી હતી. બાવીસ એપ્રિલે દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામમાં આતંકવાદીઓએ ૨૬ લોકોને ઠાર માર્યા હતા, જેમાં મોટાભાગના ટુરિસ્ટ હતા. આ જીવલેણ હુમલા બાદ મીડિયા સાથેની વાતચીતમાં નજરે જોનારા સાક્ષીઓ અને બચી ગયેલા લોકોએ દાવો કર્યો છે કે આતંકવાદીઓએ બિન-મુસ્લિમોને અલગ તારવ્યા હતા.

પુણેમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જગદાળેએ જણાવ્યું હતું કે. અમે હજી પણ આતંકવાદી હુમલાથી થરથરીએ છીએ. આંખો બંધ કરતા જ સામે રાઇફલધારી માણસ દેખાય છે. આ આઘાત અવર્ણનીય છે. સરકારી સહાયતાથી મારી પુત્રી અસાવરીનું ભવિષ્ય ઉજ્જ્વળ બનશે એવી આશા બંધાઈ છે. મહેરબાની કરીને આ ઘટનાનું રાજકારણ ન કરો, અમારી લાગણીઓ સાથે ન રમો. અમે દુર્ઘટના સ્થળે હાજર હતા. આતંકવાદીઓએ શું કહ્યું તે અમે જાણીએ છીએ. હુમલા દરમિયાન આતંકવાદીઓએ કરેલા નિવેદનો અમે શેર કરી ચૂક્યા છીએ. (પીટીઆઈ)■

# ભિવંડીમાંથી ૫૪,૦૦૦ રૂપિયાની નકલી નોટો જપ્ત

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાથી ૪૪ વર્ષ વ્યકિતની ૫૪,૦૦૦ની નકલી ચલણી નોટો સાથે ધરપકડ ક્રવામાં હતી એમ પોલીસે જણાવ્યુ હતું.

નાશિક જિલ્લાના માલેગાંવનો રહેવાસી સાહીદ અખ્તર અબ્દુલ હનીફ અન્સારી સોમવારે ભિવંડી નજીક ગાઈબી નગરના રુટીન પેટ્રોલિંગ દરમ્યાન પકડાયો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યુ હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે , આરોપી પાસેથી ૫૪,૦૦૦ રૂપિયાના મૂલ્યની નકલી નોટો જપ્ત કરાઈ હતી. આરોપીએ આ નોટો માલેગાવના અન્ય રહેવાસી પાસેથી એ મેળવી હોવાનું કબૂલ્યું હતું. આ કેસ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૮૦ હેઠળ નોંધવામાં આવ્યો છે. અન્સારીના સાથીની શોધ ચાલુ છે. ■

---

## PMC Appointment

For Re-development Project of **Ramjharukha CHS Ltd.**
Plot No. 415 & 415/1, S V Road, Andheri (W), Mumbai – 400058

**Plot Area : approx. 11350 M²**

**Eligibility Criteria:**

1. Well-versed with the latest Govt Rules and Regulations related to redevelopment of housing societies in MCGM limits.
2. Registered with council of Architects under the Architects Act 1972 / Panel of Government or Local Authority for preparation of redevelopment project report.
3. Experience : Min. 8 yrs of executing the project of area 6500+M².
4. At least three completed projects of the PMC's should have received OC.

Offers be sent in **SEALED envelopes within next 10 days** at society's address in name of **Mr. Kiran C. Shah**
For More details mail to
**rjrd2345@gmail.com**

---

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### પશ્ચિમ રેલવે

**વ્યાપક AMC**

પ્રોડોકશન એન્જિનિયર, EMU વર્કશોપ મહાલક્ષ્મી, મુંબઈ-૧૩ ટેન્ડર નોટીસ નં.: **EL૯૦-MX-૨૦૨૪-૨૫-૧૪-M/RT૧** મંગાવે છે. કામનું નામ સાથે તેનું સ્થળઃ કામના સ્કોપ મુજબ EMU વર્કશોપ મહાલક્ષ્મીના મશીન શોપ ખાતે ૨ વર્ષ માટે સેલીબ્રેશન (મેક-એન્કે એન્ટરપ્રાઈસીસ, નવી દિલ્હી) સાથે સેર્વો હાઈડ્રોલિક શોક એબ્સોર્બર ટેસ્ટિંગનું વ્યાપક વાર્ષિક જાળવણી કોન્ટ્રાકટ. કામની અંદાજિત કિંમતઃ ₹ ૬,૮૩,૮૧૦/-. બીડ સુરક્ષા (બારડી): ₹ ૧૩,૭૦૦/-. ઈ-બીડની ઓનલાઈન સુપ્રતિની છેલ્લી તારીખ અને સમયઃ ૧૯.૦૫.૨૦૨૫, ૧૪.૦૦ ક. સુધી અને ઈ-ટેન્ડરોની ખોલવાનીઃ ૧૯.૦૫.૨૦૨૫ના ૧૪.૩૦ ક. બીડસ ફોર્મ અને અન્ય વિગતો જેમકે સુધારા વેબસાઈટ **www.ireps.gov.in** પરથી મેળવી શકો છો. 0096

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

---

### PUBLIC NOTICE

We are investigating the title of **Mr. SACHIN VINOD SHAH,** of Mumbai in respect of the below mentioned premises.

The title to the said premises arises as under:-

(a) The said premises was originally allotted to one Shri Mohamed Hussain Jauhari, from the Industrial Credit and Investment Corporation of India Limited.

(b) In the year 2002, the said Mohamed Hussain Jauhari sold the said premises to Sachin Vinod Shah, Vinod Jamnadas Shah and Maya Vinod Shah, each having 1/3rd of divided share in the said premises.

(c) The said Maya Vinod shah and Vinod Jamnadas Shah, both died intestate, leaving Sachin Vinod Shah as their only legal heir and representative.

(d) The said Sachin Vinod Shah has obtained Letters of Administration to the properties and credits of his aforesaid deceased parents from the Hon'ble High Court at Bombay, making him as the sole and absolute Owner of the said premises.

Any Person having any claim or right on the same by way of inheritance, share, sale, mortgage, lease, licence, gift, possession, possession of original documents or otherwise is hereby required to intimate to the undersigned within ten (10) days from the date of publication of this notice of his such claim, if any, with all supporting documents failing which the claim, if any, of such person shall be treated as waived.

**SCHEDULE OF THE PREMISES**

Flat No. B-73/C, on 7th floor in the building known as **"Ocean Gold - "B"** of Ocean Gold Co-operative Housing Society Ltd. situated at Twin Tower Lane, Sub-Plot No. 4B (of original Plot No. 4), Final Plot No. 1216 of TPS of Bombay City IV Mahim Area, of C. S. No. 25 (Part) of Mahim Division, Off. Veer Savarkar Marg (formerly known as "Cadell Road"), Prabhadevi, Mumbai 400 025 alongwith shares issued by the Society.

Dated this 30th day of April, 2025.

**Sd/-**
M/s. Vimadalal & Co.
(S. N. Vimadalal)
Advocates & Solicitors
14, Hamam House,
3rd floor,
36, Ambalal Doshi Marg,
Fort, Mumbai 400 001

---

### પશ્ચિમ રેલવે

**મટેરિઅલ મેનેજમેન્ટ વિભાગ**

**વિવિધ મટેરિઅલનું સપ્લાય**

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નં. S/ ૨૪/૨૦૨૫ તારીખ ૨૫.૦૪.૨૦૨૫

| ક્ર નં. | આઈટમનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D. |
|---|---|---|---|
| ૨૦૦ | સ્લેક એડજસ્ટર સાથે ૨૦૩ mm એર બ્રેક સિલિન્ડર | ૫૩૦ નં. | ૨૨-૫-૨૫ |
| ૨૦૧ | AC ભેલ EMU રેક માટે ૨F૩૩A- ૪૦૦ ટ્રેકશન PWR મોડ્યૂલ | ૫ નં. | ૨૩-૫-૨૫ |
| ૨૦૨ | રૂફ માઉન્ટેડ એર કન્ડિશનીંગ | ૧૬૦ નં. | ૨૪-૫-૨૫ |
| ૨૦૩ | સ્ટેનલેસ સ્ટીલ ૩-સીટર/ ૨-સીટરની સપ્લાય અને ફીટમેન્ટ | ૫ સેટ | ૨૪-૫-૨૫ |
| ૨૦૪ | રિવિસેડ WSP ની રેટ્રોફીટમેન્ટની સપ્લાય, ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ | ૬૦૨ સેટ | ૨૪-૫-૨૫ |
| ૨૦૫ | ફ્લેક્સ બેલ કેબલ સંપૂર્ણ સેટ | ૬૫ નં. | ૩૦-૫-૨૫ |
| ૨૦૬ | ક્લાસ માટે નેરો જો એડપ્ટર | ૩૬૬૬ નં. | ૦૨-૬-૨૫ |

વિગતવાર નોટીસ બારડી, પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઈટ **www.ireps.gov.in** અને **wr.indianrailways.gov.in** ની મુલાકાત લો. 0094

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ X.com/WesternRly

---

### BRIHANMUMBAI MAHANAGARPALIKA

**મ્યુનિસિપલ આર્કિટેક વિભાગ**

૩જો માળ, એન્જિનિયરિંગ હબ, ડૉ. ઈ મોઝેસ રોડ, વરલી, મુંબઈ-૪૦૦૦૧૮.
ફોનઃ ૦૨૨-૨૪૯૫ ૭૮૦૨, ઈમેલઃ ma@mcgm.gov.in
ચી.એ./M.A./૨૩૦/I તાઃ ૨૯.૦૪.૨૦૨૫

**ટુંકી ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (B.M.) |
| પેટા-વિભાગ | મ્યુનિસિપલ આર્કિટેક વિભાગ |
| ટેન્ડર ID | ૨૦૨૫_MCGM_૧૧૭૪૯૨૨ |
| વિષય | બોરીવલી (૫), મુંબઈ ખાતે ગામ અકસરના C.T.S. નં. ૧૪૦૯, ૧૪૧૨, ૧૪૧૩ & ૧૪૧૪ અને ગામ મંડપેશ્વરના C.T.S. નં. ૨૪૫ ધરાવતી પ્લોટ પર હરિલાલ ભગવતી મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ ખાતે સૂચિત ફર્નિચર અને આંતરિક કામો. |
| ટેન્ડર-વેચાણ | ૩૦/૦૪/૨૦૨૫ સ. ૧૧.૦૦ ક.થી ૨૦/૦૫/૨૦૨૫ બ. ૦૩.૦૦ ક. સુધી. |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિઃ | S.E. (આર્કિટેક)/ Sr. આર્કિટેક (W.S.) |
| નામ | શ્રી. સુહાસ એમ. ખરે/ શ્રી. દિપક એન. બારસ્કર |
| ટેલિ. નંબર | ૭૭૧૮૯૬૨૦૧૨ / ૯૦૦૪૬૬૬૪૫૬ |
| ઈમેલ-id | ma@mcgm.gov.in |

સહી/-
(D. R. પાલકર)
મ્યુનિસિપલ આર્કિટેક્ટ

PRO/280/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

---

### પબ્લિક નોટિસ

અમારા અસીલો, ગોખલે રોડ (સાઉથ), પ્રભાદેવી, મુંબઈ-૨૫ ખાતે આવેલ માહિમ ડિવિજનની TPS IV ના ફાઈનલ પ્લોટ નં. ૧૦૪૩ ધરાવતી જમીન પર ઉપર દર્શાવેલ **રીયલ જેમ બીલ્ડટેક પ્રા. લિ.** દ્વારા બાંધકામ કરાઈ રહેલ હોઈ સદર ટાવરમાં ૩ કાર પાર્કિંગ જગ્યાઓ સાથે બિલ્ડિંગ **રૂસ્તમજી ક્રાઉન**ના ટાવર બી માં એકસઠમા માળે એપાર્ટમેન્ટ નં. ૬૧૦૨ ભરતમાં અંદાજે ૧૮૬.૪૧ ચો.મી. રેરા કારપેટ એરિયા તેની સાથે અંદાજે ૧૪.૦૮ ચો.મી.નો ફોયેર એરિયા કુલ મળી ૨૦૦.૪૯ ચો.મી.નો નેટ યુઝેબલ એરિયા તેની સાથે તેમાં અને તેમાંથી કોમન ઈન્ગ્રેસ અને એગ્રેસના હક્ક સહિત સદર પ્રોજેક્ટમાં કોમન એરિયાઝ ફેસીલીટીઝ અને સુવિધાઓમાં એન્જોયમેન્ટના અવિભાજીત પ્રોર્પોશનેટ હક્કો વેલ્યુએબલ કન્સીડરેશન માટે તમામ બોજાઓ અને દાવાઓથી મુક્તપણે **રીયલ જેમ બીલ્ડટેક પ્રા. લિ. (એક રૂસ્તમજી ગ્રુપ કંપની)** અને **ભીષ્મ રીયલ્ટી લિ.** પાસેથી ખરીદવા વાટાઘાટો ચલાવી રહ્યા છે અને સદરનું ટાઈટલ તપાસવા અને પ્રમાણિત કરવા અમોને સૂચના આપી છે.

કોઈપણ શખ્સ જે ઉપર દર્શાવેલ એપાર્ટમેન્ટ અને / કે કાર પાર્કિંગ હક્કો જે ઉપર ઉલ્લેખેલ છે કે અહીં ઉપર વર્ણવેલ મિલકતના કોઈપણ ભાગમાં વેચાણ, અદલાબદલી, ગીરો, ભેટ, ટ્રસ્ટ, વારસો, કબજો, ઇઝમેન્ટ, લીઝ, લીયન, એસાઈનમેન્ટ, નિભાવ કે બીજી કોઈ રીતે કોઈપણ હિસ્સો, હક્ક, ટાઇટલ, હિત, દાવો કે માંગણી ધરાવતા હોય કે દાવો કરતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમોને, તેના ટેકામાં દસ્તાવેજી પુરાવાની ફોટોકોપીઝ સાથે આ છપાયાના ૧૫ દિવસમાં વીન્ડસર ચેમ્બર્સ, ૧લો માળ, કાવસજી પટેલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૧ ખાતે કરે, જેના નિષ્ફળ જવા પર અમો માની લઈશું કે ત્યાં આવા કોઈપણ વ્યક્તિના સદર શેર્સ, ફલેટ અને કાર પાર્કિંગ હક્કોમાં કોઈપણ બાકી રહેલા દાવા કે માગણી નથી અને સદરમાં ટાઈટલ પ્રમાણિત કરવાની આગળની કાર્યવાહી કરાશે અને અમારા અસીલો તદ્અનુસાર ખરીદી પૂર્ણ કરવા આગળ વધશે અને કોઈપણના કોઈપણ દાવા, હક્ક, ટાઈટલ અને હિત કે માંગણી જેની ઉપર જણાવ્યા મુજબ અમોને જાણ કરાયેલ નથી તે ત્યજી દીધેલ, છોડી દીધેલ અને જતા કરેલ ગણાશે.

આજ તા. ૩૦મી એપ્રિલ, ૨૦૨૫

સહી/-
**નારાયણન & નારાયણન**
એડવોકેટ્સ & સોલીસીટર્સ

---

### BRIHANMUMBAI MAHANAGARPALIKA

**સ્યૂરેજ ઓપરેશન ડીપાર્ટમેન્ટ**

E. E. મિકે. (Sew) શહેર - II /૨૬૨/LGP /તા. ૨૮/૪/૨૫

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકાના કમિશ્નર નીચે દર્શાવેલ મુજબના કામો માટે ઈ-ટેન્ડર્સ મંગાવે છેઃ

| અ. ક્ર. | કામનું વર્ણન | રૂ.માં બારડી | ટેન્ડર ID | પાકતી તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ક્લીવલેન્ડ બંદર પમ્પિંગ સ્ટેશન ખાતે ડિલિવરી લાઈનો માટે કોલેપ્સિબલ જોઇન્ટની ફેબ્રિકેશન, સપ્લાય અને ઇન્સ્ટોલેશન તથા ડિસ્ટન્સ પીસનું બદલી. | રૂા. ૨૨,૦૦૦/- | ૨૦૨૫_MCGM_૧૧૭૪૬૭૩_૧ | ૦૫.૦૫.૨૦૨૫ |
| ૨ | સ્ટાફ ક્વાર્ટર્સ, વરલી ખાતે પ્રોટેક્ટિવ સિસ્ટમમાં વધારો. | રૂા. ૧૨,૦૦૦/- | ૨૦૨૫_MCGM_૧૧૭૪૬૯૩_૧ | ૦૫.૦૫.૨૦૨૫ |

વધુ વિગતો માટે લોગ ઓન કરોઃ https://mahatenders.gov.in/nicgep/app વેબસાઈટ.

સહી/-
શ્રી P. A. સલગાંવકર
E.E. મીકે. (સ્યૂ.) શહેર-II

PRO/257/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

---

### પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

**વિવિધ એન્જીનીયરીંગ કામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. DRM-BRC 036 TO 038 OF 2025-26**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (WA/c.) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ 00૪ દ્વારા નીચે જણાવેલ કામ માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે.

| અનું. નં. | ટેન્ડર નં. અને કામનું નામ | કામની અંદાજીત પડતર (₹ માં) | જમા કરાવવાની બીડ સિક્યુરીટી (₹) |
|---|---|---|---|
| ૦૧ | **DRM BRC 036 of 2025-26.** CTD-ARPR સેક્શન પર RUB ૬૨ પાસે પગપાળા ક્રોસિંગ માટે સબવેની જોગવાઈ. (પુનઃઆમંત્રિત) (R-૧) | ૨,૦૫,૮૧,૨૯૧.૦૭ | ૨,૫૨,૯૦૦.૦૦ |
| ૦૨ | **DRM BRC 037 of 2025-26.** ગુમાનદેવઃ- ગુડ્ઝ પ્લેટફોર્મ સપાટીની સુધારણા. | ૮,૦૦,૭૧,૧૮૧.૬૩ | ૫,૫૦,૪૦૦.૦૦ |
| ૦૩ | **DRM BRC 038 of 2025-26.** સિનિ. DEN દક્ષિણ BRC ના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ ટ્રેક રિન્યુઅલ કામ માટે કોન્ટ્રાક્ટરના પોતાના વેલ્ડર, વેલ્ડીંગ સામગ્રી, મજૂરી વગેરે સહિત ઇન સીટુ 60Kg UTS અને R-260 રેલ જોઈન્ટ્સની આપૂર્તિ અને અમલ કરવાનું કામ. | ૩,૭૨,૩૩,૯૧૧.૭૨ | ૩,૩૬,૨૦૦.૦૦ |

**ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** તા.૧૯-૦૫-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક સુધી ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશેઃ** વેબસાઈટ www.ireps.gov.in ડિવીઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૪. BRC-018

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

---

### BRIHANMUMBAI MAHANAGARPALIKA

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (રોડ્સ) પશ્ચિમી ઉપનગરની ઓફિસ, ૨જો માળ, A વિંગ, સંસ્કૃતિ કોમ્પ્લેક્સ MCGM ગોડાઉન બિલ્ડિંગ, ૯૦ ફૂટ D.P. રોડ, મુંબઈ- ૪૦૦૧૦૧.

નં. ડે. ચી. એ./૧૫૭૯/રોડ્સ/W.S. તારીખ ૨૯.૦૪.૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નંબર (બીડ દસ્તાવેજ નંબર) | 1) AW-303 : 2025 _MCGM_1174785_1<br>2) AW-304 : 2025 _MCGM_1174789_1<br>3) AW-305 : 2025 _MCGM_1174793_1<br>4) AW-306 : 2025 _MCGM_1174795_1<br>5) AW-307 : 2025 _MCGM_1174796_1<br>6) AW-308 : 2025 _MCGM_1174799_1 |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મહાનગરપાલિકા |
| વિષય | ૧) **AW-303:** પશ્ચિમી પરાંઓમાં ઝોન-IIIમાં એચ/ઈસ્ટ, એચ/વેસ્ટ અને કે/ઈસ્ટ વોર્ડસમાં વોર્ડ લેવલ ખાતે ૯ મીટર કરતાં ઓછી પહોળાઈ (૯ મીટર કરતાં ઓછી પહોળાઈ ધરાવનાર રસ્તાઓ સહિત) ધરાવનાર વિવિધ રસ્તાઓ પર ચોમાસા પહેલા, ચોમાસા દરમિયાન અને પછી માસ્ટીક આસ્ફાલ્ટનો ઉપયોગ કરીને પોટહોલ (ખાડા) / ખરાબ પેચીસ હાથ ધરવા. ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) રૂા. ૪,૦૯,૦૦,૦૦૦/- બીડ સુરક્ષા ડીપોજીટ / બારડી રૂા. ૪,૦૯,૦૦૦/-<br>૨) **AW-304:** પશ્ચિમી પરાંઓમાં ઝોન-IVમાં કે/વેસ્ટ, પી/સાઉથ અને પી/નોર્થ વોર્ડસમાં વોર્ડ લેવલ ખાતે ૯ મીટર કરતાં ઓછી પહોળાઈ (૯ મીટર કરતાં ઓછી પહોળાઈ ધરાવનાર રસ્તાઓ સહિત) ધરાવનાર વિવિધ રસ્તાઓ પર ચોમાસા પહેલા, ચોમાસા દરમિયાન અને પછી માસ્ટીક આસ્ફાલ્ટનો ઉપયોગ કરીને પોટહોલ (ખાડા) / ખરાબ પેચીસ હાથ ધરવા. ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) રૂા. ૫,૨૯,૦૦,૦૦૦/- બીડ સુરક્ષા ડીપોજીટ / બારડી રૂા. ૫,૨૯,૦૦૦/-<br>૩) **AW-305:** પશ્ચિમી પરાંઓમાં ઝોન-VIIમાં આર/સાઉથ, આર/સેન્ટ્રલ અને આર/નોર્થ વોર્ડસમાં વોર્ડ લેવલ ખાતે ૯ મીટર કરતાં ઓછી પહોળાઈ (૯ મીટર કરતાં ઓછી પહોળાઈ ધરાવનાર રસ્તાઓ સહિત) ધરાવનાર વિવિધ રસ્તાઓ પર ચોમાસા પહેલા, ચોમાસા દરમિયાન અને પછી માસ્ટીક આસ્ફાલ્ટનો ઉપયોગ કરીને પોટહોલ (ખાડા) / ખરાબ પેચીસ હાથ ધરવા. ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) રૂા. ૪,૧૦,૦૦,૦૦૦/- બીડ સુરક્ષા ડીપોજીટ / બારડી રૂા. ૪,૧૦,૦૦૦/-<br>૪) **AW-306:** પશ્ચિમી પરાંઓમાં ઝોન-IIIમાં એચ/ઈસ્ટ, એચ/વેસ્ટ અને કે/ઈસ્ટ વોર્ડસમાં વોર્ડ લેવલ ખાતે ૯ મીટર કરતાં ઓછી પહોળાઈ (૯ મીટર કરતાં ઓછી પહોળાઈ ધરાવનાર રસ્તાઓ સહિત) ધરાવનાર વિવિધ રસ્તાઓ પર ચોમાસા પહેલા, ચોમાસા દરમિયાન અને પછી માસ્ટીક આસ્ફાલ્ટનો ઉપયોગ કરીને પોટહોલ (ખાડા) / ખરાબ પેચીસ હાથ ધરવા. ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) રૂા. ૬,૩૮,૦૦,૦૦૦/- બીડ સુરક્ષા ડીપોજીટ / બારડી રૂા. ૬,૩૮,૦૦૦/-<br>૫) **AW-307:** પશ્ચિમી પરાંઓમાં ઝોન-IVમાં કે/વેસ્ટ, પી/સાઉથ અને પી/નોર્થ વોર્ડસમાં વોર્ડ લેવલ ખાતે ૯ મીટર કરતાં ઓછી પહોળાઈ (૯ મીટર કરતાં ઓછી પહોળાઈ ધરાવનાર રસ્તાઓ સહિત) ધરાવનાર વિવિધ રસ્તાઓ પર ચોમાસા પહેલા, ચોમાસા દરમિયાન અને પછી માસ્ટીક આસ્ફાલ્ટનો ઉપયોગ કરીને પોટહોલ (ખાડા) / ખરાબ પેચીસ હાથ ધરવા. ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) રૂા. ૮,૨૫,૦૦,૦૦૦/- બીડ સુરક્ષા ડીપોજીટ / બારડી રૂા. ૮,૨૫,૦૦૦/-<br>૬) **AW-308:** પશ્ચિમી પરાંઓમાં ઝોન-VIIમાં આર/સાઉથ, આર/સેન્ટ્રલ અને આર/નોર્થ વોર્ડસમાં વોર્ડ લેવલ ખાતે ૯ મીટર કરતાં ઓછી પહોળાઈ (૯ મીટર કરતાં ઓછી પહોળાઈ ધરાવનાર રસ્તાઓ સહિત) ધરાવનાર વિવિધ રસ્તાઓ પર ચોમાસા પહેલા, ચોમાસા દરમિયાન અને પછી માસ્ટીક આસ્ફાલ્ટનો ઉપયોગ કરીને પોટહોલ (ખાડા) / ખરાબ પેચીસ હાથ ધરવા. ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) રૂા. ૬,૩૭,૦૦,૦૦૦/- બીડ સુરક્ષા ડીપોજીટ / બારડી રૂા. ૬,૩૭,૦૦૦/- |
| બીડ દીઠ ટેન્ડર ફી | રૂા. ૧૮,૧૫૦/- + GST લાગુ પડતો |
| મહાટેન્ડર પોર્ટલ | http://mahatenders.gov.in |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૩૦.૦૪.૨૦૨૫ (બુધવાર) ૧૧.૦૦ ક. થી |
| ટેન્ડરની વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૦૮.૦૫.૨૦૨૫ (ગુરુવાર) ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૦૮.૦૫.૨૦૨૫ (ગુરુવાર) ૧૬.૦૦ ક.સુધી |
| પ્રી-બીડ મિટિંગ | NA |
| પેકેટ A ખૂલશે | ૦૯.૦૫.૨૦૨૫ (શુક્રવાર) ૧૬.૧૦ કલાક પછી |
| પેકેટ B ખૂલશે | ૦૯.૦૫.૨૦૨૫ (શુક્રવાર) ૧૬.૨૦ કલાક પછી |
| સંચાર માટેનું સરનામું | ડેપ્યુટી ચીફ એન્જિનિયર (રોડ્સ) W.S.ની ઓફિસ, ૨જો અને ૩જો માળ, A વિંગ, મ્યુનિસિપલ ગોડાઉન બિલ્ડિંગ, ૯૦ ફીટ રોડ, સંસ્કૃતિ કોમ્પ્લેક્ષ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૧૦૧. (ઈમેલ ID dychews01.roads@mcgm.gov.in ટેલીફોન નં. (૦૨૨-૨૦૮૯૦૫૫૩) |
| બીડ ખોલવા માટેનું સ્થળ | ડે.ચી.એન્જિ. (રોડ્સ) W.S.ની ઓફિસ. |

બિડરોએ નીચેની બાબતોની નોંધ લેવા વિનંતી કરવામાં આવે છેઃ

૧. આ ત્રણ (૩) પેકેટ ટેન્ડર છે. પેકેટ 'A' અને 'B'ને ટેકનિકલ બિડ તરીકે ગણવામાં આવશે અને પેકેટ 'C'ને ફાઈનાન્સિયલ બિડ તરીકે ગણવામાં આવશે.

૨. ઓનલાઈન પ્રક્રિયામાં બિડર દ્વારા ડેટા અપલોડ કરતી વખતે કોઈપણ મુશ્કેલીઓનો સામનો કરવો પડે તો, બિડર નીચેના ઈમેલ ID અને ટેલિફોન નંબર પર સંપર્ક કરી શકે છે.

IT હેલ્પ ડેસ્ક નં. ૦૨૨-૨૪૮૧૧૨૭૫/૨૯૦
ઈ-મેલ id-**mahatenders.it@mcgm.gov.in**
**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.**

ઈ-ટેન્ડર મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) (http://mahatenders.gov.in) પર ઉપલબ્ધ છે.

BMC કોઈ પણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ કે તમામ અરજી નકારવા અથવા કોઈપણ અરજી સ્વીકારવાનો હક્ક અનામત રાખે છે.

સહી/-
(શ્રી સંજય બોર્સે)
ડે.ચી.એ. (રોડ્સ) W.S.

PRO/284/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

## ૪. ધાર્મીક સંબંધી

સમસ્ત જૈન સંઘ અંતર્ગત
**શ્રી શંખેશ્વર મહાતીર્થ મધ્યે**
**અમુલ્ય મહાલાભ મેળવવાની સોનેરી તક**
52 જિનાલયમાં પ્રભુજી ભરાવવા-પ્રતિષ્ઠા અને કાયમી ધજાના આદેશો નકરાથી આપવાના છે.
વાત્સલ્યધામ
73834 67711, 73834 67722
73834 67733, 72839 91199
(બી-૧૫૮૮૪)

## ૯. લગ્ન સંબંધી

■ સુંદર કન્યા - ઉંમર 27 ઊંચાઈ 5'.3" શિક્ષણ 12મી સ્ટેશનરીની દુકાનમાં કરે છે પગાર - 15,000/- કન્યાના માતા પિતા નથી, કાકા-કાકી સાથે રહે છે નિર્વ્યસની, મહેનતી છોકરો જોઈએ, જાતિ-બાધ નથી (તરત લગ્ન) 8446389460. (દહેજ નહીં). (બી-૧૫૯૧૧)

**50થી ઉપરની**
વયની મહિલાઓ જામનગરના વેલસેટ ઉદ્યોગપતિ જોડે જીવનસાથી માટે સંપર્ક. ''બસેરા'' - 8591902845. (દહેજ નહીં). (બી-૧૫૯૧૫)

**JAIN GIRL:**
November 79, Educated, MNC Working, 5.5 Height, Fair, Slim. Gujarati Boys can Contact 9323268284. (No Dowry) (15860/A)

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૫૭૫૭)

**ગાદીવાલા ચપ્પલ**
પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટ્સ અને લેડીજ માટે બોરીવલી પશ્ચિમ 9869669633. (એસડીબી-૨૫૬૯)

■ જામનગરવાળા Sutaria's નવા મસાલા-અથાણા ઓર્ડર બુકીંગ માટે 8200644970/ 9426239355. (બી-૧૫૭૭૨)

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૮૨૮-સી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**કાર ભાડેથી મળશે**
**નવી જ ક્રિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૮૧૭)**

**શ્રી યમુના**
ગંગોત્રી - યમનોત્રી - કેદારનાથ - બદ્રીનાથ - વૈષ્ણવદેવી- કાશ્મીર - વ્રજયાત્રા - મહારાષ્ટ્રના જ્યોતિર્લિંગ - હૈદરાબાદ. 9892377559. (૧૫૩૪૩-ડી)

PLAN YOUR HOLIDAY AT Shimla, Kullu, Manali get best rates with Suburbz Vacations Call 7218449146. (B-15838)

## ૧૪. નોકરી ખાલી છે

**મુલુંડ અને ઘાટકોપર**
માટે પાર્ટ-ટાઈમ અથવા ફુલ-ટાઈમ બેસિક કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે. સંપર્ક - 9322565600. (જેપી/૪૯૮૪-ઈ)

**રે રોડ - ઓફિસ બોય**
**પ્રખ્યાત પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં હોંશિયાર, વિશ્વાસુ, સાયકલ ચલાવનાર ઓફિસ પ્યુનની જરૂર છે. યોગ્ય અને સારો પગાર અનુભવ પ્રમાણે મળશે. email:alloysteel3@gmail.com CALL: 7021734143. (એસડીબી-૨૫૭૯)**

